वर्ष : 11 ◆ अंक : 5
સપ્ટેમ્બર–ઑક્ટોબર 2021
સળંગ અંક : 65

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

શિક્ષણના મુખ્ય બે ઉદ્દેશ છે : (૧) વિદ્યાર્થીનું ચારિત્ર્ય નિર્માણ અને (૨) વિવિધ વિષયોનું માહિતીજ્ઞાન. આ બંનેની ઉપયોગિતા નિર્વિવાદ છે, પરંતુ પરિસ્થિતિ આજે વિષમ છે. ચારિત્ર્ય અને માહિતીજ્ઞાન વચ્ચે આજે બિલકુલ સુમેળ નથી. બંનેએ છૂટાછેડા લઈ લીધા છે. જ્યાં સુધી સુમેળ નહીં સધાય ત્યાં સુધી ભ્રષ્ટાચાર દૂર થાય કે સુખી સંવાદીસમાજની સ્થાપનાની આશા રાખવીએ બાવળ પર કેરી પાકવાની ઇચ્છા રાખવા જેવું છે. શિક્ષણનો ન્યાય-નીતિ-માનવતા-સહૃદયતા-કરુણા સાથે અનુબંધ થાય; ઉપરાંત આત્મદીપ પ્રગટે તો ભ્રષ્ટાચાર દૂર થાય, બાકી ચારિત્ર્ય-ઘડતરની ગોળીઓ શાળાઓ કે દુકાનમાં મળતી નથી.

**– તુલસીભાઈ પટેલ**

*

વિષય-પ્રભુત્વના અભાવે વર્ગમાં સમયસર ન જતાં શિક્ષકો, તેજસ્વી વિદ્યાર્થીને ખોટી બાબતે દબડાવતા શિક્ષકો, વર્ગમાં આત્મકથાના ટુકડા વેરતા શિક્ષકો, ખરેખર શિક્ષક તો નથી જ ! જે શીખવવાનું છે તે ટીચિંગ કન્ટેન્ટ અંગે પૂરતી તૈયારી કર્યા વિના વર્ગમાં પ્રવેશ થાય જ કેમ ? અને જે શીખવવાનું છે તેટલું જ, તે તાસ પૂરતું જ જાણતો શિક્ષક એ પૂઅર ટીચર-દરિદ્ર-શિક્ષક છે. ને વર્ગમાં વિદ્યાર્થી પર આધારિત રહેવાનું થાય એ કેવું ? ચારિત્ર્યવાન શિક્ષકને માનસિક ધાર માટે કૉલેજ-યુનિવર્સિટીના પુસ્તકાલયથી સંતોષ થતો હોતો નથી. એ પોતાને ઘેર પણ અંગત લાઇબ્રેરી વિકસાવતો રહે છે – તેને અપડેટ કરતો રહે છે. ટીચિંગ કન્ટેન્ટમાં નબળા શિક્ષકો તેજસ્વી વિદ્યાર્થીઓને જ નહિ પણ ઠોઠ નિશાળિયાઓને પણ હીરો નહિ જીરો લાગવાના !

**– ઈશ્વર પરમાર**

*

લોકશાહીમાં જાગ્રત નાગરિકોના ઘડતર માટે સાર્વત્રિક કેળવણીનું મહત્ત્વ વધી જાય છે, પરંતુ માત્ર ચીલાચાલુ પુસ્તકિયા જ્ઞાન આપતા શિક્ષણને બદલે તમામ સ્તરે ઉચ્ચ કક્ષાની, ઉદારમતવાદી, મૌલિક ચિંતનને પ્રોત્સાહન આપતી અને નીતિમત્તાને પ્રાધાન્ય આપતી કેળવણી ઉપર વધુ ધ્યાન આપવું જરૂરી છે. અને ખાસ તો હાલના પરીક્ષાલક્ષી અને માત્ર ગોખણપટ્ટી ઉપર ભાર મૂકતા ચીલાચાલુ શિક્ષણમાં ક્રાંતિકારી પરિવર્તનો આણવાં આવશ્યક છે. આપણી રાષ્ટ્રિય અસ્મિતા કાજે આપણા ભૂતકાળની ભવ્ય સિદ્ધિઓ આપણે વિસારે ના પાડીએ અને તેનાં સારાં અને ઉપયોગી લક્ષણોને ત્યજીએ પણ નહીં, પરંતુ સાથે સાથે આપણા ઋગ્વેદની **'આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ'** સલાહ પ્રમાણે પશ્ચિમમાં વિકસેલ આધુનિક વિજ્ઞાન અને તાર્કિક વિચારસરણીને તથા ઉદારમતવાદી સંસ્કૃતિને પણ અપનાવીએ તે પણ એટલું જ જરૂરી છે.

**– પ્રવીણ જ. પટેલ**



## મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર
## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું ગૌરવ

UPSC દ્વારા IAS – ભારતીય સનદી સેવા માટે લેવામાં આવેલી 'UPSC Civil Services Examination-2020'નું પરિણામ તાજેતરમાં જાહેર થયું, જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની અંગભૂત સંસ્થા મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરના વિદ્યાર્થી શ્રી સંજયકુમાર એસ. કેશવાલાએ આ પરીક્ષા AIR-368 ક્રમાંકે પાસ કરતાં **સંભવત : IAS અથવા IPS કેડર મળશે.** ઉલ્લેખનીય છે કે આ પરીક્ષામાં સમગ્ર ભારતમાંથી ફક્ત 761 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. આ પૂર્વે મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરના વિદ્યાર્થીઓ પૈકી IAS-2, IPS-1 અને Allied Services – 11 તથા GPSC Class I & II – 55 વિદ્યાર્થીઓએ USPSC / GPSCની પરીક્ષા પાસ કરતાં ભારત સરકાર / ગુજરાત સરકારની સેવાઓમાં જોડાયા છે.



**શ્રી સંજયકુમાર એસ. કેશવાલા**

જન્મ તારીખ : 14 જૂન, 1989. વતન : પોરબંદર

મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરમાં વર્ષ ૨018થી જોડાયા.

**AIR-368 (UPSC CSE-2020)**

| | | |
|---|---|---|
| શિક્ષણ | : | ધોરણ 1 થી 10 સુધી તિરુપતિ હાઈસ્કૂલ, માંગરોળ, |
| ધોરણ | : | 11-12 વિવેકાનંદ હાયર સેકન્ડરી સ્કૂલ, જુનાગઢ |
| કૉલેજ | : | બી. ઈ., એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ<br>એમ. ટેક્. DAIICT, ગાંધીનગર, 2011-13 |
| કાર્યાનુભવ | : | આસિસ્ટન્ટ પ્રોફેસર, સાબર એન્જિનિયરિંગ કૉલેજ;<br>2013-15 પ્રોબેશનરી ઑફસર, સ્ટેટ બૅન્ક ઑફ ઇંડિયા; 2015-16 સેકસન ઑફિસર, ગુજરાત વિધાનસભા; 2018-19 ડેપ્યુટી કલેક્ટર (GAS), નવેમ્બર 2019થી ચાલુ |

આ ઉપલબ્ધિ માટે **શ્રી સંજય કેશવાલા** અને આ સાથે સેન્ટરના ડાયરેક્ટર **શ્રી સચિન સોની**ને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર હાર્દિક અભિનંદન પાઠવતાં ગર્વની લાગણી અનુભવે છે.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત


**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૧, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર ૨૦૨૧; સળંગ અંક : ૬૫

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**


## અનુક્રમ


● સંપાદકીય : શિક્ષકદિન : શિક્ષણચિંતનનું પર્વ મણિભાઈ પ્રજાપતિ ૧

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર : ઇતિહાસની અટારીએથી આદ્રજમાં એક દિવસ — છગનલાલ પી. પટેલ ૭

૨. અને શ્રી સુન્દરમ્ આવ્યા... — મનુભાઈ પટેલ ૮

૩. આઇ'મ અ ટીચર! — ઈશ્વર પરમાર ૧૦

૪. ડિગ્રીધારીઓ દ્વારા ભ્રષ્ટાચાર : કારણ અને નિવારણ — તુલસીભાઈ પટેલ ૧૬

૫. નીટ સામે તામિલનાડુનો વિરોધ — રમેશ બી. શાહ ૧૮

૬. વિશ્વસાહિત્યની અટારીએથી : વિક્ટર હ્યુગો — ડૉ. મનીષ વ્યાસ ૧૯

૭. જગદીશચંદ્ર બોઝની પેટન્ટ અને સારા ચેપમાન બુલ — ડૉ. કિશોર પંડ્યા ૨૩

૮. સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાઓ — શરદભાઈ પી. શાહ ૨૭

૯. ભ્રમણકક્ષામાં ફરતા પદાર્થની આપેલા સમયે જગ્યા શોધવી — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૩૦

૧૦. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૯
– અલગારી રખડપટ્ટી (રંગધનુષી નિબંધો) / મોતીભાઈ મ પટેલ
– વિશ્વ આધુનિક કેવી રીતે બન્યું ?/ પ્રવીણ જ. પટેલ

૧૧. સંસ્થા સમાચાર ૪૪
– યુનિવર્સિટી / કૉલેજ વિભાગ
– શાળા વિભાગ



**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬


## સંપાદકીય

### શિક્ષકદિન : શિક્ષણચિંતનનું પર્વ

આપણા સદ્ગત રાષ્ટ્રપતિ, વિશ્વવિખ્યાત તત્ત્વચિંતક અને મહાન શિક્ષક ડૉ. એસ રાધાકૃષ્ણન (૧૮૮૮–૧૯૭૫)ના જન્મદિન ૫ સપ્ટેમ્બરને સમગ્ર દેશમાં શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે પરંપરાનુસાર રાષ્ટ્રીય અને રાજ્યસ્તરે પસંદગીના શિક્ષકોને પ્રશસ્તિપત્ર, સ્મૃતિચિહ્ન અને રોકડ પુરસ્કાર એનાયત કરીને સન્માનિત કરવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ સ્તરની શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષકો (કૉલેજો/ યુનિવર્સિટીઓના અધ્યાપકો, આચાર્યો વગેરે સહિત)નું ગૌરવગાન વિવિધ પ્રવૃત્તિઓના આયોજન થકી કરીને 'ઇતિ સિદ્ધમ્' માનવામાં આવે છે.

આપણી સંસ્કૃતિમાં પણ ગુરુને સૃષ્ટિના સર્જન–પાલન–વિસર્જન કરતા બ્રહ્મા–વિષ્ણુ– મહેશ સમકક્ષ સ્થાન આપવામાં આવ્યું છે. આપણા આર્ષગ્રંથો, ધાર્મિક ગ્રંથો અને લૌકિક સાહિત્યમાં પણ ગુરુજનોનો ભારે મોટો મહિમા ગાવામાં આવ્યો છે. શિક્ષણ અને સંસ્કાર–સિંચનનો આધાર શિક્ષકો છે. કહેવાયું છે કે 'ગુરુ બિન જ્ઞાન નાહિ' અને આ સાથે જ આર્ષગ્રંથ 'શ્રીમદ્ભગવદ્ગીતા'માં જ્ઞાનનો મહિમા કરતાં કહ્યું છે કે **'न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते'** (૪. ૩૮) કોઈ પણ વ્યકિત, સમાજ અને રાષ્ટ્રના ઘડતર અને ચણતર માટે શિક્ષણ જ આધારશિલા છે. વિકસિત દેશોના બૌદ્ધિક, વૈજ્ઞાનિક, ઔદ્યોગિક, આર્થિક, વગેરે સંબંધી અસાધારણ વિકાસ થવા પાછળ જે તે દેશોનાં શિક્ષણસંસ્થાઓ અને સમૃદ્ધ ગ્રંથાલયોનું પ્રદાન તેના પાયામાં રહ્યું છે. આ એક સ્વીકૃત સત્ય છે. આપણા દેશ અને રાજ્યમાં વૈવિધ્યસભર શિક્ષણસંસ્થાઓ કાર્યરત છે. આ પૈકી

આઈઆઈએમ, આઈઆઈટી, એઈમ્સ, જેએનયુ વગેરે જેવી સંસ્થાઓ રાષ્ટ્રનું ગૌરવ છે, પરંતુ આવી સંસ્થાઓ કેટલી ?

ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત અને સંચાલિત, અનુદાનિત અને રાજ્ય સરકારની અનુમતિ મેળવીને સ્વવિત્ત ધોરણે શરૂ કરવામાં આવેલી પ્રાથમિકથી યુનિવર્સિટી સ્તર સુધીની ઘણી શિક્ષણસંસ્થાઓ કાર્યરત છે. આ પૈકી શિક્ષણ અને સમાજસેવાને વરેલાં જાહેર ટ્રસ્ટો દ્વારા પણ રાજ્ય સરકારનું અનુદાન મેળવીને કે અનુદાન મેળવ્યા વગર સ્વવિત્ત ધોરણે શિક્ષણ સંસ્થાઓનું સંચાલન કરવામાં આવે છે. આ બધી શિક્ષણ સંસ્થાઓ તથા રાજ્ય સરકારના સીધા નિયંત્રણ હેઠળ સંચાલિત કે અનુદાનિત સંસ્થાઓ પૈકીની કેટલીક શિક્ષણસંસ્થાઓ ગુજરાતનું ગૌરવ છે. ગુજરાતમાં કાર્યરત વિવિધ સ્તરની શિક્ષણસંસ્થાઓ વિશે વિચાર કરતાં મનમાં સહજ પ્રશ્ન ઉદ્ભવ્યો કે આપણા ત્યાં ધનતેરસ/દીપોત્સવી પર્વમાં ધનપૂજન કરવાની સાથે વ્યાપાર/ધંધાનું સરવૈયું કાઢવાની પ્રથા પ્રચલનમાં છે, જ્યારે જૈન સમાજમાં જ્ઞાનપંચમી (કારતુક સુદ પાંચમ)એ જ્ઞાનભંડારો/જ્ઞાનની–વિદ્યાની દેવી સરસ્વતીની પૂજા–અર્ચના કરવાની પ્રથા છે, જે સ્તુત્ય છે.

આ ઉમદા પ્રથામાંથી બોધપાઠ લઈને 'શિક્ષકદિન'ની પરંપરાગત ઉજવણી કરવા ઉપરાંત શાળા–કૉલેજ–યુનિવર્સિટીના શિક્ષકો (આચાર્યો સહિત), વાલીઓ અને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ (મંત્રીશ્રી અને ઉચ્ચ અધિકારીશ્રીઓ) દ્વારા પણ પોતપોતાના ઉત્તરદાયિત્વના નિર્વાહ સંદર્ભે આત્મચિંતન કરીને ઊણપોની પૂર્તિ કે દૃષ્ટિપૂત નવપ્રસ્થાનકારક કાર્યો હેતુ કૃતસંકલ્પ બનીને પ્રયાસ કરવામાં આવે તો ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ભારે મોટી ગુણાત્મક ક્રાન્તિ થાય, પરિણામે ખરા અર્થમાં **'આપણું ગુજરાત આગવું ગુજરાત'** બની રહે. ચાલો, સંબંધિત stake holder એ શું ચિંતન કરવું જોઈએ તે વિશે આપણે વિચારણા કરીએ :

**શિક્ષકો**એ વર્ષ દરમ્યાન સંપન્ન કરેલાં અધ્યયન–અધ્યાપન–સંશોધન–પ્રકાશન સંદર્ભેની કામગીરીનાં લેખાં-જોખાં લઈને નવા વર્ષમાં ઊર્જાવાન શિક્ષકત્વ હેતુ વાંચનપ્રીતિ વધારવાની સાથે જ અંગત ગ્રંથાલયને સમૃદ્ધ કરવું, અધ્યાપનમાં નવીનીકરણ, આવશ્યક હોય તેવા કિસ્સાઓમાં પ્રતિવર્ષ અદ્યતન અને તાજગીપૂર્ણ નોટ તૈયાર કરવી અને યથાસંભવ નોટ ઉતરાવવાની પ્રથાના સ્થાને વિદ્યાર્થીઓને ગ્રંથાલય અભિપ્રેત કરવા, પાઠ્યપુસ્તકોના વિકલ્પે ગાઇડથી કામ ચલાવવા ટેવાયેલા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક વાંચતા કરવા, સંબંધિત વિષયના અદ્યતન પ્રવાહોની જાણકારી માટે આંતરરાષ્ટ્રીય ભાષા–અંગ્રેજીના જ્ઞાનનો મહાવરો પોતે વધારવો તેમજ વિદ્યાર્થીઓને તેમ કરવા અભિપ્રેત કરવા વગેરે સંદર્ભે ગંભીરતાથી ચિંતન કરવું આવશ્યક બની રહે છે. ભારતીય ભાષા–સાહિત્યના અધ્યાપકો માટે પણ સાહિત્યનાં સ્વરૂપો, વિવેચનની લઢણો, સાહિત્યના પ્રવાહો, ભાષાવિજ્ઞાન વગેરે વિશેની વિશદ સમજણ માટે અંગ્રેજી ભાષાનું ઓછામાં ઓછું working knowledge અનિવાર્ય બની રહે છે. આ સાથે જ પીએચ. ડી. ડિગ્રી હેતુના સંશોધનોનું સ્તર અને રીતિ–નીતિ ભારે ચિંતા કારક બની રહ્યાં છે. શાળા/કૉલેજ પરિવારે વર્ગ ખંડોમાં વિદ્યાર્થીઓની ઘટતી જતી હાજરી વિશે તેમજ પ્રાચીન સમયમાં ગુરુજનોનો સમાજજીવનમાં જે મોભો અને માન–સન્માન હતાં તે દિનપ્રતિ કેમ ઓસરી રહ્યાં છે તે વિશે પણ સહચિંતન કરવું જરૂરી છે. પ્રત્યેક શિક્ષકે વર્ગમાં પ્રવેશતાં પૂર્વે **ઉમાશંકર જોશી**ના શબ્દો : ''વર્ગમાં વિદ્યાપ્રીતિના તાર ઝણઝણી ઊઠે એ કીમિયો કરવાનો હોય છે. પારાવાર શકયતાથી ભરેલાં વ્યક્તિત્વોની સામે પોતે ઊભો છે એ ભાનથી નમ્ર અને ઉદ્યત બનીને શિક્ષક પોતાનું ઉત્તમ સ્વરૂપ વર્ગ આગળ ધરે છે. પોતે 'લેસન' કર્યા વગર વર્ગમાં કદી પગ મૂકતો નથી, આ જ વસ્તુ ગયે વર્ષે ભણાવેલી આજે એને થાય છે : અરેરે, ગયે વખતે મેં શું ભણાવી નાખ્યું ? આ વાત તો હજી આજે અત્યારે ઊગી'' (વર્ગ એ સ્વર્ગ. *કેળવણીનો કીમિયો* ૨૦૧૧ પૃ ૧૧–૧૨) હૈયામાં સતત તાજા જ રાખવા જોઈએ

શિક્ષકોના સમોવડિયા **ગ્રંથપાલોએ** જ્ઞાનસમૃદ્ધ અને વાચનસમૃદ્ધ બની રહીને અદ્યતન ગ્રંથાલય ટેક્નોલૉજીનો ગ્રંથાલયમાં વિનિયોગ કરવા માટે સજ્જતા કેળવીને પોતાના ઉપભોકતા એવા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ઉચિત સમયમાં સક્ષમ સેવાઓ પૂરી પાડવા તેમજ ગ્રંથાલય અભિપ્રેત કરવા માટે સંકલ્પબદ્ધ બનવું પડશે. સરકાર દ્વારા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ગ્રંથપાલોની ભરતી ન કરીને ગ્રંથપાલો પ્રતિ ભારે ઉપેક્ષા સેવવામાં આવી રહી છે. ત્યારે ગ્રંથપાલ અને ગ્રંથાલય જે તે શિક્ષણ સંસ્થાનું અનિવાર્ય અંગ છે તે કાર્યરત ગ્રંથપાલોએ પોતાની કર્મઠ, સંવેદનશીલ અને દૂરંદેશિતાશીલ સેવાઓ થકી પોતાની આગવી ઓળખ અને અનિવાર્ય ઉપસ્થિતિ પ્રસ્થાપિત કરવી જરૂરી બની રહી છે. આગવું અસ્તિત્વ ટકાવી રાખવા **'Be**

committed or Ready to Perish' સૂત્ર હૈયામાં ધરવું રહ્યું.

**વાલીઓએ** પણ વિશેષ જાગ્રતતા કેળવવાની જરૂરિયાત છે. ખાસ તો અંગ્રેજી માધ્યમના મોહના કારણે પોતાના પાલ્યને જે શાળામાં પ્રવેશ અપાવવા ઇચ્છે છે તે શાળાના કેટલા શિક્ષકો અંગ્રેજી માધ્યમમાં ભણાવવા સક્ષમ છે ખરા ? આ ઉપરાંત વતન આસપાસની કે વિશેષ જાણીતી કૉલેજમાં પોતાના પુત્ર/પુત્રીને શિક્ષણ અપાવવા ઇચ્છતા હોય તે કૉલેજમાં સંબંધિત વિષયના પર્યાપ્ત અધ્યાપકો છે કે કેમ ? ગ્રંથપાલ અને શારીરિક શિક્ષણના અધ્યાપક છે કે કેમ ? જો જગ્યા ખાલી છે તો કેટલાં વર્ષોથી ખાલી છે તે સ્થિતિ સંદર્ભે પણ વિચાર કરીને આગળનું ડગલું ભરવું જોઈએ. પોતાનો પાલ્ય નિયમિત રીતે શાળા/કૉલેજ/યુનિવર્સિટીના વર્ગખંડોમાં સમયસર હાજરી આપે છે કે કેમ ?, આજના સ્પર્ધાત્મક યુગમાં ઊભા રહી શકવા માટે વાંચન અને ચિંતન એક શ્રેષ્ઠ ઉપાય છે ત્યારે તે શાળા/કૉલેજ/યુનિવર્સિટીના ગ્રંથાલયનો પર્યાપ્ત ઉપયોગ કરે છે ખરો ? પૂરક વાંચન પર્યાપ્ત માત્રામાં કરે છે ? આ બધી અને અન્ય આનુષંગિક બાબતો વિશે સમાજની જાગૃતિ જરૂરી બની રહે છે. ધ્યાનમાં રાખવું રહ્યું કે માત્ર ટ્યૂશન કલાસિસની સગવડ પૂરી પાડવાથી ઝાઝું સિદ્ધ થઈ શકશે નહી આજે કેટલીયે શાળા/કૉલેજો ગ્રંથપાલ, શારીરિક શિક્ષણના અધ્યાપક અને કેટલાક વિષયોના અધ્યાપકો વિહોણી ચાલી રહી છે. વિદ્યાર્થીઓને થઈ રહેલા નુકસાન સંદર્ભે કોઈએ વિચાર સુધ્ધાં કર્યો છે ખરો ? આ નુકસાન માત્ર વિદ્યાર્થીને જ નહી, રાષ્ટ્રને પણ છે. આ દિશામાં વાલીઓની જાગૃતિ અનિવાર્ય છે. સવિશેષતઃ વાલીઓ અને પ્રજ્ઞાવાનોની અનાસકિત ચિંતાકારક છે. આ સંદર્ભે **ગાંધીજી**નું અવલોકન : **'ભણેલાઓની હૃદયહીનતા મને સૌથી વધુ દુઃખ પહોંચાડે છે'** ધ્યાને લેવું રહ્યું.

હવે, **રાજ્ય સરકાર** દ્વારા 'શિક્ષકદિન' નિમિત્તે ચિંતન કરવા જેવી બાબતો અંગે વિચાર-વિમર્શ કરીએ તે પૂર્વે રાજ્ય સરકારના એક શકવર્તી નિર્ણયની નોંધ લઈ આભાર માનીએ. રાજ્ય સરકાર દ્વારા કેટલાક માસ પૂર્વે ખાનગી યુનિવર્સિટીઓનાં ટ્રસ્ટોને પોતાના દ્વારા સંચાલિત અનુદાનિત કૉલેજો સોંપી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પરંતુ આ નિર્ણયથી વ્યાપક પરિપ્રેક્ષ્યમાં ઉચ્ચશિક્ષણનું સંભવિત અહિત ધ્યાને આવતાં સદર ઠરાવ રદ કરવામાં સરકારનું દૂરંદેશિતાશીલ ડહાપણ ગુજરાતના શિક્ષણના ઇતિહાસમાં સદાકાળ અભિનંદનીય બની રહેશે.

**સરકાર સંબંધી પ્રશ્નોની ક્યાંથી શરૂઆત કરવી અથવા કઈ બાબતો નોંધવી અને ન નોંધવી તે અંગે મૂંઝવણ અનુભવાય છે. આમ છતાં લોકમુખે તથા મીડિયામાં પ્રસંગોપાત્ત ચર્ચાતા પ્રશ્નો પૈકી તાકીદે ધ્યાન આપવા જેવા કેટલાક વિચારણીય પ્રશ્નો નીચે મુજબ છે**

* એક જમાનો હતો કે આપણી યુનિવર્સિટીઓ કુલપતિઓના નામે ઓળખાતી હતી; પરંતુ અપવાદ બાદ કરતાં આજે આ સ્થિતિ રહી નથી. પરિણામે યુનિવર્સિટીઓ અને કુલપતિઓ પોતાની ઓળખ અને વિશ્વસનીયતા ગુમાવી રહ્યાં છે. એવું પણ નથી કે શિક્ષણના રાષ્ટ્રીય અને વૈશ્વિક પ્રવાહો અને વહીવટીય કુશળતાથી સંપન્ન તેમજ પોતપોતાના વિષયમાં પ્રતિભાસંપન્ન પ્રોફેસરોની ગુજરાતમાં અછત છે. આ પ્રકારની નિમણૂકોમાં વિવિધ સત્તામંડળોએ પોતાના ઉત્તરદાયિત્વનું રાષ્ટ્રહિતને ધ્યાને લઈ પાલન કરવું જરૂરી બની રહે છે.

* ભારતીય વિદ્યા – Indologyની અધ્યયન–સંશોધન સંસ્થાઓ તરીકે ગુજરાત અને રાષ્ટ્રનું ગૌરવ ધરાવનાર સંસ્થાઓ અને આ પૈકીની કેટલીક સંસ્થાઓ પ્રાચીનતમ અણમોલ હસ્તપ્રતો અને વાચનસામ્રગીનો સમૃદ્ધ ખજાનો ધરાવે છે, જેમ કે, ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ (વડોદરા), એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજી (અમદાવાદ), ભો. જે. અધ્યયન – સંશોધન વિદ્યાભવન (અમદાવાદ), વગેરે. રાજ્યનાં બધાં જ પ્રાચ્યવિદ્યા મંદિરોમાં રાજ્ય સરકાર દ્વારા ઘણા લાંબા સમયથી વિવિધ સંવર્ગની નિમણૂકો કરવાની મંજૂરી ન આપીને આજે પ્રાયઃ નિશ્ચિેતન બનાવવામાં આવી છે. એક યુગ હતો કે ભારતીય વિદ્યાની પ્રત્યેક સંસ્થા વિદ્વાન નિયામક, ગ્રંથપાલ ઉપરાંત પ્રોફેસરો, રીડરો, વ્યાખ્યાતાઓ, સંશોધન અધિકારીઓ વગેરેથી સુસંપન્ન બની ક્રિયાશીલ હતી. આજે આ બધી સંસ્થાઓમાં વિવિધસ્તરના શૈક્ષણિક સંવર્ગની તમામ જગ્યાઓ ખાલી છે.

* યુનિવર્સિટીઓ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓનાં પરિણામો વહેલાં જાહેર કરવાની ઉતાવળને ધ્યાને લઈ યુનિવર્સિટીઓ દ્વારા સંચાલિત કેન્દ્રિય પરીક્ષણ કેન્દ્રોમાં અધ્યાપકોને યથેચ્છ ઉત્તરવહીઓના પરીક્ષણ માટે પ્રોત્સાહિત કરીને ઉત્તરવહીઓ સોંપવામાં આવે છે, પરિણામસ્વરૂપે એક એક અધ્યાપક ૩૦૦ થી ૫૦૦ જેટલી ઉત્તરવહીઓનું પરીક્ષણ કાર્ય એક દિવસમાં કરે છે – ધ્યાને

લેવું રહ્યું કે આ વાત કોરાના કાળની ઓબ્જેક્ટિવ પ્રશ્નપત્રોની ઉત્તરવહીઓની નથી. આટલી મોટી સંખ્યામાં ઉત્તરવહીઓનું પરીક્ષણ જ્યાં થતું હોય ત્યાં વિદ્યાર્થીઓને ન્યાય મળી શકે ખરો ? એક સમય હતો કે અધ્યાપકોને એક દિવસમાં મહત્તમ ૬૦ ઉત્તરવહીઓ પરીક્ષણ માટે આપવામાં આવતી હતી.

* કૉલેજોમાં વર્ગદીઠ વિદ્યાર્થી સંખ્યાનું પ્રમાણ પ્રારંભમાં ૮૦ નિયત કરવામાં આવ્યું હતું. હવે આ પ્રમાણ ૮૦થી વધારીને ૧૨૦ / ૧૫૦ સુધી ગણવામાં આવે છે. કેટલી કૉલેજો પાસે આટલી ક્ષમતા ધરાવતા વર્ગખંડો હશે ? વર્ગખંડમાં જગ્યાના અભાવે બેસી કે ઊભા ન રહી શકતા વિદ્યાર્થીઓના અભ્યાસનું શું ? આ પ્રમાણ વધારવાથી અધ્યાપકોની નિયુક્તિ ન કરીને સરકાર આર્થિક બચત કરે છે; પરંતુ વિદ્યાર્થીઓનું કેટલું અહિત થાય છે તેનો પહેલાં વિચાર કરવો જોઈએ.

* રાજ્ય સરકાર દ્વારા છેલ્લાં કેટલાંક વર્ષોથી વિવિધ વિદ્યાશાખાઓની અવનવી યુનિવર્સિટીઓ તથા કૉલેજો સ્થાપવામાં આવી રહી છે તે આવકાર્ય અને અભિનંદનીય છે; પરંતુ આ પ્રકારની યુનિવર્સિટીઓ / કૉલેજોની સ્થાપના કરવાની સાથે પર્યાપ્ત માળખાગત સુવિધાઓ ઊભી કરવામાં આવે તે અનિવાર્ય આવશ્યકતા હોવા છતાં તેમ કરવામાં આવતું નથી, જેનાં ઉદાહરણો સહજમાં મળી રહે છે. પરિણામે યુનિવર્સિટીઓની સંખ્યા અને આકર્ષક નામાભિધાનથી હરખાવાનું જ રહ્યું ને ! માત્ર યુનિવર્સિટીઓ કે કૉલેજોની સ્થાપના કરવાથી શિક્ષણનું સ્તર ન સુધરે કે ન ઊંચું આવી શકે. આ માટે તો તેની સ્થાપનાની સાથે જ તેના પ્રાણસ્વરૂપ અધ્યાપકો, ગ્રંથપાલ, રમતગમત પ્રવૃત્તિના પ્રોત્સાહન અને પ્રશિક્ષણ હેતુ શારીરિક શિક્ષણ નિયામકની નિમણૂક ઉપરાંત સમૃદ્ધ ગ્રંથાલયો તથા અદ્યતન પ્રયોગશાળાઓ અનિવાર્ય બની રહે છે.

* ગુજરાત સરકારના અનુદાનથી સંચાલિત વિવિધ પ્રદેશોની યુનિવર્સિટીઓમાં ગ્રાન્ટેડ અભ્યાસક્રમોના વિષયોના અનુસ્નાતક વિભાગો અને આવા વિભાગોની સંખ્યામાં ભારે અસમાનતા છે, જેના પરિણામે કોઈ એક યુનિવર્સિટી વિસ્તારના વિદ્યાર્થીઓને અમુક વિષય ગ્રાન્ટેડ અભ્યાસક્રમની ફી થી ભણવાનો લાભ મળે છે, જ્યારે અન્ય યુનિવર્સિટી વિસ્તારના વિદ્યાર્થીઓને સ્વવિત્ત યોજના હેઠળ ચાલતા અભ્યાસક્રમમાં ભારે ફી ભરીને અભ્યાસ કરવો પડે છે. આ અસમાનતા નિવારવા માટે રાજ્યની જે યુનિવર્સિટીઓમાં જે કોઈ વિષયના ગ્રાન્ટેડ અનુસ્નાતક વિભાગ/વિભાગો અસ્તિત્વમાં ન હોય તે યુનિવર્સિટી વિસ્તારના વિદ્યાર્થીઓને રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાં ચાલતા ગ્રાન્ટેડ અભ્યાસક્રમોમાં પોતાના વિસ્તારના વિદ્યાર્થી સમકક્ષ ગણીને મેરિટ આધારે પ્રવેશ આપવો જોઈએ. અર્થાત્ હાલમાં પ્રવેશના નિયમ મુજબ પોતાની યુનિવર્સિટી વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ૯૫% અને રાજ્યની અન્ય યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે ૫% બેઠકોની ફાળવણી કરવાની પ્રથા છે, તેના સ્થાને ઉપર દર્શાવેલ સ્થિતિવાળા યુનિવર્સિટી વિસ્તારના વિદ્યાર્થીઓને ૯૫%માં સમાવેશ કરીને પ્રવેશ આપવો જોઈએ નહિ કે અન્ય યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે ૫% બેઠકોમાં. આ સમસ્યાનો ત્વરાથી ઉકેલ અપેક્ષિત છે. આ એટલા માટે જરૂરી છે કે જે તે પ્રદેશમાં નવી યુનિવર્સિટીઓ સ્થપાવાની સાથે જ તે પ્રદેશના વિદ્યાર્થીઓ : other universitiesના કવોટામાં આવી જાય છે. જે-તે પ્રદેશના વિકાસના ઉમદાભાવથી નવી યુનિવર્સિટી શરૂ કરવામાં આવે છે, પરંતુ તે તે પ્રદેશોના વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભારે સહન કરવું પડે છે. ક્વચિત્ પ્રવેશ ન મળતાં અભ્યાસથી પણ વંચિત રહેવું પડે છે. પરિણામે અજાણતાં પણ એવો ઘાટ રચાય છે કે એક યુનિવર્સિટી વિસ્તારના વિદ્યાર્થીઓને ભારે લાભ અને અન્યને ભારે નુકસાન. **એક સમાન તક અને સમાન ન્યાયનો સિદ્ધાંત ખોડંગાય છે.** એમ. એસ. યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, વીર નર્મદ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ચાલતા ગ્રાન્ટેડ અભ્યાસક્રમો અને પાટણ, કચ્છ, ભકત કવિ નરસિંહ, ગુરુ ગોવિંદ વગેરે જેવી નવી યુનિવર્સિટીઓના ગ્રાન્ટેડ અનુસ્નાતક વિભાગો પ્રતિ ક્ષણભર માટે પણ નજર નાખવામાં આવે અને અચંબો ન પામો તો જ નવાઈ ! અને તેથી જ સૂચિત વ્યવસ્થા કરવી એ ન્યાયોચિત બની રહે છે.

* આશ્ચર્ય તો એ છે કે નવી સ્થપાયેલી યુનિવર્સિટીઓમાં કુલસચિવ, યુનિવર્સિટી ગ્રંથપાલ, પરીક્ષા નિયામક, શારીરિક શિક્ષણ નિયામક વગેરે પૈકીની કેટલીક જગ્યાઓ એકાદ દશક, દોઢ દશક કે અધિક સમયથી ખાલી છે. આ બધી ખાલી જગ્યાઓના કારણે સંબંધિત યુનિવર્સિટીની વહીવટીય સેવાઓમાં કેટલા અવરોધો પેદા થતા હશે તેની તો માત્ર કલ્પના જ કરવી રહી ! કેટલીક યુનિવર્સિટીઓમાં યુનિવર્સિટી લાઇબ્રેરિયન, શારીરિક શિક્ષણ નિયામક, પરીક્ષા નિયામકની જગ્યાઓ પણ મંજૂર કરવામાં આવી નથી.

* રાજ્ય સરકાર દ્વારા સ્વવિત્ત ધોરણે વિવિધસ્તરની શિક્ષણસંસ્થાઓ શરૂ કરવા માટે અનુમતિ પ્રદાન કરવામાં આવે છે. સ્વવિત્ત યોજના પાછળનો મૂળભૂત હેતુ નહિ નફો નહિ નુકસાનના ધોરણે શૈક્ષણિક સંસ્થાઓ ચલાવવાનો ખ્યાલ રહ્યો છે; પરંતુ આજે તો સમાજસેવા અને ગુણવત્તાશીલ શિક્ષણ પ્રદાન કરવાના ધ્યેયને વરેલાં જાહેર ટ્રસ્ટોને બાદ કરતાં બાકીનાં ટ્રસ્ટો/કૌટુંબિક ટ્રસ્ટો શૈક્ષણિક સંસ્થાઓને નફાકેન્દ્રી ઉદ્યોગગૃહ તરીકે ચલાવી રહ્યાં છે. ભલે નફો કરે, પરંતુ આ નફો અધ્યાપકો અને કર્મચારીઓના ભોગે કે અપેક્ષિત ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવાના ભોગે તો ન જ કરવો જોઈએ શાળા/કૉલેજના વિદ્યાર્થીઓ માટે આવશ્યક એવું રમતગમત માટે પોતાનું મેદાન છે કે કેમ ? વગેરે બાબતો શું એલ. આઈ. સી. ના એન્ટેના બહાર હશે ? નિયમાનુસાર પગારધોરણની તુલનાએ નિમ્નતમ પગાર મેળવીને અધ્યાપકો પોતાની અધ્યાપન રુચિ કેટલા અંશે જાળવી શકતા હશે ખરા ? કહેવાયું છે કે **'ભૂખે ભગતિ ન હોઈ ભલાઈ'** આ બધું કોણ જોશે ?

* વિકસિત દેશોની માફક આપણી યુનિવર્સિટીઓમાં વૈજ્ઞાનિક સંશોધનો થાય તે માટે આવશ્યક સંસાધનોની પૂર્તિ અને પ્રોત્સાહન અનિવાર્ય બની રહે છે

* અધ્યાપકોને જ્ઞાનસમૃદ્ધ અને સંવર્ધિત – તરોતાજા રાખવા માટે એકેડેમિક સ્ટાફ કૉલેજોની સ્થાપના કરવામાં આવી છે. આજે આ કૉલેજો કેટલી ક્રિયાશીલ ? 'કર્મકાંડ' કરવાથી શું હાથ લાગશે ?

* 'નેક' દ્વારા આપવામાં આવતા 'ગ્રેડ' વિશે પણ શંકાઓ સેવવામાં આવે છે. અર્થાત્ તેની વિશ્વસનીયતા સામે આંગળી ચીંધાય છે.

* વિજ્ઞાન પ્રવાહ ધરાવતી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ ૧૧ અને ૧૨ ના વર્ગ ખંડોમાં અપવાદ તરીકે કેટલીક શાળાઓ બાદ કરતાં સાવ પાંખી હાજરી રહે છે. આ વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરીને મેડિકલ, આઈ. આઈ. ટી. વગેરેમાં પ્રવેશ મેળવવા હેતુ ટ્યૂશન કલાસિસમાં જાય છે. શું આ સ્થિતિ સત્તાધીશોની જાણ બહાર હશે ? શાળા છોડીને ટ્યૂશન કલાસિસને અગ્રતા આપવાનું વલણ શાળાઓની ગુણવત્તા સંદર્ભે ઈશારો કરે છે અને તેથી જ આપણી શાળાઓનું સ્તર સુધારવા માટેના પ્રયાસો કરવા એ સમયની માગ છે

* આંતરરાષ્ટ્રીય સ્તરે કે રાષ્ટ્રીય સ્તરે યોજાતા રમતોત્સવોમાં ગુજરાત ક્યાં ? સંભવતઃ આ સ્થિતિનું વાસ્તવિક દર્શન કરીને ગુજરાતમાં 'ખેલમહાકુંભ'નું આયોજન કરવામાં આવે છે. તે આવકાર્ય અને અભિનંદનીય છે. આમ છતાં વિવિધ રમતોમાં વિદ્યાર્થીઓ રસ લેતા થાય તે માટે પ્રાથમિક શિક્ષણથી જ તેમને પ્રોત્સાહિત અને પ્રશિક્ષિત કરવાની જરૂરિયાત છે. આ માટે પ્રત્યેક પ્રાથમિક શાળામાં સી. પી. એડ્. /બી. પી. એડ્. ડિગ્રીધારી શિક્ષકની ખાસ 'Sports Teacher' તરીકે ફરજિયાતપણે નિમણૂક કરવાની જોગવાઈ કરવી જોઈએ. આપણી પ્રાથમિક શાળાઓમાં આ ડિગ્રીવાળા શિક્ષકો ક્યાંક ક્યાંક છે, પરંતુ તે રમત શિક્ષક તરીકે નહીં; પરંતુ એક શિક્ષક તરીકે જ નિયુકિત પામેલ છે. માધ્યમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકની જોગવાઈ છે; પરંતુ આ શિક્ષકોને વ્યાયામની પ્રવૃત્તિ ઉપરાંત અન્ય વિષય/વિષયોના અધ્યાપનની જવાબદારી પણ સાંપવામાં આવે છે, પરિણામે રમતગમત પ્રવૃત્તિ માટે ખાસ અવકાશ રહેતો નથી. કૉલેજોમાં પણ પ્રાયઃ કૉલેજના અધ્યાપનના સમય દરમ્યાન સ્પોર્ટ્સ પ્રેકિટસ વગેરેનું આયોજન કરવામાં આવતું હોવાથી વિદ્યાર્થીઓએ શિક્ષણકાર્ય કે રમતગમત પ્રવૃત્તિ પૈકી કોઈ એક વત્તાઓછા અંશે ગુમાવવાનું આવે છે. બીજો એક મુદ્દો એ છે કે શહેરની કેટલી શાળા/કૉલેજો પોતાનાં મેદાનો ધરાવતી હશે ? આ સ્થિતિને ધ્યાને લેતાં પ્રત્યેક પ્રાથમિક/માધ્યમિક શાળા અને કૉલેજમાં શારીરિક શિક્ષણના અધ્યાપકની ફરજિયાત નિમણૂક કરવામાં આવે તો રમતગમત ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરી શકાય. આ ક્ષેત્રે વાલીઓમાં પણ જાગૃતિ આણવાની જરૂરત છે કે જેથી પોતાના પાલ્યને રમતોમાં ભાગ લેતાં ન અટકાવતાં તેને પ્રોત્સાહન પૂરું પાડે આપણા આદિવાસી વિદ્યાર્થીઓમાં તીર કામઠાં, ભાલા ફેંક ઇત્યાદિમાં આનુવંશિક રસ–રુચિ અને ક્ષમતાને લેતાં તેમને એથ્લેટિકસમાં પ્રશિક્ષિત કરવામાં આવે તો ધારી સફળતા હાંસલ થઈ શકે.

* અનુદાનિત કૉલેજોમાં ખાલી પડતી જગ્યાઓ ઉપર અધ્યાપકોની સમયસર ભરતીના અભાવે સંચાલક મંડળ દ્વારા હંગામી ધોરણે ઉચ્ચક પગારથી અધ્યાપકોની ભરતી કરીને અધ્યાપન કરાવવામાં આવે છે, પરંતુ આ ખર્ચ અનુદાનને પાત્ર ન હોવાથી સંચાલક મંડળો માટે આ ખર્ચ ભારે બોજારૂપ બની રહે છે.

* અનુદાનિત / સરકારી કૉલેજોમાં વિવિધ સ્તરની ઘણી જ જગ્યાઓ ખાલી છે. પ્રસ્તુત સમસ્યા સંદર્ભે અધિકૃત માહિતી મેળવવા હેતુ સેમ્પલ સર્વે તરીકે

હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, (પાટણ) સંલગ્ન વિવિધ વિદ્યાશાખાઓની કુલ ૨૮ સરકારી (મેડિકલ સહિત) અને ૫૭ અનુદાનિત કૉલેજોમાંથી વિવિધ સંવર્ગની ખાલી રહેલી જગ્યાઓની માહિતી મેળવવા હેતુ તા ૨ ઑગસ્ટ, ૨૦૨૧ના રોજ અને ત્યાર બાદ સમયાન્તરે બે સ્મૃતિપત્રો પાઠવવામાં આવ્યા હતા. અમારી વિનંતીને ધ્યાને લેતાં ૨૮ સરકારી કૉલેજો પૈકી એક પણ કૉલેજે માહિતી આપી નથી, જ્યારે ૫૭ અનુદાનિત કૉલેજો પૈકી ૨૬ કૉલેજો દ્વારા ૧૪ ઑક્ટોબર સુધીમાં માહિતી આપવામાં આવી છે તદ્દઅનુસાર ૭ આચાર્યો, ૯૫ અધ્યાપકો, ૧૧ શારીરિક શિક્ષણના અધ્યાપકો, ૧૫ ગ્રંથપાલો, ૧૨૨ વિવિધ સંવર્ગના બિન–શૈક્ષણિક કર્મચારીઓ અને ૧૧૬ વર્ગ–૪ ના કર્મચારીઓની મંજૂર કરવામાં આવેલી જગ્યાઓ ખાલી છે. આ પૈકી કેટલીક ચોંકવનારી માહિતી, જેમ કે મુખ્ય વિષય તરીકે ભણાવાતા વિષયોના મોટા ભાગના અધ્યાપકોની તેમજ કોઈ ગૌણ વિષયના એક માત્ર અધ્યાપકની જગ્યાઓ ખાલી રહેવી, શારીરિક શિક્ષણ કે ગ્રંથપાલની જગ્યાઓ ઘણા લાંબા સમયથી – બબ્બે દાયકાઓથી ખાલી રહેવી તથા કેટલીક કૉલેજોમાં એક પણ બિન–શૈક્ષણિક કર્મચારી ન હોવો, તો ૬૦૦૦ જેટલી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી એક કૉલેજમાં ફક્ત એક બિન–શૈક્ષણિક અને વર્ગ–૪ના ૨ કર્મચારીઓ હોવા વગેરે સંબંધી માહિતી પ્રાપ્ત છે.

**પ્રાપ્ત માહિતી પૈકી કેટલીક કૉલેજોમાં વિવિધસ્તરની ખાલી રહેલી જગ્યાઓની વિગતો નીચે દર્શાવી છે, જે હૈયું વલોવી દે તેવી છે :**

**૧. પ્રમુખ સ્વામી સાયન્સ ઍન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડી**

૧૩ અધ્યાપકો, ૧ ગ્રંથપાલ (૨૦૦૮ થી), ૫ બિનશૈક્ષણિક અને ૫ વર્ગ–૪ના કર્મચારીઓની જગ્યાઓ ખાલી. આ પૈકી મુખ્ય વિષય ઇતિહાસ–૨ (૨૦૧૭) ભૌતિકશાસ્ત્ર–૪ (૨૦૧૮ થી–) અને રસાયણશાસ્ત્ર–૪, ગૌણ વિષય : મનોવિજ્ઞાન–૧ (૨૦૧૮ થી) વગેરે ખાલી છે

**૨. મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ અર્બન બૅન્ક સાયન્સ કૉલેજ, મહેસાણા**

૧ આચાર્ય, ૧૩ અધ્યાપકો (૨૦૧૮–) પૈકી મુખ્ય વિષય ગણિતશાસ્ત્રના –૩, અર્થશાસ્ત્ર–૨ અને અન્ય વિષયોના ૧–૧, ગ્રંથપાલ (૨૦૧૦), બિનશૈક્ષણિક કર્મચારીઓ – ૧૩, લેબોરેટરી આસિસ્ટન્ટ–૧૦ (૧૯૯૭) અને ૧૭ વર્ગ–૪ના કર્મચારીઓની જગ્યાઓ ખાલી છે.

**૩. શ્રી આર. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, મહેસાણા**

૯ અધ્યાપકો મુખ્ય વિષય એકાઉન્ટસી–૪ (૨૦૧૩ –), અર્થશાસ્ત્ર – ૨ (૨૦૧૮ – ), અંગ્રેજી (૨૦૦૭ થી) વગેરે, ગ્રંથપાલ (૨૦૧૨), શા. શિ. અ (૨૦૧૭), ૭ – બિનશૈક્ષણિક કર્મચારીઓ અને ૯ – વર્ગ ૪ ના કર્મચારીઓની જગ્યાઓ ખાલી છે .

**૪. શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ**

૯ અધ્યાપકો (વર્કલોડ પ્રમાણે ૧૭ અધ્યાપકોની જગ્યા ખાલી) મુખ્ય વિષયો : ગુજરાતી–૨, સંસ્કૃત–૨, ઇતિહાસ–૨, ગૌણ વિષયો : ભૂગોળ–૧ વગેરે. ૧૧ બિનશૈક્ષણિક અને ૯ વર્ગ–૪ના કર્મચારીઓની જગ્યાઓ ખાલી. **વિવિધ સ્તરના બિન શૈક્ષણિક કર્મચારીઓ પૈકી એક માત્ર ૧ હેડ કલાર્ક અને વર્ગ–૪ ના ૨ કર્મચારીઓ છે, જ્યારે વિદ્યાર્થીઓની સંખ્યા ૬૦૦૦**

**૫. ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ ઍન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઈડર**

૮ અધ્યાપકો, ૧ શા શિ અ (૨૦૦૮), ગ્રંથપાલ (૨૦૧૨), મુખ્ય વિષય : અંગ્રેજી – ૪ (૨૦૧૮–), ગુજરાતી – ૩ (૨૦૧૮–) કૉમર્સ–૧ (૨૦૧૬), બિનશૈક્ષણિક – ૧૪ અને વર્ગ–૪ના ૮ કર્મચારીઓની જગ્યાઓ ખાલી છે.

**૬. શ્રીમતી કે. કે. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એલ. બી. ગુંજારિયા કૉમર્સ કૉલેજ, થરા.**

૭ અધ્યાપકો મુખ્ય વિષય સંસ્કૃત–૨ (૨૦૧૩ – ), અર્થશાસ્ત્ર–૨ (૨૦૧૯ –), ગૌણ વિષય : હિન્દી – ૧ (૨૦૧૯) વગેરે, શા શિ અ –૧ (૨૦૧૯), બિનશૈક્ષણિક કર્મચારી – ૫ જગ્યાઓ ખાલી છે. **હાલમાં એક પણ બિન શૈક્ષણિક કર્મચારી નથી.**

૭. ડી.ડી. ઠાકર આટ્ર્સ ઍન્ડ કે. જે. પટેલ કૉમર્સ કૉલેજ, ખેડબ્રહ્મા

૧-આચાર્ય, ૬ અધ્યાપકો, ૨ ખંડ સમયના અધ્યાપકો, ૫ બિનશૈક્ષણિક અને ૬ વર્ગ-૪ના કર્મચારીઓની જગ્યાઓ ખાલી છે.

રાજ્યની ફક્ત ૨૬ અનુદાનિત કૉલેજોની આ સ્થિતિ હોય તો ગુજરાતની સરકારી અને અનુદાનિત કૉલેજો, યુનિવર્સિટીઓ વગેરેમાં કેટલી જગ્યાઓ ખાલી હશે ? આટલી હદે સંવેદનહીનતા !

**મણિભાઈ પ્રજાપતિ**

સર્વવિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર ઇતિહાસની અટારીએથી

# આદ્રજમાં એક દિવસ

છગનલાલ પી. પટેલ

મહાસુદ ૧૦ ને વાર શુક્રને સવારે આદરજ ગામે શ્રી રામજી મંદિર નવીન કર્યું. તેમાં શ્રી રામચંદ્રની પ્રતિષ્ઠા હોવાથી શ્રી કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ કડીને આમંત્રણ કર્યું હતું. આ આમંત્રણને માન આપી આશ્રમવાસીઓ દસમને સવારે પાંચ વાગે ઊઠી નાહીધોઈ પરવારી બરાબર છ વાગે આદરજ તરફ વિદાય થયા તે સંઘમાં જોડાવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. રસ્તામાં બોરીસણા ગામના રહીશોએ વિદ્યાર્થીઓને દૂધ પાવા ઘણો આગ્રહ કર્યો, પણ અમારે વખતસર પહોંચી જવાનું હોવાથી અમે રોકાઈ શક્યા નહિ. છતાં તેમણે ગોળ અને મગફળી ઘણા પ્રેમથી અને આગ્રહથી આપી. જે અમે સાભાર સ્વીકારી આગળ ચાલવા માંડ્યું. આદરજની ભાગોળે પહોંચતાં ગોળ-મગફળીને ઊભા ઊભા ન્યાય આપી દીધો. પછી બે હારમાં ગોઠવાઈ ભજન ગાતાં ગાતાં ચાલવા માંડ્યું. સામા આવેલા ગામના આગેવાનો તથા લોકો હર્ષ ઘેલા બની પ્રેમભીનાં નયનો વડે સાનંદાશ્ચર્યથી બે હારને નિહાળી રહ્યા હતા. પાસે પહોંચતાં જ અમારા સંઘમાં તેઓ ભળી ગયા. અને સર્વે એ મંદિર ભણી ચાલવા માંડ્યું. 'શ્રી રામદેવકી જય, શ્રી ઉમિયા માતા કી જય, શ્રી મહાત્મા ગાંધીકી જય' એના જયનાદ કરતા આ બાળ સંઘને મંદિરે પહોંચતાની સાથે જ ત્યાં ઊભેલા સર્વ પુરુષો, સ્ત્રીઓ, બાળકો કે વૃદ્ધોએ પ્રેમપૂર્વક વધાવી લીધા. શ્રી રામચંદ્રજીનાં દર્શનાર્થે સંઘ મંદિરમાં દાખલ થયો. મંદિર આગળના મંડપમાં અગ્નિકુંડમાં ઘૃતનો હોમહવન થઈ રહ્યો હતો. વેદ મંત્રોનો ધ્વનિ થઈ રહ્યો હતો. મંદિરમાં શ્રીરામ, લક્ષ્મણ, જાનકી તથા કૃષ્ણરાધાજીનાં તથા બંને બાજુએ સુંદર દેરડીઓમાં શ્રી ગણપતિ અને મારુતિનાં અમે દર્શન કર્યાં. મંદિરનું ખર્ચ ૨૫,૦૦૦ હજાર થયું છે.

દર્શન કરી રહ્યા બાદ વિદ્યાર્થીઓ મંદિરમાંની પડારીમાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયા. ને ગીતાજીનો 'પુરુષોત્તમ માહાત્મ્ય'વાળો પંદરમો અધ્યાય લલકારવા લાગ્યા. અધ્યાય પૂરો થતાં ભજનિયાં શરૂ થયાં. આ વખતે તમામ લોકોનો પ્રેમ અને આનંદ ઊભરાઈ જતો. ભજન પૂરું થતાં રા. ભગતજી ધનશાએ ઉત્સાહભેર ઊભા થઈ ગામના તમામ લોકોને સંબોધી કહ્યું કે -

'ભાઈઓ, આવો પ્રસંગ આપણી જિંદગીમાં પહેલવહેલો જ છે, આ પ્રસંગે આ વિદ્યાર્થીઓ અત્રે પધારી આપણા ગામને પાવન કર્યું છે. આપણી જ્ઞાતિનાં તે બાળકો છે. તેથી આખી જ્ઞાતિનાં આપણને દર્શન થયાં છે. તમે જાણો છો જ કે હાલ આશ્રમનું મકાન થાય છે તેમાં યથાશક્તિ મદદ કરવી આપણી ફરજ છે.' એમ કહીને ભગતજીને એ પોતે રૂ. ૧૦૧ (એકસો) આપવા જણાવી ટીપની શરૂઆત કરી. એકદમ ટીપમાં યથાશક્તિ લખાવવા ત્યાં ઊભેલા સદ્ગૃહસ્થો ઉત્સુક થઈ રહ્યા હતા અને ઉપરાઉપરી રકમો મંડાવવા લાગ્યા. દસ મિનિટમાં જ ૧૮૦૦ રૂ. (અઢારસો) મંડાયા. બે કલાક પછી રૂ. ૨૩,૦૦ થયા અને બીજે દિવસે સાંજ સુધીમાં રૂ. ૪,૫૦૦ થયેલા. આદરજ ગામની બસ્સો ઘરની વસ્તીના પ્રમાણમાં આ રકમ બહુ જ મોટી ગણાય. આશ્રમની સ્થાપનાથી અત્યાર સુધી દર વર્ષે પોતાનો યોગ્ય ફાળો એ ગામે આપ્યા જ કર્યો છે.

ઉપરાંત આ સાલે જે નાણું આશ્રમના મકાન માટે ભેગું થયું છે ને થયા કરે છે તે આદરજ ગામના પાંચ-સાત સદ્ગૃહસ્થોને આભારી છે. એઓ જ કમર કસી ઉઘરાણું ગામેગામ કરી રહ્યા છે અને આશ્રમની કીર્તિ વધારી રહ્યા છે. મંદિરમાં મોટી રકમ ખર્ચાઈ છે તે ઓણસાલ પાક સારો નહોતો થયો. એ નજરમાં લેતાં આશ્રમ માટે ઉઘરાણું કરવા અમારો જરાય વિચાર ન હતો. છતાં આવડી મોટી રકમ હર્ષભેર આદરજ ગામે આશ્રમને ભેટ ધરી છે. પછી વિદ્યાર્થીઓ પોતાના ઉતારે ચાલ્યા ગયા. બપોરે ગીતાજીના પંદરમા અધ્યાય અને બીજા શ્લોક બોલતાં બોલતાં ભોજન કરી રહ્યા બાદ આરામ લીધો.

હું સાંજે ઉગમણી ભાગોળે ગયો. ત્યાં પુષ્કળ ગાયોને આદરજ ગામ તરફથી ઘાસ નીરવામાં આવ્યું હતું.

(અનુસંધાન પૃષ્ઠ ૯ ઉપર)

# અને શ્રી સુન્દરમ્ આવ્યા...

મનુભાઈ પટેલ

મહેસાણા જિલ્લાના સિપોર જેવા નાનકડા ગામની માધ્યમિક શાળાના આચાર્ય તરીકે લગભગ બે દાયકા સુધી કામ કરવાની તક મળી. શાળાના પ્રાંગણમાંથી ઉત્તરપૂર્વ દિશાએ દૃષ્ટિપાત કરીએ તો દૂર દૂર અરવલ્લીની ગિરિમાળાનાં દર્શન થાય. કાચા અને પાકા રસ્તાથી સંકળાયેલું આ ગામ આમ તો પરિચયના સાતત્ય માટે ઊંડેરું ગણાય. પણ શાળા સંચાલક મંડળના કાર્યકરો દૃષ્ટિવંત, અધ્યાપકો જિજ્ઞાસુ અને ઉત્સાહી એટલે પ્રત્યેક વર્ષે ગુજરાતનાં સાહિત્યકારો, શિક્ષણશાસ્ત્રીઓ અને સંતોનું આગમન વાર્ષિકોત્સવ દ્વારા કરાવતા.

સિપોરની લગોલગ વડનગર. ત્યાંના વતની સાક્ષરશ્રી રમણલાલ જોશીનું બહુમાન કરવા માટે આદરણીય શ્રી ઉમાશંકરભાઈ, શ્રી ઝીણાભાઈ દેસાઈ, શ્રી યશવંત શુક્લને બોલાવેલા, સમગ્ર કાર્યક્રમથી આત્મિક રસાનંદ મળેલો એટલે બીજે વર્ષે અમારી આ શાળામાં શ્રી સુન્દરમ્ પધારે તેવાં સ્વપ્નાં સાથે સાધક કવિશ્રી પૂજાલાલ સાથે પત્રવ્યવહારનો સેતુ સાધ્યો. ઘણા પરિશ્રમે અને અમારાં સદ્નસીબે શ્રી સુન્દરમ્નાં આશિષ અને સંમતિ મળતાં સમગ્ર વિસ્તારના હૃદયસાગરમાં હર્ષ ઊભરાયો.

આ માટે ૨૩મી ઑક્ટોબર ૧૯૭૭નો દિવસ નિયત થયો. સાથે સાથે શ્રી પન્નાલાલ પટેલની પણ સંમતિ મળતાં સોનામાં સુગંધ ભળી. અમારો સમગ્ર વિસ્તાર શ્રી સુન્દરમ્ના સ્વાગત માટે વિશેષ કાર્યરત બન્યો. ગ્રામ સફાઈ, પ્રભાતફેરી વગેરે કાર્યક્રમો થયા. ગામને ધજા-પતાકાઓથી શણગારવામાં આવ્યું. સમગ્ર શાળાના વાતાવરણમાં ચૈતન્ય અને આનંદ ઉછાળા મારી રહ્યો હતો. બાળકો, વાલીઓ, અધ્યાપકો અને નાગરિકોના આનંદની કોઈ સીમા નહોતી. પોંડિચેરીથી પત્રવ્યવહાર દ્વારા કાર્યક્રમ નક્કી થયેલો હતો. કવિશ્રી સુન્દરમ્ને તેમના અમદાવાદના ઘર સ્વસ્તિક સોસાયટીમાંથી લેવાના હતા. શ્રી પન્નાલાલને પણ તેમના નિવાસસ્થાનેથી સાથે મોટરમાં લઈ આવવાનો કાર્યક્રમ નિશ્ચિત કરવામાં આવ્યો હતો.

અમારો કાર્યક્રમ જાણીને વિસનગરની આદર્શ હાઈસ્કૂલના આચાર્ય, સર્જક અને સાધક શ્રી જતીનભાઈ આચાર્યે આગળના દિવસે પોતાની શાળામાં શ્રી પન્નાલાલ પટેલનો કાર્યક્રમ રાખ્યો હતો, જેથી અમારી શાળાના અધ્યાપક બંને મહેમાનોને અમદાવાદ લેવા માટે ગયા ત્યારે સમજફેર થવાથી તેઓ વિસનગરથી કેવળ પન્નાલાલને લઈને શાળામાં આવ્યા ! કાર્યક્રમ શરૂ થવાને બે કલાક વાર હતી. પણ અમદાવાદ જવા આવવા માટે પૂરા પાંચ કલાકની મુસાફરી થાય, જેથી અમે સૌ મૂંઝાયા. કવિશ્રી સુન્દરમ્ હવે સિપોર કેવી રીતે આવી શકશે ? રસ્તાની ખબર નથી, અજાણ્યો વિસ્તાર છે, કાર્યક્રમનું શું થશે ? જેવા અનેક તર્કવિતર્કો થવા લાગ્યા. અમે મનોમન શ્રી અરવિન્દ અને શ્રી માતાજીને પ્રાર્થના કરવા લાગ્યા કે ગમે તેમ કરીને પણ શ્રી સુન્દરમ્ને અહીં મોકલી આપવામાં અનુકૂળતા કરી આપે.

સમય વીતતો રહ્યો. સૌના જીવ પડીકે બંધાયા. કાર્યક્રમ શરૂ થવાની દશ મિનિટની વાર હતી. શાળામાં ગોઠવેલ શ્રી અરવિન્દ સમાધિદર્શન, શ્રી અરવિન્દ જીવનદર્શન અને શ્રી અરવિન્દ સાહિત્ય વેચાણ કેન્દ્રનું ઉદ્‌ઘાટન શ્રી સુન્દરમ્ના શુભહસ્તે ગોઠવ્યું હતું. સમય થતાં સભાસ્થળે બાળકો ગોઠવાયાં. નાગરિકો અને વાલીઓ પણ મોટી સંખ્યામાં આવેલાં. શાળા-બૅન્ડની ટુકડી પણ પ્રવેશદ્વારે મહેમાનોની પ્રતીક્ષા કરતી નિરાશ દેખાતી હતી. અમારી આંતર મૂંઝવણની સીમા ન હતી અને અકથ્ય પરિશ્રમ પછી શ્રી સુન્દરમ્ના દર્શનનું સત્ય

અકાળે વિલાતું જોઈને વદન ઉપર હતાશા ડોકાતી હતી. શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ જાણે અમારી પ્રાર્થના સાંભળી હોય એમ, એવામાં ગામના મુખ્ય રસ્તા ઉપરથી એક એમ્બેસેડર ગાડી શાળામાં ઝડપભેર આવી પહોંચી. એમાં હતા શ્રી સુન્દરમ્...!

'સુન્દરમ્ આવ્યા... સુન્દરમ્ આવ્યા.' એવી એક લહર ફેલાઈ ગઈ. શ્રી સુન્દરમ્નાં દર્શન થતાં સૌની આંખમાં હર્ષ અને ભાવનાં અશ્રુ ઝૂલી રહ્યાં. કાર્યક્રમ નિયત સમયે જ થઈ શક્યો, તેનો આનંદ અવિસ્મરણીય બની રહ્યો.

શ્રી સુન્દરમે પોતાની પ્રેરકવાણીમાં જણાવ્યું કે, તેમને લેવા આવનાર ગાડીની પ્રતીક્ષા કરી રહ્યા હતા, પણ કોઈ લેવા આવનાર દેખાયું નહિ. સમય વધતો હતો. તો હવે શું કરવું તેની દ્વિધા થઈ ! સિપોર કઈ બાજુએ થઈને જવાય તેની પણ ખબર નહિ ! જેથી કાર્યક્રમ બંધ રાખવા ઘડીભર નિર્ણય લેવાયો, પરંતુ શ્રી માતાજીએ મનોમન પ્રેરણા કરી કે સિપોર જવાનું જ છે અને ભાડાની ટૅક્સી કરીને તુર્ત જ સિપોર આવવા નીકળી પડ્યા. આ અગાઉ વિસનગર સુધી તેઓ આવેલા, એટલે વિસનગર સુધી તો નિર્વિઘ્ને અવાયું. પણ ત્યાર પછી તો રોડ ઉપરનાં સાઇન બોર્ડ વાંચતાં વાંચતાં આ વિસ્તારની ભૂગોળ ભણતાં ભણતાં સિપોર આવી જવાયું.

આ રીતે સુન્દરમ્ જેવા મૂર્ધન્ય કવિશ્રી આટલે દૂર એક અજ્ઞાત ગામ શોધતા શોધતા કાર્યક્રમમાં સમયસર આવી પહોંચે એ ઘટના જ વિરલ છે, એટલું જ નહિ પણ સૌ માટે પ્રેરક છે. જ્યારે જ્યારે શ્રી સુન્દરમ્ યાદ આવે છે ત્યારે આ ઘટના તરત જ તાજી થાય છે. એ ગામ માટે અને મારા જીવનમાં પણ આ એક અદ્વિતીય યાદગાર પ્રસંગ બની ગયો.

પછી તો શાળાનું પર્યાવરણ, ગ્રામજનોની લાગણી વગેરેથી તરબોળ થતાં શ્રી સુન્દરમ્ અહીં બે દિવસ રોકાયા હતા.

શ્રી અરવિન્દ સમાધિ દર્શનખંડમાં જિજ્ઞાસુઓ સાથે મળી બે કલાક મૌન પ્રાર્થના ખૂબ જ ભાવપૂર્ણ રીતે કરાવી. શાળાનાં બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રદર્શન જોઈને પણ કવિશ્રી ખૂબ જ પ્રભાવિત થયેલા અને તેઓશ્રીના શુભાશિષ મેળવતાં અમે સૌ ધન્ય થયેલા. કવિશ્રીની આધ્યાત્મિક ઊંચાઈ, હૃદયની નિર્મળતા, આંખોમાંથી નિરંતર વહેતો સ્નેહ અને ચહેરા પરનું મુખરિત મંદ સ્મિત આજે પણ હૃદયમાં અંકિત થયેલાં છે, જે સદાય પ્રેરણા આપતાં રહેશે.

**- મનુભાઈ પટેલ**

પ્રમુખશ્રી,

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી.

મો.૭૮૭૪૭૬૧૯૨૯

(સૌજન્ય : સુન્દરમ્ એટલે સુન્દરમ્ / સંપા. રામજીભાઈ કડિયા વગેરે. પૃ. ૬૦૩-૬૦૪)

---

**(અનુસંધાન પૃષ્ઠ ૮નું ચાલુ)**

ગાયમાતાઓ પ્રણય બુદ્ધિવાળા આદરજ ગામને હૃદયપૂર્વક આશીર્વાદ દેતી વાગોળતી હતી – ઘાસ ખાતી હતી.

સાંજે વિદ્યાર્થીઓએ વાળુ કર્યા બાદ મોડી રાત સુધી ભજનિયાં ગાયા પછી સૂઈ ગયા. રા. પા. માધવલાલ નારણદાસે બીજે દિવસે વિદ્યાર્થીઓને ભોજન આપવા ઘણો આગ્રહ કર્યો, પણ અનુકૂળ સમય નહિ હોવાથી વિદ્યાર્થીઓ સવારે પાંચ વાગે ઊઠી, એક પ્રભાતિયું ગાઈ વ્યવસ્થિત ગોઠવાઈ જઈ ગાતાં ગાતાં કડી તરફ વિદાય થયા. પ્રેમપૂર્વક ગ્રામવાસીઓ ભાગોળ સુધી વળાવવા આવ્યા, ને **વંદે માતરમ્ શ્રી રામચંદ્ર કી જય, મહાત્મા ગાંધી કી જય**ના પોકારો વચ્ચે છૂટા પડ્યા. રસ્તામાં બોરીસણા તો આવ્યું જ, ત્યાંના ગૃહસ્થોએ વિદ્યાર્થીઓને દૂધ પાયું. પાશેર પાશેર ખારેક આપી. આવો પ્રસંગ મળવાથી પોતાને ભાગ્યશાળી માની વિદાય કર્યા. આ બાળ સંઘ બપોરે સાડા અગિયારના સુમારે કડી પહોંચ્યો.

(કડવા વિજય સં. ૧૯૮૦ (૧૯૨૪) વર્ષ ૧૫)

**છગનલાલ પી. પટેલ**

**(સૌજન્ય : ડૉ. મંગુભાઈ પટેલ કૃત 'સામાજિક ક્રાંતિના પ્રણેતા છગનભા' અમદાવાદ : પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટ, ૨૦૦૫, પૃ. ૨૪૩-૨૪૪)**

# આઈ'મ અ ટીચર!

ઈશ્વર પરમાર

## ૧. પ્રાસ્તાવિક : શિક્ષક હોવાનું આત્મગૌરવ

આપની સમક્ષ ઉપસ્થિત થવાનું બનતાં હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આપ સમક્ષ મન પાથરવાનો મોકો મળી રહ્યો છે તે મારું સદ્ભાગ્ય છે. આ સદ્ભાગ્ય સાંપડવાનું એક જ કારણ જડે છે અને તે છે : આઇ'મ અ ટીચર – હું શિક્ષક છું ! જો હું આઈ 'વોઝ' ટીચર હોત તો આપની સમક્ષ ઉપસ્થિત થવાનું બનત નહિ, આઇ'મ અ ટીચર... આઇ'મ ઑલવેઝ અ ટીચર!

મારા મત અનુસાર કેટલાક હોદ્દાઓ એવા હોય છે, કેટલીક ઓળખ એવી હોય છે કે જે કદી ભૂતકાળની ઘટના બનતી નથી, એ સદા વર્તમાનની જ હોય છે; જેમ કે, આઇ'મ અ મૅન, આઇ વાઝ અ મૅન : એવું બને જ નહિ. એ જ રીતે આઇ'મ અ ફાધર; આઇ વૉઝ અ ફાધર – આવું બને જ નહિ! તેવી જ રીતે મધર, સિસ્ટર, બ્રધર વગેરે સ્ટેટસ – સ્થિતિમાં વૉઝ બંધબેસતું થાય જ નહિ!

હા, નિવૃત્ત ક્લેક્ટર એમ કહે કે આઇ વૉઝ અ કલેક્ટર; એ જ રીતે વાઇસ ચાન્સલર, રેલવે-ગાર્ડ, મિનિસ્ટર : એ બધા હોદ્દા પરથી નિવૃત્ત થયે વૉઝ ! તેઓ હતો - હતીનો પ્રયોગ કરે તો નવાઈ ન લાગે; પરંતુ આઇ વૉઝ અ ટીચર : બંધબેસતું લાગતું નથી. વન્સ અ ટીચર, ઓલ્વેઝ અ ટીચર !

શિક્ષક હોવાનું મને ગૌરવ છે; પોતાના વ્યવસાયનું જો વ્યક્તિને પોતાને ગૌરવ ન હોય તો તેને માટે એ વ્યવસાય પેટિયું ભરવાનો પ્રપંચ જ છે.

એવી વ્યક્તિઓ બીજો કોઈ વ્યવસાય મળી જાય તો વર્તમાન વ્યવસાય છોડી દેવા તત્પર હોય છે. શિક્ષક અન્ય વ્યવસાયિક કારકિર્દી અપનાવવા માટે ગમે તેવી આકર્ષક દરખાસ્તો આવે તોપણ શિક્ષક તરીકેનો વ્યવસાય છોડતા નથી. 'મૈંને ઓઢી ચુનરિયા તેરે નામ કી !' હું સદાકાળ શિક્ષક રહીશ !

મારી આજની વાતનો સથવારે આપનામાં શિક્ષક હોવાનું ગૌરવ તાજું થાય, અર્થપૂર્ણ થાય તો મારું આપની વચ્ચે ઉપસ્થિત થયાનું સાર્થક લેખીશ.

વિદ્યાર્થીઓ માટે તેમના શિક્ષક એ ભૂતકાળની ઘટના નથી. શાળા-કૉલેજમાં ભણતા હોય ત્યારે તો સર, સાહેબ, મૅડમ કે બહેન કહે, પણ ભણી રહ્યા પછી પણ, તેમનાં બાળકો ભણતાં થાય તો પછી પણ, પ્રૌઢવયે પોતાના શિક્ષક પ્રવૃત્ત હોય કે નિવૃત્ત, તે તેઓને સર કે મૅડમ જ કહે છે અને અન્યોને પોતાના ટીચર તરીકે હરખભેર ઓળખાવે છે.

ક્યારેક તો શિક્ષક તરીકેની ઓળખ સગાંઓની યાદીમાં પણ ઘૂસી જતી હોય છે. એક વાર લગ્નના જમણવારમાં, એક સજ્જને પોતાન મિત્રોને મારી ઓળખાણ આપી – 'હી ઇઝ માય ટીચર-ઇન-લૉ !' હવે ફાધર-ઇન-લૉ, મધર-ઇન-લૉ ! વગેરે સગપણો તો સમજાય પણ આ તો ટીચર-ઇન-લૉ ! મને પણ તત્કાળ આ ઓળખ સમજાઈ નહિ; ત્યાં તો એમણે મિત્રો સમક્ષ ફોડ પાડ્યો કે પરિચય આપનાર સજ્જનનાં પત્ની ભૂતકાળમાં મારાં વિદ્યાર્થિની હતાં ! હું એમનાં પત્નીનો શિક્ષક : ટીચર-ઇન-લૉ !

આચાર્ય વિનોબાજીને મળવા ગયેલા એક પ્રોફેસરે કહ્યું, 'બાબા, મારા હાથ નીચેથી તો હજારો વિદ્યાર્થીઓ નીકળી ગયા છે ! બાબાએ પૂછ્યું : 'એ હજારોમાંથી એકેય હાથમાં રહ્યો કે નહિ ?'.... મિત્રો આપણા હાથ નીચેથી પસાર થયેલા વિદ્યાર્થીઓ, તે પછી, આપણા હાથમાં રહે છે ખરા ? જેના હૈયામાં વિદ્યાર્થીઓ વસતા હોય ને જે વિદ્યાર્થીના હૈયે વસતા હોય તે સદાકાળના શિક્ષક છે.

આપણા શિક્ષકત્વને આપણે એવું વિકસાવવું ઘટે કે આપણે બંને એકબીજાને હૈયે વસીએ.

## ૨. શિક્ષકત્વની સાધનામાં પાસાં :

### ૧. ચારિત્ર્યશુદ્ધિ

શિક્ષત્વને વિકસાવવું – આ એક સાધના છે. આ સાધનામાં મારી દૃષ્ટિએ પાંચ પાસાં છે. એ પાંચેય પાસાંને જે વિકસાવે તે મારી સમજે પૂર્ણ શિક્ષક – પરફેક્ટ ટીચર – લેખાય. તેને અધિકાર મળે એમ કહેવાનો કે – આઇ'મ અ ટીચર.

પૂર્ણત્વના પ્રયાસી અને પ્રવાસી શિક્ષકનુ ચારિત્ર્ય શુદ્ધ હોવું ઘટે છે. સામાન્ય લોકો બીજાના ચારિત્ર્ય અંગે અભિપ્રાય આપવાને ઉતાવળા હોય છે. વાસ્તવમાં, બીજાના ચારિત્ર્યને યથાર્થ જાણી શકાતું નથી. જે તે વ્યક્તિ જ પોતે પોતાનું ચારિત્ર્ય છે. કેરેક્ટર ઇઝ વૉટ યૂ આર ઇન ડાર્ક. આને બદલે ચારિત્ર્ય એ સદ્‌ગુણોનું સંયોજન છે. કેરેક્ટર ઇઝ ધ કૉમ્બિનેશન ઑફ વર્ચ્યુઝ. રૂઢિગત અર્થમાં ચારિત્ર્ય નબળું કે સબળું હોવાનો અભિપ્રાય લોકો બે બાબતોના સંદર્ભે આપતા હોય છે. : સ્ત્રી-પુરુષ સંબંધ અને આર્થિક વ્યવહાર. આ બંને સ્થૂળ બાબતો છે : છતાં શિક્ષકત્વના આરાધક માટે ઓછા મહત્ત્વની નથી.

શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે અંગત આર્થિક વ્યવહારમાં પડવું જ ન જોઈએ; પરંતુ શાળાના વહીવટવશ જો આર્થિક વ્યવહારમાં પડવાનું થાય તો એમાં પારદર્શિતા જળવાવી જોઈએ. પ્રવાસ, પુસ્તક કે રમતનાં સાધોનની ખરીદી, ટીએડીએ કે સ્કૉલરશિપ : આવી બધી આર્થિક બાબતો છે. વિદ્યાર્થી શિક્ષકનો લેણદાર તો ક્યારેય હોવો ન જોઈએ. વધુમાં, જે શિક્ષક દ્વારા વિદ્યાર્થીનું આર્થિક શોષણ થાય તે શિક્ષક વિદ્યાર્થી માટે હીરોમાંથી જીરો થઈ જાય છે.

આર્થિક વ્યવહાર કરતાંય વધુ ધ્યાનપાત્ર બાબત શિક્ષકનો વિદ્યાર્થી સાથેનો વિજાતીય સંબંધ છે. શિક્ષકની ભૂમિકા તો વિદ્યાર્થીનાં પિતા કે માતા; મોટા ભાઈ કે મોટી બહેન તરીકેની છે. વડીલ મિત્ર તરીકેની છે. આ ભૂમિકાના ગૌરવને જોખમમાં મૂકીને કોઈ શિક્ષક વિદ્યાર્થી સાથે 'સુંવાળા સંબંધ' વિકસાવે તો તે અંગે શું કહીશું ? કેરેક્ટર સર્ટિફિકેટ આપવાની સત્તા ધરાવતા આવા પ્રિન્સિપાલ વિશે શું કહીશું ? મારી એક લઘુકથા છે – 'કેરેક્ટર સર્ટિફિકિટ.'

બરાબર બે વરસ પછી શીલાએ કૉલેજ-કંપાઉન્ડમાં પગ મૂક્યો. વિદ્યાર્થીઓને દક્ષિણ ભારતના પ્રવાસની તૈયારીમાં વ્યસ્ત જોઈને એને પોતાના સમયમાં યોજાયેલા ઉત્તર ભારતના પ્રવાસની યાદ આવી ગઈ. એ પ્રવાસ દરમિયાન કોઈ એક શહેરના થિયેટરના અંધારામાં પોતાની બાજુની ખુરશી પર બેઠેલા પ્રોફેસર.

હવે પ્રિન્સિપાલ થઈ ચૂક્યા હતા. એમની ચૅમ્બરમાં પગ મૂકતાં જ 'ભીની' પૃચ્છા શરૂ થઈ : 'આવ શીલા, બેસ, બેસ. મઝામાંને ? કેમ ભૂલી પડી ?'

'મારી સરકારી નોકરી માટેની અરજીમાં કેરેક્ટર સર્ટિ. જોડવાનું છે. તે માટે આપનું સર્ટિ. વેલિડ ગણાય છે. તો એ મને આપશો ને સર ?'

આ બાબતે પ્રશ્ન એ થાય છે કે આવી હકીકતો પછી શાળા-કૉલેજની શ્રદ્ધેયતા જોખમાય છે કે નહિ ? જાણીતા લેખક અને સમજસેવકે તો સીધો પ્રશ્ન કર્યો છે : વાલીઓ પોતાની દીકરીને, આવી પરિસ્થિતિમાં, ભણવા મોકલતાં અચકાશે કે નહિ ? એમાંય જો શિક્ષક-વિદ્યાર્થિની વચ્ચે આવા કિસ્સા થતા જ રહે તો વાલીઓ ક્યાં લગી સહી લેશે ? શા માટે સહી લેશે ?

તરુણ વિદ્યાર્થિનીઓ યુવાન અધ્યાપક પ્રતિ આકર્ષાય અને ક્યારેક અ-સામાન્ય વર્તન કરે તે ક્ષણો નાજુક હોય છે. અહીં ધ્યાનમાં લેવા જેવું એ છે કે સંવેગનો જવાબ સંવેગ હોઈ શકે નહિ. ચરિત્રવાન શિક્ષકની પ્રતિભા તો એવી હોય કે ભૂલા પડેલા વિદ્યાર્થી તેમની પાસે ભૂલનો એકરાર કરે અને સાચા માર્ગે ચડવા માટે શિક્ષકનું માર્ગદર્શન મેળવે.

હા, પુખ્તવયના વિદ્યાર્થી-વિદ્યાર્થિની વચ્ચે પરિચય-પ્રીત થાય ને આ વખત જતાં તેઓ પરણે તો તેથી સમાજને એટલો આઘાત લાગતો નથી. શિક્ષક-વિદ્યાર્થિની વચ્ચેના ભીના સંબંધોના કિસ્સા તેમને અકળાવે છે. તેમાંય પત્ની હયાત હોવા છતાં શિષ્યા સાથે કહેવાતા પ્રેમમાં ખાબક્યા પછી ઘર માંડે તો તેવા શિક્ષકોથી સમાજને ચેતવા જેવું લાગે ખરું.

ચારિત્ર્ય અંગેની ઉક્ત વાત પરંપરિત છે; પરંતુ

શૈક્ષણિક ચારિત્ર્ય ભ્રષ્ટ થનાર પાસે કશું જ રહેતું નથી.

ચારિત્ર્ય સંદર્ભે અંગ્રેજીમાં કહેવાતી પ્રચલિત ઉક્તિ અનુસાર પૈસો ગુમાવવાનું તો ઝાઝો અફસોસ કરવા જેવું નથી; તબિયત લથડે તો દવા લેવાશે ને સાજા થવાશે; પરંતુ ચારિત્ર્યભ્રષ્ટ થનાર પાસે કશું જ રહેતું નથી.

ચારિત્ર્ય અંગેની ઉક્ત વાત પરંપરિત છે, પરંતુ શૈક્ષણિક ચારિત્ર્ય ભ્રષ્ટ થનાર પાસે કશું જ રહેતું નથી.

શિક્ષક ટ્યૂશન થકી બદનામ છે. ટ્યૂશન પોતે છેક અનિષ્ટ નથી; પરંતુ તેમાંથી જન્મતી તરફદારી – પાર્શિયાલિટી – અનિષ્ટ છે. તેનાથી શિક્ષકને 'મામકા' માટે જે મમત્વ જાગે છે તે અનિષ્ટ છે. શિક્ષકે જરૂર જણાતાં પગાર ઉપરાંતની કમાણી કરવી ઘટે છે – પણ ઇષ્ટ માર્ગેથી, તેના શિક્ષકત્વને ઝાંખપ ન લાગે તે રીતે. કેટલાક શિક્ષકો તો રશિયન લેખક ટૉલ્સ્ટૉયની વાર્તાના ખેડૂત-પાત્રની જેમ લાકડીથી જમીન પર લીટી દોરતા દોરતા દોડ્યે જાય છે... દોડ્યે જાય છે; છેવટનું તો સૌ જાણો છો ને ? એને જમીન મળી છ ફીટ, જ્યાં એ ધબ કરતો પડી ગયેલો ને છેલ્લા શ્વાસ લીધેલા !

પૈસો જ સર્વસ્વ નથી જીવનમાં. મારા જીવનગુરુ ડોલરભાઈ માંકડને મેં પૂછેલું, 'બાપુજી, જીવનમાં ધનનું મહત્ત્વ કેટલું ?' એમણે ત્રણ જ શબ્દોમાં આપ્યો જવાબ : 'જીવન જીવાય એટલું.'

ઇફ ટ્રસ્ટ ઇઝ લોસ્ટ, સમથિંગ ઇઝ લોસ્ટ. શિક્ષકે જો વિદ્યાર્થીનો વિશ્વાસ ગુમાવ્યો તો થોડું કૈંક ગુમાવ્યું કે'વાય; પણ તે વિશ્વાસ પાછો મેળવી શકાય છે. પેલી બાળવાર્તા યાદ આવે છે ? ઘેટાં-બકરાં ચરાવવા સીમમાં ગયેલ છોકરાએ 'વાઘ આવ્યો રે, વાઘ'ની ખોટી બૂમો પાડીને લોકોનો વિશ્વાસ ગુમાવ્યો તે પછી ખરેખર વાઘ આવતાં સાચી બૂમ પડી ત્યારે કોઈ તેની વહારે ન આવ્યું. મને વારતાનો આ અંત મંજૂર નથી. મારી કલ્પનાનો એ છોકરો લોકોનો વિશ્વાસ ગુમાવ્યા પછી સાચું બોલતાં રહીને લોકોનો વિશ્વાસ પાછો મેળવી શક્યો. આમ ગુમાવેલો વિશ્વાસ ફરી મેળવી શકાય છે. ફેઇથ કેન બી રીગેઇન્ડ !

બટ ઇઝ ટી.સી. ઇઝ લોસ્ટ, એવરીથિંગ ઇઝ લોસ્ટ ! ટી. સી. એટલે ટીચિંગ કન્ટેન્ટ, શીખવવાનું વિષયવસ્તુ. શિક્ષક જો પોતાના વિષય પરની પકડ ગુમાવી બેઠો હોય તો એઝ અ ટીચર, હી ઓર શી ઇઝ નો મોર !

વિષય-પ્રભુત્વના અભાવે વર્ગમાં સમયસર ન જતાં શિક્ષકો, તેજસ્વી વિદ્યાર્થીને ખોટી બાબતે દબડાવતા શિક્ષકો, વર્ગમાં આત્મકથાના ટુકડા વેરતા શિક્ષકો, ખરેખર શિક્ષક તો નથી જ ! જે શીખવવાનું છે તે ટીચિંગ કન્ટેન્ટ અંગે પૂરતી તૈયારી કર્યા વિના વર્ગમાં પ્રવેશ થાય જ કેમ ? અને જે શીખવવાનું છે તેટલું જ, તે તાસ પૂરતું જ જાણતો શિક્ષક એ પૂઅર ટીચર-દરિદ્ર-શિક્ષક છે. ને વર્ગમાં વિદ્યાર્થી પર આધારિત રહેવાનું થાય એ કેવું ?

ન્યાયજગતમાં મશહૂર ન્યાયાધીશો જસ્ટિસ ચાગલા અને જસ્ટિસ ભગવતી સહાધ્યાયી હતા. તેમના વર્ગમાં એક પ્રોફેસર દાખલો ગણતાં ગણતાં અટકી ગયા ત્યારે ભગવતીએ બીજું સ્ટેપ સૂચવતાં દાખલો ગણાઈ ગયો ! તે પછી ચાગલા ઊભા થયા ને કહ્યું કે, 'સર તમે જે લખ્યું હતું તે બરાબર હતું. તે પ્રમાણે જ આગળ વધો.' – ને તે પ્રમાણે આગળ વધતાં દાખલો થઈ ગયો ! – પણ પ્રોફેસરની પ્રતિષ્ઠા સ્ટેચ્યુ થઈ ગઈ !

શિક્ષકના વિષય-પ્રભુત્વ થકી જ સમગ્ર વર્ગ જીવંત રહે છે. વડોદરામાં પ્રો. છાયા જનરલ એજ્યુકેશનના તાસ લેતા હતા ત્યારે ફીશરીઝ જેવા વિષયના અધ્યાપન વખતે અન્ય ફૅકલ્ટીના વિદ્યાર્થીઓ પણ બેસી જતાં અને જગા ન મળે તો બારી પાસે ઊભા રહી જતા !

એક કઠિયારો દાંત પીસી પીસીને ઝાડ કાપી રહ્યો છે. એને પૂછ્યું તો એણે કહ્યું કે, 'પાંચ કલાકથી કાપું છું.' આપણે કહીએ, 'તમે થોડી વાર આરામ કરીને કરવતીની ધાર તીણી બનાવો, ઝટ કપાઈ જશે.' આજનો ટીચર બ્રાન્ડ કઠિયારો બોલે છે, 'મને ધાર કઢાવવા જવાનો સમય નથી.' વર્ગમાં પ્રવેશતાં પહેલાં ભેજાને ધારદાર કરવા માટે વાચનની જરૂર હોય છે; આ વાચન માટે સમય નથી એવું સમાધાન કેમ ચાલી શકે ?

ચારિત્ર્યવાન શિક્ષકને માનસિક ધાર માટે કૉલેજ-યુનિવર્સિટીના પુસ્તકાલયથી સંતોષ થતો હોતો નથી. એ પોતાને ઘેર પણ અંગત લાઇબ્રેરી વિકસાવતો રહે છે – તેને અપડેટ કરતો રહે છે. ટીચિંગ કન્ટેન્ટમાં નબળા શિક્ષકો તેજસ્વી વિદ્યાર્થીઓને જ નહિ પણ ઠોઠ નિશાળિયાઓને પણ હીરો નહિ જીરો લાગવાના ! આથી

જ ઇફ ટીચિંગ કન્ટેન્ટ ઇઝ લોસ્ટ, એવરીથિંગ ઇઝ લોસ્ટ !

**૨. વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમ.**

'હું શિક્ષક છું.' એમ કહેનાર શિક્ષકને વિદ્યાર્થીઓ તો સદાકાળ પ્રિય જ હોવાના. 'સદાકાળ' એટલે વર્તમાન તેમજ પૂર્વેના વિદ્યાર્થીઓ તેમને પ્રિય હોવાના જ. વિદ્યાર્થીની અનુપસ્થિતિ જેમાં શિક્ષક હોવાપણું સંભવિત જ નથી ! શિક્ષકને પોતાના વિદ્યાર્થીઓના હિતની સદા ખેવના રહ્યા કરતી હોય છે. ફિલસૂફ સોક્રેટિસનું વિધાન છે – 'માત્ર પોતાના જ નહિ, પરંતુ બીજા માણસોનાં બાળકોના સાચા ઘડતર તરફ પોતાનું લક્ષ જે માણસ કેન્દ્રિત કરી રહ્યો છે, તેનાથી વિશેષ દિવ્ય ઉદ્દેશવાળો કોઈ માનવી વિશ્વને વિશે વિચારતો નથી.'

પ્રેમરોઝ અને ડિસોઝા નામના કલકત્તાના બે પાદરીઓને ખેદ અને નવાઈ પણ લાગતી હતી, પોતાને આસ્તિક તરીકે ઓળખાવતા એન્ડ્રુઝ રવિવારે ચર્ચમાં પ્રાર્થના કરવા આવતા ન હતા. એમણે જ્યારે એન્ડ્રુઝને આ વાત કરી ત્યારે એણે જવાબ આપ્યો : 'મારી રવિવારની પ્રાર્થના જોવા માટે આ વખતે તમે શાંતિનિકેતન આવજો.' બંને પાદરીઓએ જોયું કે એન્ડ્રુઝ કેટલાક વિદ્યાર્થીઓ વચ્ચે બેઠા હતા. પાદરીઓને આવકારીને એન્ડ્રુઝે કહ્યું, 'જ્યારે વિદ્યાર્થીઓ વચ્ચે હોઉં છું ત્યારે આપોઆપ મારું દેવળ ત્યાં રચાઈ જાય છે.'

પ્રિન્સિપાલ પી. જી. માવળંકરને હજારેક વિદ્યાર્થીઓનાં નામ યાદ રહેતાં. સિટીબસમાં તેમને જગા આપવા વિદ્યાર્થીઓ ઊભા થઈ જતા, તો એ કહેતા – 'બેસી જાઓ. અહીં હું પેસેન્જર છું, પ્રિન્સિપાલ નથી. ઊભા થજો, પણ કૉલેજના વર્ગમાં.' કૉલેજમાં વિદ્યાર્થીઓ સાથે નિસંકોચ ટેનિસ રમતા ત્યારે કહેતા – 'જોજો, પ્રિન્સિપાલ છું માટે મને જિતાડશો નહિ; તમે તમારી પૂરી તાકાત અને આવડતથી રમજો; હારજીત ગૌણ છે, માણવાનો તો છે સાથે રમવાનો આનંદ !'

વિદ્યાર્થીઓ સાથે પ્રેમનો અર્થ સસ્તી લોકપ્રિયતા થતો નથી. પ્રિ. માવળંકર પોતાના લગ્ન પછીના દિવસે કૉલેજના વર્ગમાં ગયા ત્યારે વિદ્યાર્થીઓએ હરખભેર કહ્યું, 'વી વૉન્ટ હોલીડે.' પ્રિ. માવળંકર કહે : 'લગ્ન પછી રજાઓ તો મારે માણવી રહી; પણ હું તમારા સૌના માટે ખાસ અહીં આવ્યો છું. અભ્યાસક્રમ સમયસર પૂરો કરવા હું ધારું છું.' સૌ માની ગયા.

પોતે હયાત હતા ત્યારે 'ગુરુજી' તરીકે પંકાયેલા પ્રો. તખ્તસિંહ પરમાર એફ. વાય.ના વર્ગમાં ભણાવતા હતા ત્યારે એક વિદ્યાર્થી વર્ગની બારીમાંથી કૂદીને સરક્યો બહાર ! તે સાથે હાથમાં પુસ્તક સાથે તખ્તસિંહ પણ એ જ બારીએથી કૂદ્યા અને પેલા ભાગેલા વિદ્યાર્થીને કાંઠલેથી પકડ્યો ને લાવ્યા પાછો વર્ગમાં – 'દીકરા ભણવાનું નથી ગમતું ?'

ગાડીમાં ભજન ગાઈને પેટિયું કાઢતા કોઈ અજાણ્યા કિશોરને જૂનાગઢના પ્રોફેસર પ્રતિમાબહેન ભણતો કરે છે. એ કિશોર આગળ જતાં એ જ કૉલેજમાં પ્રોફેસર થાય છે – એ છે ડૉ. ભૂપત પરમાર ! પૂજ્ય બહેનના અવસાન પછી એ પ્રોફેસર દૈનિકમાં તેમને શ્રદ્ધાંજલિ છપાવે છે ને કારજને દિ' માથું મુંડાવે છે !

પ્રોફેસર સી. વી. રામનને 'ભારતરત્ન'નો ઇલ્કાબ લેવા માનભેર દિલ્હી તેડાવ્યા પણ એ ગયા નહિ ! કારણ : 'મારા એક વિદ્યાર્થીની પીએચ.ડી. થીસિસ ૩૧ જાન્યુઆરી પહેલાં પૂરી કરાવવાની છે. મારા વ્યક્તિગત લાભ કરતાં એનું કામ વધુ અગત્યનું છે.'

પરમાત્મા પાસે શિક્ષક તરીકે મારે જો કોઈ વરદાન માગવાનું હોય તો માગું કે પ્રભુ, મને સાંદીપનિ મુનિની વિહ્વળતા આપો. કૃષ્ણ-સુદામા ગયા છે જંગલમાં લાકડાં કાપવા; વરસાદ ત્રાટક્યો છે. મુશળધાર; હજુ એ આવ્યા નહિ ! એ બંને શિષ્યોનાં નામ પુકારતા સાંદીપનિ મુનિ જંગલમાં આથડે છે ! આ છે શિક્ષકની વિદ્યાર્થીઓ માટેની વિહ્વળતા.

પ્રેમ કરવાની અસમર્થતા એ સૌથી મોટું પાપ છે, જેનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી. હું શિક્ષક છું; અને વિદ્યાર્થીઓને 'ઇલુ ઇલુ' કહું છું; અર્થ સાથે – મનમાં ! કેમ કે પ્રેમ એ પ્રતીતિનો વિષય છે, પ્રદર્શનનો નહિ.

**૩. સર્જન-સંશોધન**

સર્જન અને સંશોધનનો આરંભ અવલોકનથી થાય છે, વાચનથી થાય છે, વિચારથી થાય છે. સાહિત્ય અને સંશોધનક્ષેત્રે પ્રદાન કરનારાઓની યાદી બનાવીએ તો તેમાં શિક્ષકોનો સિંહફાળો હોવાનું જણાઈ આવે છે.

સર્જન કરવા માટે સર્જન કરવાની ઇચ્છા, તીવ્ર ઇચ્છા મહત્ત્વની હોય છે. જે તે બાબતે ચિંતન થયા કરવું

જોઈએ. શિક્ષણકાર પ્રિ. પ્ર. ત્રિવેદીના ઑફિસ-ટેબલ પર એક ત્રિપાર્શ્વપટ્ટી પર એક સૂત્ર કોતરેલું રહેતું : 'થિંક, થિંક, થિંક.'

ગુરુસ્તુતિમાં પહેલું નામ બ્રહ્માનું આવે છે. 'ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વર...' તેમાં પહેલાં નિર્દેશિત બ્રહ્મા સર્જક છે. ચારેય દિશામાં દૃષ્ટિ છે એમની. આ પ્રત્યેક સર્જક માટે ચિંતનીય બાબત છે.

સર્જન એ આત્મલક્ષી અનુભવની અભિવ્યક્તિ છે. સર્જનની અર્થચ્છાયામાં જઈએ તો સમજાય છે કે સર્જન એ નવીન ગોઠવણી છે; કશાકને સજાવવું તે સર્જન છે. સર્જન તો આનંદદાયક છે, કેમ કે એ કળા છે. કળાનો અર્થ થાય છે – આનંદદાયિની. શિક્ષક સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય – એમ કળાના અનેકવિધ ક્ષેત્રોમાંથી પોતાનું ચિત્ત બેસે તે ક્ષેત્રમાં અભ્યાસપૂર્ણ સાધના પછી પ્રદાન કરી શકે છે, પ્રદાન કરી પણ રહ્યા છે. શિક્ષકો ગમે તે કારણે, બીજું કોઈ સંશોધન ન કરી શકે તો વર્ગમાં ક્રિયાત્મક સંશોધન [એક્શન રિસર્ચ] તો અવશ્ય કરીને પોતાના શિક્ષણકાર્યને વધુ અસરકારક કરી શકે.

**૪ સમાજલક્ષિતા**

'આઇ'મ અ ટીચર' એમ કહેનાર શિક્ષક સમાજથી વિમુખ હોઈ શકે નહિ. પ્રત્યેક શિક્ષકમાં સમાજલક્ષિતા હોવી જોઈએ. શાળા કે કૉલેજ એ શિક્ષકનો સંસાર કે સાસરું છે, જ્યારે સમાજ એ તેનું પિયર છે. શિક્ષક જો સમાજલક્ષી ન હોય તો તેના વિદ્યાર્થીઓમાં આ પાસું કેમ વિકસે ? મહાત્મા ગાંધીજીને એવું પૂછવામાં આવ્યું હતું કે 'તમને દિવસ-રાત કઈ ચિંતા સતાવ્યા કરે છે ?' તેમનો બે શબ્દમાં જવાબ હતો : શિક્ષિતોની સંવેદન-શૂન્યતા.'

આજે માણસ જેમ જેમ વધુ ને વધુ શિક્ષિત થતો જાય છે તેમ વધુ ને વધુ સમાજવિમુખ થતો જાય છે; ને એ વિમુખતાની શરૂઆત પરિવારથી થાય છે : ઘરમાં ઘરડાં ગમતાં નથી, ઘરડી થતી ઘરવાળીય ગમતી નથી ! શિક્ષિતોને વ્યક્તિગત વિકાસ (કરિયર)નો ક્રેઝ ગાંડપણની કક્ષાએ પહોંચી રહ્યો છે. ટીવી ચૅનલ પરનાં બિહામણાં, હિંસક, હલકટ, ઘૃણાસ્પદ, કરુણ દશ્યો નાસ્તો કરતાં લોકો ટેસથી જોઈ શકે છે; કરુણ દશ્યો તેમનાં હૈયે કશી હલચલ મચાવી શકતાં નથી.

બંગાળના જાણીતા વિદ્વાન અને સમાજસુધારક એક નાટક જોવા ગયા. તેમાં ખલનાયક એક ગરીબ સ્ત્રી પર જુલમ કરતો હતો. જેમ જેમ નાટક આગળ વધતું ગયું તેમ તેમ તેનો જુલમ વધતો ચાલ્યો. આ હવે તો હદ બહારનો જુલમ નાટક જોતા ઈશ્વરચંદ્રથી સહેવાયું નહિ; એમણે ઝટ પોતાનું એક પગરખું કાઢ્યું ને તે પેલા જુલમગાર તરફ ફેંક્યું. પેલા કલાકારે એ પગરખું પ્રશસ્તિ પત્રની જેમ જીવનભર જાળવ્યું.... કોઈ અન્યની વ્યથા એ પોતાની થતી હોય એમ લાગતી નથી ! ખેડૂતો દ્વારા થતી આત્મહત્યાઓ શિક્ષિતોના અંતરને અકળાવતી નથી!

આ કવિતા કેટલા શિક્ષકોને અડકી જશે ? બે શબ્દોની આ કવિતા. શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીની આ કવિતા. એનું શીર્ષક ત્રણ શબ્દોનું; કવિતા બે શબ્દોની ! શીર્ષક : 'મરી ગયેલા વાછરડાને'; હવે કવિતા : 'હે વત્સ ! વહાલા વાછરડા માટેની આ સંવેદના પોતાના અંતરને આંદોલિત કરી જાય તે માટે આપણે મેળવેલ ડિગ્રી સર્ટિ. રૂમાલથી ઢાંકી દેવા પડે કે શું ?

વ્યક્તિની સમાજલક્ષિતાનું માપન કરવા માટે એક સુંદર સાખી છે, જાણીતી છે :

**'જબ આયા તૂ જગતમેં, જગ હંસે તુમ રોય;**
**કરની ઐસી કર ચલો, તુમ હંસો જગ રોય !**

કદાચ ભાવનગરની આ ઘટના છે : પિતા શંકરપ્રસાદનું અવસાન થયું છે. તેમનાં ચાર સંતાનો. ત્રણ ભાઈ અને એક બહેન. આ ભાંડુઓમાં સૌથી નાનકો રમણ બંધાતી નનામીને ભીની આંખે જોતો હતો. તેને હાથમાં દોણી આપવામાં આવી. લોકપ્રિય શિક્ષક શંકરપ્રસાદની સ્મશાનયાત્રા શરૂ થઈ. બધાથી આગળ, દોણી લઈને ચાલતા રમણે જોયું : બજારમાં પિતાજીના અવસાનની ખબર પડતાં જ તરતોતરત દુકાનો બંધ થવા માંડી. અસંખ્ય લોકો સ્મશાને હાજર થઈ ગયા. પિતાજી માટેનો આટલો પ્રેમ-આદર જોઈને, અનુભવીને આઠ વરસના નાનકા રમણના ચિત્તમાં ઝબકાર થયો : મોટા થઈને થવું તો આવા સારા શિક્ષક ! ને એ આર. એસ. ત્રિવેદી તરીકે સુપ્રસિદ્ધ શિક્ષક – શિક્ષણના સિતારા તરીકે ગુજરાતભરમાં સન્માનિત થયા !

**૫. ટેક્નોલૉજી**

'આઇ'મ અ ટીચર – 'હું શિક્ષક છું....' એમ

ગૌરવભેર કહેનાર વ્યક્તિ આજની એજ્યુકેશનલ ટૅક્નોલાજીથી વેગળો રહી શકે નહિ. કેવળ ચૉક ઍન્ડ ટૉક કા જમાના તો કબ કા બીત ચૂકા હૈ ! ટૅક્નોલૉજી એ શિક્ષણક્ષેત્રમાં ધસી આવેલી ઘટના છે.

ઘરમાં કે વર્ગમાં પ્રવેશતી વ્યક્તિ જો વિનયશીલ હોય તો એ 'મેં આઇ કમ ઇન સર / મૅડમ !' એમ જરૂર કહે. એ રીતે લિપિ અને મુદ્રણ શિક્ષણમાં આવ્યાં છે; પણ આ ટૅક્નોલૉજી તો વર્ગમાં ધસી આવીને સીધી ટેબલ પર અડિંગો જમાવીને બોલે છે : 'આઇ હેવ કમ ઇન સર / મૅડમ !'

આ રીતે જે પરિવર્તન આવી જ ચઢે છે તેને અપનાવ્યા વિના છૂટકો નહિ. યાદ રહે : 'એપ્લિકેશન ઑફ સાયન્સ ટુ આર્ટ ઇઝ એજ્યુકેશનલ ટૅક્નોલૉજી, અપનાવવી જ રહી. અજમાવવી જ રહી,. જોકે હવે શિક્ષકો/અધ્યાપકો પોતાના વિષયના શિક્ષણ વખતે ટેલી-કૉન્ફરન્સ, વીડિયો કૉન્ફરન્સ, ઑનલાઇન કોર્સિસ, ઇન્ટરનેટ, ઇ-મેલ, ટીચિંગ મશીન, લેન્ગ્વેઝ લેબોરેટરી, પ્રોજેક્ટર, એપિડાયોસ્કોપ, રેડિયો-ટીવી, કમ્પ્યૂટર જેવાં સાધનો અને માઇક્રો ટીચિંગ પ્રોગ્રામ લર્નિંગ જેવી પ્રયુક્તિઓ અજમાવી રહ્યા છે. અપનાવી રહ્યા છે.

જોકે કમ્પ્યૂટર જગતમાં ક્રાંતિ લાવનાર ધનકુબેર બિલ ગેટ્સનું મંતવ્ય છે કે કમ્પ્યૂટર ટૅક્નોલૉજી કદી પણ શિક્ષકોનું સ્થાન લઈ શકે નહિ. તેમના જ શબ્દોમાં – 'ઇટ વુડ બી બ્લૅક ડે ઇફ કમ્પ્યૂટર્સ એવર રિપ્લેસ ટીચર્સ.'

શિક્ષકો માટે એ આશ્વાસન બીના છે કે એક શહેરની અદ્યતન શાળાના વિદ્યાર્થીઓ એજ્યુકેશનલ ટૅક્નોલૉજીના ઉપયોગમાં અતિશયતા થવાથી ત્રાસી ગયા હતા અને વિદેશમાં તો એક શહેરમાં વિદ્યાર્થીઓ ટૅક્નોલૉજીથી સજ્જ ક્લાસરૂમની બહાર એમ ચિલ્લાતા બહાર નીકળી ગયા હતા કે 'વી વૉન્ટ ટીચર્સ; અમને ઠપકો આપે, અમારી પીઠે હાથ મૂકે તેવા શિક્ષકો અમારે જોઈએ છે.' આમ શિક્ષકોએ ટૅક્નોલૉજીના ઉપયોગ અંગે વિવેક જાળવવો ઘટે છે.

**સમાપન**

આઇ'મ અ ટિચર / હું શિક્ષક છું એમ કહેનાર શિક્ષકોએ શિક્ષકપણાના થાંભલા પાસે થોભી જવાનું નથી. એટલું સદ્ભાગ્ય છે કે હવે એ પાઠ્યપુસ્તકોનો કેવળ પોસ્ટમૅન નથી. પોસ્ટમૅન તો તટસ્થભાવે વિતરણ જ કરે છે એ રાહે શિક્ષક કેવળ સંદેશાવાહક – ઇન્ફોર્મર – જ ન રહે.

કોષેકોષે શિક્ષક તો જે કહે તે ભારપૂર્વક કહે. પ્રોફેસર ધ પર્સન હું પ્રોફેસ્સ ધ પર્સન હુ પ્રોફેસ્સ ઇઝ પ્રોફેસર. આવું તો એ જ કહે જે કહી શકતા હોય કે મૈં કહતા હૂઁ. આઁખન દેખી ! અંગ્રેજી ભાષામાં કહેવાતી આ ઉક્તિનો પ્રસાર થવો ઘટે છે : 'હી હુ ટેલ્સ ઇઝ અ પૂઅર ટીચર, હુ એક્સપ્લેન્સ ઇઝ એન એવરેજ ટીચર, ડેમોન્સ્ટ્રેટ્સ ઇઝ અ ગૂડ ટીચર ઍન્ડ હુ એનસ્પાયર્સ ઇઝ એન એક્સેલેન્ટ ટીચર.'

શિક્ષકે ગુરુપદે હોવાનું છે. 'ગુ' અને 'રુ' બંને હ્રસ્વ છે. આ શબ્દમાં બે જ અક્ષરો છે પણ તેનું વજન તો શ્રીકૃષ્ણ કે પૂ. શંકરાચાર્યજી – બંને 'જગદગુરુ' જ ઊંચકી શકે ! યાદ રહે – ભારતીય સંસ્કૃતિના આ વજનદાર શબ્દને અંગ્રેજી ભાષામાં લખવાનું બને ત્યારે 'GURU' જ લખાય છે !

કેવા છે એ ગુરુ ? એ ચારિત્ર્યવાન છે; વિદ્યાર્થી પ્રત્યે વત્સલ છે, સર્જક કે સંશોધક છે, સમાજપ્રેમી છે અને ટૅક્નોલૉજી સાથે તાલમેલમાં છે.

મુંબઈના જાણીતા ચિંતક અને વક્તા શ્રી હરિભાઈ કોઠારીની વાણી કાને ધરવા જેવી છે : 'જૂના કાળના ગુરુઓ અગ્નિપૂજા કરતા. સાચો શિક્ષક ગૌરવભેર કહી શકે કે હું શિક્ષક છું, ઉપયોગી છું. અગ્નિમાં અન્ન પકાવું છું, પણ ગજવામાં મૂકવા ઇચ્છનારને દાહક થઈને દઝાડું છું.'

આવા ગુરુપદ પ્રતિ સાચા અને સંનિષ્ઠ શિક્ષકનું જાગ્રત પ્રયાણ હોય છે. જનમોજનમ મળો વ્યવસાય તો શિક્ષકનો ને તે ગાળે પ્રાપ્ત થાઓ ગરવું ગુરુપદ ! ગુરુપદ પ્રાપ્ત થયા પછી દોઢ-દોઢ કલાક બોલવાપણું ન હોય...' ગુરોસ્તુ મૌનમ વ્યાખ્યાનં, શિષ્યાસ્તુ છિન્નસંશયાઃ' – પણ બટ આઇ'મ અ પૂઅર ટીચર ! – અને આથી આટલું બધું બોલી ગયો !... આપ સૌનો ખૂબ આભાર.

**ઈશ્વરભાઈ પરમાર**

'મોરપીંછ', સિદ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫

મો. ૯૪૨૭૨૮૪૭૪૨

(કેળવણી વિમર્શ, જુલાઈ-ઑગસ્ટ, પૃ. ૮-૧૪માંથી સાભાર)

# ડિગ્રીધારીઓ દ્વારા ભ્રષ્ટાચાર : કારણ અને નિવારણ

**તુલસીભાઈ પટેલ**

'અચલા' (જુલાઈ'૨૧)ના ચોથા કવરપેજ પર આપણા માનનીય ગવર્નર આચાર્ય દેવવ્રતજીના પ્રવચનનો એક અંશ પ્રગટ થયો છે. એમણે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર્સ એજ્યુકેશનના સ્થાપના દિવસના કાર્યક્રમમાં વિચારપ્રેરક સંબોધન કર્યું હતું. એમણે કોરોનાકાળમાં થયેલા ભ્રષ્ટાચારનો ઉલ્લેખ કરીને કહ્યું કે, ''આ બધું ભણેલા-ગણેલા ડૉક્ટરો, એન્જિનિયરો, ડિગ્રીધારકોએ કર્યું છે. ધરતી પર પાપ, બેઈમાની, ભ્રષ્ટાચાર ભણેલા-ગણેલા લોકો દ્વારા થઈ રહ્યો છે.'' એમણે એમ પણ કહ્યું કે, ''ચોર બનવાની ટ્રેનિંગ આપતી કે જૂઠું બોલવાનું કે અનૈતિક કામ કરવાનું શિખવાડતી કોઈ સ્કૂલ નથી છતાં ચોરોની કોઈ કમી નથી.''

આજના શિક્ષણ વિશે માનનીય ગવર્નર સાહેબે સ્પષ્ટ ભાષામાં પોતાના વિચારો નિર્ભીક રીતે રજૂ કર્યા છે. ઉચ્ચપદધારી વ્યક્તિઓ શબ્દચોરી કરતા હોય છે. ગવર્નર સાહેબે એવું નથી કર્યું. તેઓ અભિનંદનના અધિકારી છે. ભ્રષ્ટાચાર કરનારાઓ માટે એમણે 'ડિગ્રીધારી' શબ્દપ્રયોગ કર્યો છે. એ ખૂબ સૂચક છે. આપણે ડિગ્રીધારીને જ શિક્ષિત માનીએ છીએ; પરંતુ આજે પરિસ્થિતિ વિપરીત છે. આજે 'શિક્ષિત' અને 'ડિગ્રીધારી' વચ્ચે ખાઈ પેદા થઈ છે, જે પ્રતિદિન વધતી જ જાય છે.

આપણા સમાજે અને વિશેષ તો શિક્ષણમાં રસ-રુચિ ધરાવતી વ્યક્તિઓએ, ડિગ્રીધારીઓ દ્વારા થતા ભ્રષ્ટાચારનાં કારણો અને એના નિવારણ વિશે વિચાર કરવાનો સમય પાકી ગયો છે.

પૂ. ગાંધીજીનું આ વિધાન ખૂબ જાણીતું છે કે, ''ચારિત્ર્ય વિનાનું શિક્ષણ એકડા વગરના મીંડા જેવું છે.'' આપણા શૈક્ષણિક પરિસંવાદોમાં વિદ્વાન વક્તાઓ આ વિધાનનું અવારનવા રટણ કરતા હોય છે; પરંતુ આજની પરિસ્થિતિમાં આ વિધાન કેવળ 'શુકપાઠ' બની રહેલ છે. અલબત્ત, વિદ્વાન વક્તાને પણ એની ખબર હોય છે.

ગાંધીજીએ પોતાના નાનકડા વિધાનમાં ભ્રષ્ટાચારનું કારણ અને નિવારણ સચોટ રીતે સૂચવી દીધું છે : ''જ્યાં સુધી શિક્ષણનો અનુબંધ ચારિત્ર્ય સાથે નહીં થાય ત્યાં સુધી શિક્ષણ દ્વારા સમાજ-પરિવર્તનની આશા રાખવી એ પાણી વલોવવા બરાબર છે.''

શિક્ષણના મુખ્ય બે ઉદ્દેશ છે : (૧) વિદ્યાર્થીનું ચારિત્ર્ય નિર્માણ અને (૨) વિવિધ વિષયોનું માહિતીજ્ઞાન. આ બંનેની ઉપયોગિતા નિર્વિવાદ છે, પરંતુ પરિસ્થિતિ આજે વિષમ છે. ચારિત્ર્ય અને માહિતીજ્ઞાન વચ્ચે આજે બિલકુલ સુમેળ નથી. બંનેએ છૂટાછેડા લઈ લીધા છે. જ્યાં સુધી સુમેળ નહીં સધાય ત્યાં સુધી ભ્રષ્ટાચાર દૂર થાય કે સુખી સંવાદીસમાજની સ્થાપનાની આશા રાખવીએ બાવળ પર કેરી પાકવાની ઇચ્છા રાખવા જેવું છે.

માનનીય ગવર્નરશ્રીએ પોતાના પ્રવચનમાં દર્શાવ્યું છે કે વર્તમાન શિક્ષણ માળખું આપણું નથી. એ અંગ્રેજોએ આપેલી વ્યવસ્થા છે. આપણે જે ઇચ્છીએ છીએ તે આ પદ્ધિતમાં છે જ નહીં. આપણી પ્રાચીન ગુરુકુળ વ્યવસ્થા રાષ્ટ્રપ્રેમ અને માનવતાથી ભરેલી હતી, જે સમાજ તથા રાષ્ટ્રને ઉન્નતિ તરફ લઈ જતી હતી. અંગ્રેજોએ આપેલી શિક્ષણવ્યવસ્થામાં ડિગ્રી મેળવનારાઓને માત્ર વેતનથી મતલબ હોય છે. એને માનવતા, ચારિત્ર્યશુદ્ધિ કે રાષ્ટ્રપ્રેમ સાથે સ્નાનસૂતકનો ય સંબંધ નથી.

એક પત્રકારે ગાંધીજીને પૂછ્યું કે, કઈ બાબત આપને સૌથી વધુ દુઃખ પહોંચાડે છે ? ગાંધીજીએ કહ્યું કે, 'ભણેલાઓની હૃદયહીનતા મને સૌથી વધુ દુઃખ પહોંચાડે છે.' આપણી જ શિક્ષણપ્રથાની વાત કરીએ તો આઝાદી મળ્યા પછી થોડા દાયકા સુધી આપણી પ્રાથમિક શાળાઓના અભ્યાસક્રમમાં નીતિશિક્ષણ અને ચારિત્ર્ય-નિર્માણનો સમાવેશ હતો. નીતિશિક્ષણ વિશે એક પુસ્તકનો અભ્યાસક્રમમાં સમાવેશ હતો. એ બાબતમાં આગળ વધવાને બદલે આજે આપણે પીછેહઠ કરતા જઈએ છીએ. આજે કેવળ 'કરિયર' બનાવવા પ્રત્યે સંપૂર્ણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આપણી આજની

શિક્ષણવ્યવસ્થામાં તો 'કરિયર' શબ્દ ભગવાનની જેમ સર્વવ્યાપક બની ગયો છે. આ કરિયરની ઘેલછાએ ન્યાય-નીતિ માનવતાનું ચીરહરણ કર્યું છે ! વળી કરુણ અને દુઃખદ હકીકત એ છે કે ભણેલા કહેવાતા વાલીઓ જ કુમળાં બાળકો પર કરિયર માટે અત્યાચાર કરતા જોવા મળે છે. 'શૈશવનાં સંસ્મરણો'એ માત્ર નિબંધમાં લખવાનો વિષય રહી ગયો. છે. શૈશવ છિનવાઈ ગયું છે, એટલું જ નહીં ત્રસ્ત બાળકો આપઘાત કરવા લાગ્યાં છે.

શાસ્ત્રજ્ઞાન ઉમદા બાબત છે, પરંતુ 'શાસ્ત્ર' જ્યારે 'શસ્ત્ર'નો રોલ ભજવે છે ત્યારે ઉલ્કાપાત મચી જાય છે. એક અંગ્રેજ ચિંતકે કહ્યું છે કે, રેલવેનો અભણ કુલી પાર્સલની ચોરી કરશે, પરંતુ ભણેલો સ્ટેશન માસ્તર આખું વેગન ચોરી જશે ! મતલબ કે ચારિત્ર્ય વિનાનું શિક્ષણ ભ્રષ્ટાચાર કરવાની આવડતમાં વધારો કરે છે. ડિગ્રી અને હોદ્દો જેમ ઊંચા તેમ ભ્રષ્ટાચાર કરવાની તક અને આવડત પણ વધારે. આપણા શાસ્ત્રમાં સચોટ કહ્યું છે, 'साक्षराः विपरीता राक्षसाः भवन्ति ।' 'સાક્ષરા'નું ઊલટું 'રાક્ષસા' થાય છે. ટૂંકમાં ચારિત્ર્યવિહીન શિક્ષણ વ્યક્તિને રાક્ષસ બનાવે છે. ફી માટે થઈને વકીલ કેસ લંબાવે છે. ખૂનીને નિર્દોષ છોડાવે છે એ સફળ વકીલ ગણાય છે. ડૉક્ટર કમણી માટે ટ્રીટમેન્ટ લંબાવે છે, ખોટા લેબોરેટરી ટેસ્ટ કરાવે છે. શિક્ષક, વિદ્યાર્થીને શાળામાં ભણાવવાને બદલે ઘેર ટ્યૂશને બોલાવે છે. પરીક્ષક પૈસા લઈને માર્ક્સ વધારી આપે છે. સ્વનિર્ભર (ખરેખર તો વાલીનિર્ભર) કૉલેજો ડોનેશન (એટલે કે લાંચ) લઈ એડમિશન આપે છે. આ બધું કશાય સંકોચ વગર થઈ રહ્યું છે.

લાખો રૂપિયા ખર્ચીને બનેલા ડૉક્ટર-વકીલ-એન્જિનિયર વગેરે એ દલીલ પણ કરી શકે છે કે, શિક્ષણમાં કરેલા આટલા બધા ઇન્વેસ્ટમેન્ટનું રિટર્ન પણ મેળવવું પડે ને! મોંઘું ભણતર ભ્રષ્ટાચાર કરવા મજબૂર કરે છે. દલીલમાં તથ્ય છે. શિક્ષણસંસ્થાઓમાં જ ભ્રષ્ટાચાર એ વળી અલગ ચર્ચાવિચારણ માગી લે છે. જંતુનાશક દવા જ ભેળસેળવાળી પછી ભ્રષ્ટાચારનાં જંતુઓનો નાશ કેમ કરીને થાય ?

શિક્ષણનો ન્યાય-નીતિ-માનવતા-સહૃદયતા-કરુણા સાથે અનુબંધ થાય; ઉપરાંત આત્મદીપ પ્રગટે તો ભ્રષ્ટાચાર દૂર થાય, બાકી ચારિત્ર્ય-ઘડતરની ગોળીઓ શાળાઓ કે દુકાનમાં મળતી નથી.

અસ્તુ !

**- ૧, ઉદયનગર સોસાયટી,**
**પ્રશાંત સિનેમા પાસે, મહેસાણા**
**મો. ૯૯૯૮૦૮૯૬૩૩**

---

**(અનુસંધાન પૃષ્ઠ ૧૮નું ચાલુ)**

આવક ૪૫,૦૦૦ છે. આ તફાવત રાજ્યોની ક્ષમતાનો નિર્દેશ કરે છે. રાજ્યો કેટલું કરી શકે એમ છે એનો આછો પાતળો ખ્યાલ આ આંકડાઓને આધારે આવે છે. વાસ્તવિકતાને ભૂલી આપણે રાષ્ટ્રીય ધોરણની વાતો કરીએ છીએ તેમાં ગરીબ રાજ્યોના નાગરિકોને પરોક્ષ રીતે અન્યાય થાય છે.

મેડિકલના શિક્ષણમાં રાષ્ટ્રીય ધોરણની વાત કરીએ છીએ, પણ નાગરિકોને દેશમાં એકસરખા ધોરણે તબીબી સારવાર મળવી જોઈએ એ વાત ભૂલી જઈએ છીએ. દેશના ગ્રામીણ વિસ્તારમાં લોકોને ઊંટવૈદાથી ચલાવવું પડે છે અથવા તો કોઈ તબીબી સારવાર વિના જ મરવું પડે છે. આ અસમાનતા આપણને ખૂંચતી નથી. જરૂરિયાત તો રાજ્યના ધોરણે એની ક્ષમતા પ્રમાણે તબીબી શિક્ષણની યોગ્ય પ્રથા ગોઠવવાની છે જેથી નાગરિકોને સદૈવ તબીબી સારવાર મળી શકે.

શિક્ષણ સમાનતાની દિશામાં મોટું પરિબળ બની શકે છે એ વાત ભુલાઈ ગઈ છે અને શિક્ષણ અસમાનતાને વધારનાર પરિબળ બની ગયું છે. સ્વનિર્ભર કૉલેજોની પ્રથા દાખલ કરીને આપણે શિક્ષણને અસમાનતાનું સાધન બનાવી દીધું છે. હવે મેરિટ બજારથી ખરીદવાની વસ્તુ બની ગઈ છે. કોચિંગ ક્લાસના આધારે વિદ્યાર્થીઓ નીટની પ્રવેશ પરીક્ષા કેવી રીતે પાસ કરવી એ શીખી લે છે પણ એ માટે પૈસા હોવા જોઈએ.

**(સૌજન્ય : નિરીક્ષક અંક ૧૯,**
**૧ ઑક્ટોબર, ૨૦૨૧, પૃ. ૧૦)**

# નીટ સામે તામિલનાડુનો વિરોધ

**રમેશ બી. શાહ**

તામિલનાડુ સરકારે તાજેતરમાં નીટનો વિરોધ કરીને ચર્ચા જગાવી છે. એ માટે એમણે એક સમિતિ રચી હતી અને એ સમિતિના અભ્યાસપૂર્ણ આધાર ઉપર તેમણે નીટની પ્રથામાંથી નીકળી જવાનો નિર્ણય કર્યો છે. તબીબી શિક્ષણમાં નીટનો પ્રવેશ પ્રમાણમાં નજીકનો ભૂતકાળ છે. એની વિગતમાં આપણે નહીં જઈએ, પણ એ પૂર્વે જે પ્રથા પ્રથમ સમગ્ર દેશમાં ચાલતી હતી એનો ટૂંકમાં પરિચય આપીશું.

નીટની પ્રથા પહેલાં મેડિકલ કૉલેજોમાં ૧૨મા ધોરણના પરિણામને આધારે પ્રવેશ આપવામાં આવતો હતો. એ પૂર્વે પણ ઇન્ટર સાયન્સમાં વિદ્યાર્થીએ મેળવેલા માર્ક્સના આધારે રાજ્યની મેડિકલ કૉલેજોમાં પ્રવેશ આપવામાં આવતો હતો. ટૂંકમાં, ઇન્ટર સાયન્સની અને એ પછી ૧૨મા ધોરણની પરીક્ષા મેડિકલ કૉલેજોમાં પ્રવેશ માટેની પરીક્ષા બની હતી. એની જગ્યાએ નીટની પ્રથામાં હવે રાષ્ટ્રીય ધોરણે પાત્રતા અને પ્રવેશ પરીક્ષા યોજવામાં આવે છે. એમાં પાસ થનાર વિદ્યાર્થી મેડિકલમાં પ્રવેશ મેળવી શકે છે.

આનું પરિણામ તામિલનાડુની સરકાર નિયુક્તિ સમિતિએ દર્શાવ્યું છે. આ માત્ર ૨૦૧૬-૧૭થી ૨૦૨૦-૨૧ વચ્ચેનાં પરિણામ દર્શાવે છે. સમિતિએ આપેલા આંકડા પ્રમાણે તામિલનાડુમાં સીબીએસસી શાળાઓનાં વિદ્યાર્થીઓનું પ્રમાણ ૦.૯૭%થી વધી ૩૮.૮૪% થયું છે. રાજ્યના બોર્ડના વિદ્યાર્થીઓનું પ્રમાણ ૯૮.૨૩%થી ઘટીને ૫૯.૪૧૩% થયું છે. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીનું પ્રમાણ ૮૫.૧૨%થી વધીને ૯૮% થયું છે. તેની સામે તામિલ માધ્યમ રાખનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ ૧૪.૮૮%થી ઘટીને ૨% થયું છે. જે વિદ્યાર્થીઓના વાલીઓની વાર્ષિક આવક ૨.૫ લાખથી ઓછી હતી એનું પ્રમાણ ૪૭.૪૨%થી ઘટીને ૪૧.૦૫% થયું છે. એની સામે જે વાલીઓની વાર્ષિક આવક ૨.૫ લાખથી વધારે હતી એનું પ્રમાણ ૫૨.૧૧% વધીને ૫૮.૯૫% થયું છે. રાજ્યની સરકારી કૉલેજમાં ગ્રામીણ વિદ્યાર્થીઓનું પ્રમાણ ૬૫.૧૭%થી ઘટીને ૪૯.૯૧% થયું છે. અને શહેરી વિદ્યાર્થીઓનું પ્રમાણ ૩૪.૮૩%થી વધીને ૫૦.૦૯% થયું છે. ખાનગી કૉલેજમાં ગ્રામીણ વિદ્યાર્થીઓનું પ્રમાણ ૬૮.૪૯%થી ઘટીને ૪૭.૧૪% થયું છે અને શહેરી વિદ્યાર્થીઓનું પ્રમાણ ૪૧.૫૧%થી વધીને ૫૨.૮૬% થયું છે.

આ આંકડાઓમાંથી એ સ્પષ્ટ થાય છે કે નીટની પ્રથા ગ્રામીણ વિદ્યાર્થીઓની વિરુદ્ધમાં શહેરી વિદ્યાર્થીઓને પસંદગી આપે છે. અંગ્રેજી માધ્યમને ભારે ઉત્તેજન આપે છે અને પ્રમાણમાં શ્રીમંત કુટુંબના સંતાનોને લાભ આપે છે.

આની સાથે સંકળાયેલી એક વાત નોંધવા જેવી છે. નીટની પરીક્ષા પાસ કરનાર કોઈ વિદ્યાર્થી એવો ન હતો કે જેણે ૨-૩ વર્ષ કોચિંગમાં પરીક્ષાની તાલીમ લીધી ન હોય. આ પ્રકારની પરીક્ષાઓ માટે કોચિંગ ક્લાસમાં શિક્ષણ લેવું અનિવાર્ય થઈ ગયું છે, પણ એ માટે કોચિંગ ક્લાસની તગડી ફી ભરવાની વાલીની તૈયારીઓ હોવી જોઈએ. ગ્રામવિસ્તારોમાં આવા કોચિંગ ક્લાસિસ ન મળવાથી એ વિસ્તારના વિદ્યાર્થીઓને પરીક્ષા પાસ કરવાની તાલીમ મળતી નથી. આને કારણે આ પરીક્ષાએ રાષ્ટ્રીય ધોરણે મોટી અસમાનતા સર્જી છે.


આપણે શિક્ષણને સંયુક્ત યાદીમાં રાખ્યું છે એનો અર્થ એવો થાય છે કે શિક્ષણમાં સુધારા અને પ્રથા રાજ્યો પોતાનાં આગવાં રાખી શકે છે, પણ સમવાયતંત્રને ભૂલીને આપણે રાષ્ટ્રીય ધોરણની વાત કરવા માંડી છે. આમાં આપણે ભૂલીએ છીએ કે ભારતનાં રાજ્યો વચ્ચે મોટો તફાવત છે એનો એક જ નિર્દેશ કરીએ. જે પાંચ રાજ્યોમાં આગામી મહિનાઓમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે તેની માથાદીઠ આવક કેટલી છે એ નોંધીએ, તેમાં ગોવાની આવક ૩ લાખ જેટલી છે. પંજાબની આવક ૧.૧૯ લાખ છે. મણિપુરની આવક ૫૪,૦૦૦ અને ઉત્તર પ્રદેશની

**(અનુસંધાન પૃષ્ઠ ૧૭ ઉપર)**

વિશ્વસાહિત્યની અટારીએથી

# વિક્ટર હ્યુગો (૧૮૦૨-૧૮૮૫) (Victor Hugo)

ડૉ. મનીષ વ્યાસ



ઊર્મિ કાવ્યો, વક્રોક્તિ, મહાકાવ્યો, તત્વચિંતનાત્મક કાવ્યો, ચતુરોક્તિઓ, નવલકથાઓ, ઇતિહાસ લેખન, ટીકાત્મક નિબંધો, રાજનૈતિક ભાષણો, ડાયરી લેખન, અંત્યેષ્ઠી સંભાષણો(funeral orations), પત્ર લેખન, પદ્ય અને ગદ્ય નાટકો વગેરે વગેરે. આ સૂચિ કોઈ મહાવિદ્યાલય કે વિશ્વવિદ્યાલયમાં સાહિત્યના વિદ્યાર્થીને ભણાવવામાં આવતા સાહિત્યપ્રકારોની નથી; અપિતુ ફ્રાંસના મહાન સાહિત્યકાર વિક્ટર હ્યુગોએ પોતાની સાઠ વરસની સાહિત્યિક કારકિર્દી દરમિયાન કરેલા અનેકવિધ સાહિત્ય પ્રકારોમાં કરેલી રચનાની છે. ૨૬મી ફેબ્રુઆરી, ૧૮૦૨ના રોજ પૂર્વી ફ્રાંસના બેસાનકોન ખાતે જન્મેલા વિક્ટર મેરી હ્યુગો તેમના માતા-પિતાના સૌથી નાના પુત્ર હતા. વિક્ટરના પિતા લીઓપાલ્ડ નેપોલિયન બોનાપાર્ટની સેનામાં જનરલની પદવી પર હતા, જ્યારે તેમની માતા સોફી ચુસ્ત કૅથલિક હતાં. જે પદભ્રષ્ટ રાજવંશ પ્રત્યે વફાદાર હતા. વિક્ટરના પિતાની વારંવાર બદલી થતી હોવાના લીધે માતા સોફી ત્રણ પુત્રો સાથે ૧૮૦૩માં પૅરિસ ખાતે સ્થાયી થયાં હતાં. સન ૧૮૧૧માં હ્યુગો ફૅમિલીએ સ્પેનના મેડ્રિડ શહેર ખાતે સ્થળાંતર કર્યું હતું, જ્યાં વિક્ટર અને તેમના ભાઈઓએ પ્રારંભિક શિક્ષણ પ્રાપ્ત કર્યું. સ્પેન ખાતે ચાર વર્ષના વસવાટ બાદ ૧૮૧૫માં વિક્ટરને પૅરિસ શહેરની ખાનગી બૉર્ડિંગ સ્કૂલમાં દાખલ કરવામાં આવે છે. વર્ષ ૧૮૧૭માં માત્ર પંદર વર્ષની ઉમરે ફ્રેંચ અકાદમી (Academie Francaise) દ્વારા આયોજિત સ્પર્ધા માટે કાવ્ય રચના કરી હતી, જે વાંચીને અકાદમીના સભ્યો માની જ ન શક્યા કે આ કવિતા એક પંદર વર્ષના બાળકની હોઈ શકે!

૧૮૨૩માં હેન્સ ઑફ આઇલૅન્ડ (Hans of Iceland) નામની નવલકથા સાથે હ્યુગોએ સાહિત્યના વિશ્વમાં પદાર્પણ કર્યું. આ જ વર્ષે તેઓ પોતાની પ્રેમિકા એડેલ ફાઉચર (Adele Foucher) સાથે લગ્ન-ગ્રંથિથી જોડાયાં હતાં. પ્રથમ નવલકથાના ત્રણ વર્ષ બાદ ૧૮૨૬માં Bug-Jargal નામની નવલકથાનું પ્રકાશન થાય છે, જે વિક્ટર અને તેમના ભાઈ જોસેફ હ્યુગો દ્વારા ૧૮૨૦માં સંયુક્ત રીતે લખાયેલી ટૂંકી વાર્તા ઉપર આધારિત હતી. હેઈતિયન ક્રાંતિ (Haitian Revolution)ના સમયાવકાશને આવરી લેતી આ નવલકથા ગુલામ બનાવેલા આફ્રિકન રાજકુમાર અને ફ્રેંચ મિલિટરી ઑફિસર વચ્ચેની મિત્રતા ઉપર આધારિત છે. ૧૮૨૯થી ૧૮૪૦ વચ્ચેનો સમય વિક્ટર હ્યુગોની સાહિત્યિક નિપજ માટે સીમાચિહ્નરૂપ ગણવામાં આવે છે. આ સમયમાં તેમણે Les Orientales (૧૮૨૯), Les Feuilles d'automne (૧૮૩૧), Les Chants du crepuscule (૧૮૩૫), Les Voix interieures, (૧૮૩૭) અને Les Rayons et les Ombres (૧૮૪૦) નામના ચાર કાવ્ય-સંગ્રહો પ્રકાશિત કર્યાં, જે થકી તેઓ ફ્રાંસના ઉચ્ચ-કોટિના ઊર્મિ કવિ તરીકે પ્રસિદ્ધ થયા હતા. આ પૈકી Les Orientales (૧૮૨૯) અને Les Rayons et les Ombres (૧૮૪૦) સૌથી વધુ ખ્યાતિ-પ્રાપ્ત કાવ્ય સંગ્રહો તરીકે મૂલવવામાં આવે છે. Les Orientales(૧૮૨૯) માં ૪૧ કાવ્યો છે, જે મુખ્યત્વે ગ્રીસની આઝાદીની લડાઈ ઉપર કેન્દ્રિત છે. આ કાવ્યોમાં હ્યુગોએ ફ્રેંચ શાસકો અને અમલદારોનો પૂર્વીય સંસ્કૃતિ પ્રત્યેનો પૂર્વગ્રહ અને ઘૃણાનું નિરૂપણ કર્યું છે.

આ સાથે સાથે આ કાવ્યો હ્યુગોની સ્વતંત્રતા માટેની ચાહત અને તેમના બદલાતા જતા રાજકીય વિચારોને પણ દઢપણે રજૂ કરે છે. ઓગણીસમી સદીની શરૂઆતમાં જમણેરી અને સુધારાવાદી વિચારધારા ફ્રાંસના વાચકો માટે કેટલેક અંશે નવીન હતી તેમ કહી શકાય. આ જ વિચારધારા આગળ જતાં હ્યુગો માટે દેશવટાનું કારણ પણ બની! સમકાલીન કવિઓ અને લેખકોની જેમ યુવાવસ્થામાં હ્યુગોનો આદર્શ હતા ફ્રાંક્વા રેને દ શેતુબ્રીઆંડ (Francois-Rene de Chateaubriand, ૧૭૬૮-૧૮૪૮). લેખક અને રાજકારણી તરીકે શેતુબ્રીઆંડની અસર ૧૯મી સદીના ફ્રાંસિસી સાહિત્ય ઉપર દઢપણે જોવા મળે છે. શેતુબ્રીઆંડની અસર હ્યુગો ઉપર એવી તો પ્રગાઢ હતી કે તેમણે જાહેર કર્યું હતું કે તેઓ તેમના જીવનમાં બીજા શેતુબ્રીઆંડ નહીં બની શક્યા. તો તેઓ સંન્યાસ ધારણ કરી લેશે. તેમના આદર્શની જેમ હ્યુગો આજીવન રોમૅન્ટિક આદર્શોને વળગી રહ્યા હતા. માત્ર વીસ જ વર્ષની વયે હ્યુગોએ ૧૯૨૬માં તેમના પ્રથમ કાવ્ય-સંગ્રહ Odes et Ballades પ્રકાશિત કર્યો, જેની સફળતાએ તેમને ફ્રાંસના રાજા લૂઈ ૧૮મા તરફથી રાજવી પેન્શન અપાવ્યું. Odes et Balladesમાં હ્યુગોની પ્રતિભા એક ઊર્મિ-કવિ તરીકે આબાદ રીતે ઊભરી આવી છે. એક સાહિત્યકાર તરીકે હ્યુગોની પ્રતિભા એ રીતે પણ નોખી છે કે તેઓ પદ્યથી ગદ્ય અને ગદ્યથી નાટ્યલેખનમાં બહુ જ સ્વાભાવિક રીતે સ્થળાંતર કરી શકતા હતા. Odes et Balladesના પ્રકાશનના માત્ર ત્રણ વર્ષ બાદ જ ૧૮૨૯માં હ્યુગોની પ્રથમ નવલકથા The Last Day of a Condemned Man પ્રકાશિત થઈ, જેમાં હ્યુગોની સામાજિક સંવેદના તીવ્રપણે પ્રકટ થઈ. આ નવલકથાએ માત્ર હ્યુગોના આવનારા ગદ્યને જ પ્રભાવિત કર્યું હતું એવું નહોતું; પરંતુ આલ્બેર કામુ, ચાર્લ્સ ડિકન્સ, દોસ્તોએવસ્કી જેવા લેખકો ઉપર પણ અમીટ છાપ છોડી હતી. આ ટૂંકી નવલકથા એવા વ્યક્તિની માનસિક યાતના ચિત્રિત કરે છે, જેને દેહાંતદંડની સજા ફરમાવવામાં આવી હોય છે. શિરચ્છેદ કરવાના યંત્ર (guillotine) તરફ આગળ વધતી વખતે આ કેદીની મુલાકાત તેની ત્રણ વર્ષની પુત્રી સાથે થાય છે, જે એના પિતાને પણ ઓળખતી નથી. આ નવલકથા તેના પ્રકાશન સમયે જેટલી સમકાલીન અને ભાવવાહી હતી એટલી જ આજે પણ છે. સામાજિક અન્યાય અને ન્યાય-પ્રણાલીમાં રહેલી વિસંગતતાઓનું નિરૂપણ એટલું તો બખૂબીથી થયું છે કે લગભગ ૧૯૨ વર્ષ બાદ પણ આ નવલકથા કાલગ્રસ્ત નથી પામી. એટલું જ નહીં, પરંતુ ચાર્લ્સ ડિકન્સ અને ગુસ્તાવ ફ્લોબેર જેવા સાહિત્યકારો જેઓએ વાસ્તવવાદ (realism)ને નવીન ઊંચાઈઓ સુધી લઈ ગયા તેમના માટે પણ આ નવલકથાએ રાહ ચીંધ્યો હતો. આ સાથે સાથે સમગ્ર યુરોપમાં દેહાંતદંડ (capital punishment)ની સજા વિરુદ્ધ લોક-મતને જગાડવાનો શ્રેય પણ આ જ કૃતિને જાય છે. આ નવલકથાની પ્રશંસા કરતા દોસ્તોયેવસ્કીએ એમના પત્રોમાં લખ્યું છે કે આ કૃતિ ''absolutely the most real and truthful of everything that Hugo wrote'' ગણી શકાય.

હ્યુગોની ઉત્કૃષ્ટ કલાનું અન્ય એક ઉદાહરણ ૧૮૨૭માં પ્રકાશિત થયેલું ૬૯૨૦ પંક્તિઓમાં રચાયેલું ગદ્ય નાટક Cromwell છે. આ નાટક જેટલું બહુ-ચર્ચિત છે તેટલી જ તેની પ્રસ્તાવના પણ છે. આ જ પ્રસ્તાવનાએ સમગ્ર યુરોપમાં romanticismનો પાયો નાંખ્યો. ઇંગ્લૅન્ડમાં ઑલિવર ક્રોમવેલની તાજપોશી અને ત્યાર પછીની રાજકીય ઘટનાઓના પરિપ્રેક્ષ્યને આવરી લેતું આ નાટક તેમાં નિરૂપિત થયેલાં પાત્રોની બહોળી સંખ્યાને કારણે છેક ૧૯૫૨ સુધી સ્ટેજ ઉપર ભજવાયું નહોતું. ૧૮૨૭થી ૧૮૩૮ સુધી લગભગ ૧૧ વર્ષના સમયગાળામાં હ્યુગોએ Marion Delorme (૧૮૩૧), The King Amuses Himself (૧૮૩૨), અને Ruy Blas (૧૮૩૮) નાટકો થકી ફ્રાન્સના નાટ્યરસિકો અને વાચકોને પોતાની નાટ્ય-લેખન પ્રતિભા થકી તરબોળ રાખ્યા. આગળ જોયું તેમ હ્યુગો એક સાહિત્ય-પ્રકારથી બીજા સાહિત્ય-પ્રકારમાં ખૂબ જ આસાનીથી અને સહજતાથી લખી શકતા હતા. ઉપર જોયું તેમ જે અરસામાં તેઓએ વિપુલ નાટ્ય-કૃતિઓ લખી તે જ સમયમાં એટલે કે ૧૮૩૧માં તેઓએ The Hunchback of Notre-Dame નવલકથા લખી. જે સમગ્ર ફ્રેન્ચ સાહિત્યમાં લખાયેલી નોંધપાત્ર કૃતિઓ પૈકીની એક કૃતિ છે. સાહિત્ય લેખન માત્ર લોક-મનોરંજનનું માધ્યમ નથી, પરંતુ રાષ્ટ્રની સંસ્કૃતિ અને તેની ધરોહરો પ્રત્યે જ્યારે ઉદાસીનતા દાખવવામાં આવે છે તેવા સમયે લોક-જાગૃતિ ફેલાવવાનું કાર્ય પણ સાહિત્ય જ કરી શકે છે તે આ નવલકથાએ પુરવાર કર્યું. ઓગણીસમી સદીની શરૂઆતથી લઈને તેના મધ્યભાગ સુધી ફ્રાન્સ જ્યારે

આધુનિક વિચારધારાની અસર હેઠળ હતું, ત્યારે નવા સ્થાપત્યના આંચળા હેઠળ ફ્રાન્સના ઘણા પ્રદેશોમાં પ્રાચીન ધરોહરોનો નાશ થવા માંડ્યો. આ પૈકી ૧૫મી સદીમાં બંધાયેલા મહત્ત્વના ગોથીક શૈલીના મકાનો અને સ્થાપત્યની ઘોર ઉપેક્ષા થવા માંડી. જેમાં Notre Dame Cathedralનો પણ સમાવેશ થતો હતો. આ નવલકથા થકી હ્યુગોએ ફ્રાન્સના નાગરિકો, શાસકો અને બુદ્ધિજીવી લોકોમાં જાગૃતિનો સંચાર કર્યો. ઉપરાંત, આ નવલકથાએ યુરોપિયન સાહિત્યને Epic Theatre નામની નવીન વિભાવનાની ભેટ પણ આપી — Epic Theatre એટલે માનવ ઇતિહાસનું મહાકાવ્ય. આ નવલકથાની લોકપ્રિયતા અને સાહિત્યિક ગુણવત્તાનો ખયાલ એ બાબત ઉપરથી આવી શકે છે કે આ નવલકથા ઉપરથી ૧૯૦૫ થી ૧૯૯૯ દરમિયાન પંદર વખત અલગ-અલગ ભાષામાં ચલચિત્રો, છ ટીવી શૉ, ચાર મ્યુઝિકલ્સ, પાંચ બેલે ડાન્સ, ચૌદ સંગીત નાટીકાઓ, BBC દ્વારા બે વખત રેડિયો રૂપાંતરણ, નવ જેટલાં નાટકો, એક વીડિયો ગેમ અને અસંખ્ય કૉમિક્સ બન્યા છે. એક પછી એક શ્રેષ્ઠ કૃતિઓના આ સર્જકે ૧૮૪૦માં Les Rayons et les Ombres થકી ફરી કાવ્ય પ્રકાશન તરફ ઝુકાવ્યું. પ્રસ્તુત કાવ્ય-સંગ્રહમાં ૪૪ કવિતાઓ જોવા મળે છે, જે પૈકી La Tristesse d'Olympio Oceano Nox વધુ પ્રખ્યાત છે. હ્યુગોનું જીવન-વૃત્તાંત લખનાર એ. એફ. ડૅવિડસન(A. F. Davidson) ના મત પ્રમાણે આ કાવ્ય-સંગ્રહની સફળતાએ જ હ્યુગોને 'poet-prophet' તરીકે ખ્યાતિ અપાવી, જેના ફળ-સ્વરૂપ ૭મી જાન્યુઆરી, ૧૮૪૧ના રોજ તેઓ ફ્રેંચ અકાદમીમાં નિયુક્તિ પામ્યા.

આટઆટલું વિપુલ અને સાતત્ય ધરાવતું સાહિત્ય સર્જન કર્યા પછી પણ હ્યુગોની પ્રતિભા લેશમાત્ર પણ ઝાંખી નહોતી પડી. ૧૮૩૦ના દશકાથી જ તેમણે તેમની વિશ્વ-પ્રસિદ્ધ કૃતિ Les Miserable લખવાની શરૂઆત કરી હતી, જેનું લેખન-કાર્ય છેક ૧૮૬૨માં પૂરું થયું હતું. આ નવલકથાનાં અંગ્રેજી ભાષાંતરો વિવિધ શીર્ષકો જેવાં કે The Miserables, The Wretched, The Miserable Ones, The Poor Ones, The Wretched Poor અને The Victims and The Dispossessed હેઠળ પ્રકાશિત થયેલા છે. ગુજરાતીમાં મૂળશંકર ભટ્ટે 'દુખિયારા' શીર્ષકથી આ નવલકથાનું ભાષાંતર કર્યું છે. ભાષાંતરકારના મત પ્રમાણે હ્યુગોની આ અમરકૃતિમાં કદી ઘરડા ન થવાના ગુણ છે. ધરતીતલ પર જ્યાં સુધી દુખિયારા રહેશે ત્યાં સુધી આ ગાથા માનવના હૃદયમનને સ્પર્શશે ને તેના ઊંડામાં ઊંડા આતમતારને ઝણઝણાવશે. મૂળતઃ ૨૪૫૩ પાનામાં લખાયેલી આ નવલકથાને મૂળશંકર ભટ્ટે ૪૬૦ પાનાનાં રસાળ ભાવાનુવાદ તરીકે ગુજરાતી વાચકો સમક્ષ રજૂ કરી છે. ૧૮૬૨માં એકસાથે આઠ શહેરોમાં દસ ભાષાઓમાં પ્રકાશિત થયેલી આ નવલકથાની પ્રસ્તાવનામાં હ્યુગોએ લખ્યું છેઃ ''વિશ્વમાં જડ નિયમો અને પરંપરાને લીધે માણસ-માણસ વચ્ચે દુઃખથી ખદબદતા નરક સર્જાય છે. મનુષ્ય-મનુષ્ય વચ્ચે તિરસ્કાર ફેલાય છે. જ્યાં સુધી આજના ત્રણ મહાનપ્રશ્નો — ગરીબાઈને લીધે ગુનેગાર થતો માનવી, ભૂખની તડપમાં દેહ-વ્યાપાર કરવા મજબૂર થતી સ્ત્રી અને માનસિક તથા શારીરિક કેળવણી-ઉછેરના અભાવમાં ક્ષુદ્ર બની જતાં બાળકો— ઉકેલાશે નહી અને જ્યાં સુધી આ ધરતી ઉપરથી અજ્ઞાનતા અને ગરીબાઈ નામશેષ નહીં પામે ત્યાં સુધી આવા પ્રકારના પુસ્તકની ઉપયોગિતા ક્યારેય ઓછી થવાની નથી.' ન્યાય પ્રણાલી, ઇતિહાસ, સમાજ-વ્યવસ્થા, અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ધર્મ, પ્રેમ વિગેરે જેવાં નાનાવિધ વિષયોને આવરી લેતી આ નવલકથાને અમેરિકન સાહિત્યકાર અપ્ટોન સિંક્લેરે (Upton Sinclair) 'one of the half-dozen greatest novels of the world' તરીકે બિરદાવી છે. નવલકથાના અંતમાં હ્યુગો લખે છેઃ ''આ પુસ્તક આરંભથી અંત સુધી પાપથી પુણ્ય, અન્યાયથી ન્યાય, અસત્યથી સત્ય, અંધકારથી પ્રકાશ, ભ્રષ્ટાચારથી સદાચાર, હેવાનિયતથી દયાભાવના, નર્કથી સ્વર્ગ સુધીની વિકાસગાથા છે.'' ઇટાલિયન પ્રકાશકને પ્રકાશનના હક્કો આપતી વખતે હ્યુગોએ કહેલા શબ્દો શબ્દશઃ રજૂ કરેલા છેઃ

'I don't know whether it will be read by everyone, but it is meant for everyone. It addresses England as well as Spain, Italy as well as France, Germany as well as Ireland, the republics that harbour slaves as well as empires that have serfs. Humankinds wounds, those huge sores that litter the world, do not stop at the blue and red lines drawn on maps.'

Les Miserableના પ્રકાશન પછી The Man Who Laughs(૧૮૬૯) અને Ninety-Three (૧૮૭૪) નામની બે નવલકથાઓ પ્રકાશિત થઈ જે હ્યુગોની અંતિમ કૃતિઓ ગણી શકાય.

સાહિત્ય સર્જનની સાથે સાથે હ્યુગો વર્તમાન રાજકારણમાં પણ પ્રવૃત્ત હતા. ૧૮૪૧માં ફ્રેન્ચ અકાદમીમાં તેમની નિયુક્તિ થઈ તે બાદ ૧૮૪૮માં નેશનલ એસેમ્બ્લીમાં તેઓ કન્ઝર્વેટીવ પક્ષના ઉમેદવાર તરીક ચૂંટાઈને આવ્યા. પરંતુ બીજા જ વર્ષે અન્યાય અને ગરીબીની વિરુદ્ધ તેમની મોહિમને કારણે પક્ષ છોડવાની નોબત આવી. ૧૮૫૧માં જ્યારે નેપોલિયન ત્રીજાએ સંપૂર્ણ સત્તાગ્રહણ કરીને ઍન્ટી પાર્લમૅન્ટ બંધારણ દાખલ કર્યું ત્યારે હ્યુગોએ તેનો પ્રચંડ વિરોધ કર્યો હતો. ૧૮૫૫ થી ૧૮૭૦ સુધીનો પંદર વર્ષનો સમય હ્યુગો માટે દેશવટાનો હતો. આ દરમિયાન તેઓ સૌ પ્રથમ બ્રુસેલ્સ અને ત્યારબાદ સેંટ પીટર પૉર્ટ, ગ્યુએર્નસે ખાતે વસવાટ કર્યો હતો. સાહિત્યકાર અને રાજનીતિજ્ઞ તરીકે હ્યુગો હંમેશા દેહાંતદંડની સજા વિરુદ્ધ જનમત કેળવવાનો પ્રયત્ન કરતા રહ્યા જેના પરિણામ સ્વરૂપ જીનેવા, પોર્ટુગલ અને કોલંબિયાની સરકારોએ તેને નાબૂદ કરી હતી. હ્યુગોની કૃતિઓએ માત્ર રાષ્ટ્રીય, સામાજિક અને સાંસ્કૃતિક ચેતના જ જગાડવાનું જ કામ નહોતુ કર્યુ, પરંતુ તેમની કૃતિઓએ તેમના સમકાલીન અને ત્યારબાદ વીસમી સદીના અનેક સંગીતકારોને પણ પ્રેરણા આપી હતી. Les Miserable લંડનના West End ખાતે ચાલનાર સૌથી લાંબુ મ્યુઝિકલ છે. એક અંદાજ પ્રમાણે ૧૦૦થી પણ વધુ ઑપેરા હ્યુગોની કૃતિઓ ઉપર આધારિત છે. ગ્યુએર્નસે ખાતે આજે પણ દર બે વર્ષે હ્યુગોની યાદમાં The Victor Hugo International Film Festival યોજાય છે.

સાહિત્યિક અને જાહેર જીવન માટે એક એક ક્ષણ અર્પણ કરનાર આ મહાન સાહિત્યકારનું વ્યક્તિગત જીવન ખૂબ જ સામાન્ય વિત્યું હતું. હ્યુગો જ્યારે દેશનિકાલની સજા ભોગવી રહ્યા હતા તે અરસામાં તેમની પત્ની એડેલ ફાઉચર અને બે પુત્રોનું અવસાન થઈ ચૂક્યું હતું., જ્યારે તેમની એક પુત્રી માનસિક રોગી હતી. ૨૭મી જૂન ૧૮૭૮ના રોજ હૃદયરોગના હુમલાને કારણે હ્યુગોનું પૅરિસ ખાતે અવસાન થયું. વિશ્વ સાહિત્યમાં કદાચિત કોઈ એવો સાહિત્યકાર નહીં હોય જેના નામનું સ્મારક વિશ્વના દરેક ખંડમાં જોવા મળતું હોય.

**Further Reading**


Hugo, Victor. Bug-Jargal, Broadview Press, 2004.

--- Hans of Iceland, Nabu Press, 2013.

--- The Last Day of a Condemned Man, Ingram, 2010.

--- The Hunchback of Notre-Dame, Wordsworth Editions, 1993.

--- Claude Gueux, Hachette, 2011.

--- Les Miserables, Penguin Classics, 1982.

--- The Toilers of the Sea. Modern Library Classics, 2002.

--- The Man Who Laughs, Norilana Books, 2006.

--- Ninety-Three, Franklin Classics, 2006.

--- Cromwell, Fredonia Books, 2001.

--- Hernani, Fredonia Books, 2001.

--- Selected Poems. Scholars Choice, 2015.

--- Victor Hugo: Plays 4. Bloomsbury, 2004.

--- Les Contemplations. Creative Media, 2009.

--- Angelo. Fredonia Books, 2001.

Giese, William F. Victor Hugo, the Man & the Poet. New York: Dial Press, 1926.

Marzials, Frank Thomas. Life of Victor Hugo. London: Walter Scott, 1888.

Robb, Graham. Victor Hugo: A Biography. New York: Norton, 1999.




**ડૉ. મનીષ વ્યાસ**

એલ.ડી.આર.પી. આઈ.ટી. એન્ડ આર, ગાંધીનગર

મો. ૯૪૨૮૦૪૭૪૬૩

# જગદીશચંદ્ર બોઝની પેટન્ટ અને સારા ચેપમાન બુલ

ડૉ. કિશોર પંડ્યા



આજે સંદેશાવ્યવહાર ક્ષેત્રે 4G અને 5G પ્રણાલી કાર્યરત થઈ રહી છે. આમાં સૂક્ષ્મતરંગોની જરૂર વિશેષ હોય છે. સૂક્ષ્મતરંગ કેવી રીતે ઉત્પન્ન કરવાં અને તેનો સ્વીકાર કરવા માટેનાં સાધનો સૌ પ્રથમ જગદીશચંદ્ર બોઝે બનાવ્યાં હતાં. આવાં સાધનો માટે પશ્ચિમના દેશોમાં નોંધાયેલી ભારતની પ્રથમ વીજાણુ તાંત્રિકી (Electronics Technology)ની પેટન્ટ વિશે વાત કરવી છે.

આજથી સો-સવાસો વર્ષ પહેલાંની આ વાત છે. એ સમયે ગ્રેટ બ્રિટનમાં જગદીશચંદ્ર બોઝે તૈયાર કરેલાં સાધનોની બે પેટન્ટ વિશે છેક 2008ની સાલમાં માહિતી ઉપલબ્ધ થઈ શકી છે. આજ સુધી ભારતમાં તેના વિશે કોઈ જાણકારી નહોતી. એ ઉપરાંત યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકામાં બિનતારીય સંદેશાવ્યવહાર અંગેના વીજાણુ સાધનોની પેટન્ટ હોવાનું પણ જાણવા મળ્યું છે.

આ બૌદ્ધિક સંપત્તિ માટે અમેરિકાનાં પરોપકારી સંશોધક શ્રીમતી સારા ચેપમાન બુલ દ્વારા મદદ કરવામાં આવી હતી. સારા બુલને આ કાર્ય માટે સ્વામી વિવેકાનંદ દ્વારા પ્રેરણા મળી હતી. 23 ઑક્ટોબર, 1900 ના દિવસે ઇન્ટરનેશનલ સાયન્સ કૉંગ્રેસમાં જગદીશચંદ્ર બોઝે પોતાના બિનતારીય સંદેશા વ્યવહાર માટેના સંશોધનનું વ્યાખ્યાન પોતાના સાધન દ્વારા પ્રાયોગિક સાબિતી સાથે આપ્યું ત્યારે તેમાં સ્વામી વિવેકાનદ પણ પોતાના અનુયાયીઓ અને શિષ્યો સાથે હાજર હતા.

જગદીશચંદ્ર બોઝે જ્યારે સંશોધનની શરૂઆત કરી ત્યારે તેમની નજર સામે સૂક્ષ્મતરંગોની હાજરી દર્શાવી શકે તેવું અતિસંવેદનશીલ સંવેદક શોધવાનું ધ્યેય હતું. એ તેમણે ગેલેનાના ઉપયોગ દ્વારા સિદ્ધ કરી બતાવ્યું. આ માટે 1894થી શરૂ કરેલા સંશોધનકાર્યની લોકો સમક્ષ રજૂઆત પણ તેઓ કરતા હતા. ઇંડિયન જર્નલ ઑફ હિસ્ટરી ઑવ સાયન્સ, 43.1; 57-72,(2008)માં પ્રગટ થયેલા સંશોધનપત્રમાં જણાવ્યા પ્રમાણે 1898માં ધાતુ અને અર્ધવાહકોનો ઉપયોગ કરીને તેમણે સતત કાર્ય કરતું રહે તેવું અતિસંવેદનશીલ સંવેદક બનાવ્યું હતું. પ્રાધ્યાપક બોઝની આ શોધ ગેલેનાલેડ સલ્ફાઇડ સંપર્ક આધારિત અર્ધવાહકીય બે અગ્રવાળો વીજાણુ પડદો (semiconductor diode detector) હતો, જે વ્યવહારમાં આજે વિશિષ્ટ સ્વરૂપે ઉપયોગમાં લેવાય છે. તેની પેટન્ટ માટે યુનાઈટેડ સ્ટેટ્સમાં અરજી કરવામાં આવી હતી. અમેરિકામાં સૉલિડ સ્ટેટ ફિઝિક્સમાં નોંધાયેલી આ પહેલી પેટન્ટ અરજી હતી. આથી પણ અત્યંત આશ્ચર્યજનક બાબત એ છે કે આજથી સો વર્ષ પહેલાં અમેરિકામાં સૉલિડ સ્ટેટ માટેનાં સાધનોમાં જે પહેલી પેટન્ટ નોંધાઈ તે એક ભારતીય વિજ્ઞાનીએ કરેલા સફળ પ્રયોગોના સાધનની હતી. .

આ ઉપરાંત યુનાઈટેડ કિંગ્ડમમાં નોંધાયેલી બે પેટન્ટ વિશે આજ સુધી કોઈને જાણ નહોતી. આ બંને પેટન્ટ સતત કાર્ય કરતા બિનતારીય તરંગો દર્શાવતા સંવેદક અંગેની છે. આ બંને પેટન્ટનો અભ્યાસ કરતા સંશોધક અને બૌદ્ધિક સંપત્તિ અધિકાર (IPR) ધરાવનાર વચ્ચે વિસંવાદ ઊભો થાય તેવું જોવા મળે છે. આમાં બોઝ સંશોધન કરનાર અને બૌદ્ધિક સંપદાના અધિકાર ધરાવનાર છે તે આપણે જાણીએ છીએ. પ્રાધ્યાપક બોઝ સંશોધક છે, તથા પેટન્ટમાં એક નામ શ્રીમતી સારા ચેપમાન બુલનું જોવા મળે છે. તેઓ અમેરિકાનાં શ્રીમંત વિધવા છે અને બંને બ્રિટિશ પેટન્ટમાં તેમનું નામ છે.

પેટન્ટમાં તેમના સંશોધક હોવા વિશે કોઈ સ્પષ્ટતા જોવા મળતી નથી. પરિણામે સંશોધન કરનાર અને તેના માલિકી હક વિશે અસમંજસ ઊભી થાય છે. એ સમયે ભારતમાં બ્રિટિશ શાસન હતું. બ્રિટનના એક ઉદ્યોગપતિ

આની પેટન્ટ લેવા માંગતા હતા. તેમણે પોતાના માણસો મોકલીને બોઝને ગભરાવી મૂકવાનો પણ પ્રયાસ કર્યો હતો. વળી બોઝ અંગ્રેજોના આધિપત્ય હેઠળના ભારતમાં નોકરી કરતા હતા. આથી કદાચ આ પેટન્ટ અંગે તેમણે બોઝને તેમની વિચારસરણી અનુસાર ભારતમાં જાહેરાત ન કરવા અંગે મજબૂર કર્યા હોય. બોઝે પશ્ચિમમાં પોતાની શોધ દ્વારા જે સફળતા મેળવી તે બ્રિટિશ સલ્તનત જાહેર કરવા માંગતી ન હોય એવું પણ બને. આથી જ કદાચ બોઝે પોતાનાં વ્યાખ્યાનો વિશેષ લોકભોગ્ય બનાવવાનું શરૂ કર્યું હોય.

**પરોપકારી સંશોધક સારા ચેપમાન બુલ**

પશ્ચિમમાં પ્રાધ્યાપક બોઝને પેટન્ટ મેળવવા માટે આર્થિક સહાય પૂરી પાડનાર અમેરિકાની શ્રીમંત વિધવા સારા બુલને પરોપકારી સંશોધક ગણી શકાય. અમેરિકામાં જે પેટન્ટ લેવામાં આવી હતી તેમાં અમેરિકાના બૌદ્ધિક સંપત્તિના અધિકાર હેઠળ યુ.એસ. પેટન્ટ નંબર 755.540 અનુસાર શ્રીમતી બુલને પણ અડધાં ભાગીદાર દર્શાવવામાં આવ્યાં છે. જ્યારે બ્રિટિશ પેટન્ટ અનુસાર તેમને ભાગીદાર સંશોધક ગણવામાં આવ્યાં છે. શ્રીમતી સારા ચેપમાન થોર્પનો જન્મ 1850ની સાલમાં થયો હતો. તેમના પિતા અમેરિકામાં સેનેટના સભ્ય હતા. તેમની પાસે લીલીછમ વિશાળ વાડી હતી. તેઓ મૂળ નોર્વેનાં હતાં. તેઓ સંગીતનાં જાણકાર અને સાધક હતાં. ઓગણીસમી સદીના નોર્વેના વિખ્યાત વાયોલિન વાદક અમેરિકામાં જે કાર્યક્રમો આપતા હતા તે ઓલે બુલનાં સંગીતથી તેઓ આકર્ષાયાં હતાં. પોતાનાથી વયમાં 40 વર્ષ મોટા ઓલે બુલ સાથે તેમણે લગ્ન કર્યાં હતાં. પરંતુ ત્રીસ વર્ષની ઉંમરે તેઓ 1880માં વિધવા થયાં હતાં.



સ્વતંત્ર વિચારશૈલી ધરાવતાં આ બુદ્ધિશાળી મહિલાએ પોતાના ઘેર કેમ્બ્રિજમાં અને મેસેચ્યુસેટસમાં નિયમિત રીતે તત્ત્વજ્ઞાન અંગેનાં વ્યાખ્યાનો યોજવાનું શરૂ કર્યું હતું. તેમણે પોતાના પતિની જીવનકથા પણ લખી હતી. તેમાં વાયોલિનના ઉદ્ભવ અને વિકાસની વાત પણ પતિના હસ્તાક્ષરમાંથી મળેલી નોંધ પરથી લખી હતી. વાયોલિનનું ઉદ્ભવસ્થાન ભારત છે એ તેમના પતિએ લખેલી નોંધ પરથી તેમણે જાણ્યું હતું. પરિણામ સ્વરૂપે તેમનો ભારત પ્રત્યેનો આદરભાવ વધ્યો હતો.

1890ના દાયકામાં સ્વામી વિવેકાનંદનાં પ્રવચનો સાંભળ્યાં પહેલાં જ તેમને ભારત વિશે જાણવાની જિજ્ઞાસા થઈ હતી. એટલે જ્યારે સ્વામી વિવેકાનંદને મળવાનો અને સાંભળવાનો લાભ મળ્યો ત્યારે તેઓ ભારત વિશે જાણીને વધારે મંત્રમુગ્ધ બન્યાં. તેઓ સ્વામીનાં અનુયાયી બન્યાં. સ્વામી વિવેકાનંદના નિમંત્રણનો સ્વીકાર કરીને જાન્યુઆરી, 1898માં કુમારી માર્ગારેટ એલિઝાબેથ નોબલ અને મુંબઈ થઈને અમેરિકાથી શ્રીમતી સારા ચેપમાન બુલ 14 ફેબ્રુઆરીએ, 1898ના રોજ કોલકાતા આવ્યાં. ભારતનાં અનેક સ્થળોની સ્વામી વિવેકાનંદ સાથે તેમણે મુલાકાત લીધી.

1898માં સારા ચેપમાન બુલ કોલકાતા આવ્યાં ત્યારે સિસ્ટર નિવેદિતા સાથે બોઝને સૌ પ્રથમ પ્રેસિડન્સી કૉલેજમાં મળ્યાં હતાં. ત્રીસમી માર્ચ, 1898ના રોજ આ બંને માનુનીઓએ પ્રાધ્યાપક બોઝની સંશોધન પ્રયોગશાળાની મુલાકાત લીધી. જગદીશચંદ્ર બોઝે કરેલી બિનતારીય સંદેશાવ્યવહારની શોધ તેમણે પ્રત્યક્ષ નિહાળી. બોઝે પોતે કરેલા નવા સંશોધનની સરળતાથી રજૂઆત કરી. બોઝના કાર્યને જોઈ સમજીને બંને અત્યંત પ્રભાવિત થયાં. બોઝ કઈ પરિસ્થિતિમાં કામ કરે છે તે જોયું. ત્યાંની પ્રયોગશાળાની સ્થિતિ જોઈને તેમણે બોઝને મદદ કરવાનું નક્કી કરી લીધું હતું. એ દિવસે ભારતના વિજ્ઞાન સંશોધનમાં આ એક ઐતિહાસિક ઘટના બની એમ કહી શકાય.

બોઝનાં પત્ની અબલા અને સિસ્ટર નિવેદિતાએ જગદીશચંદ્ર બોઝ સાથે યુ.એસ.ની મુલાકાત લીધી ત્યારે તેમના ખાસ મહેમાન તરીકે આ પરોપકારી સન્નારીને ત્યાં રહ્યાં હતાં. આ સમયે જ જગદીશચંદ્ર બોઝે વિવિધ વિદ્યાશાખાઓનો સમન્વય કરીને પોતે કેવી સંશોધન સંસ્થા ઊભી કરવા માંગે છે તેની સઘળી વિગતો તેમને જણાવી હતી. અગાઉ કોલકાતામાં તેઓ પ્રાધ્યાપક જગદીશચંદ્ર બોઝને મળ્યાં હતાં. જગદીશચંદ્ર બોઝના બિનતારીય તરંગોના સંશોધનથી તેઓ પ્રભાવિત થયાં હતાં. તે સમયે જ જગદીશચંદ્ર બોઝના સંશોધનનું મૂલ્ય તેઓ જોઈ શક્યાં હતાં.

સ્વામી વિવેકાનંદ અને પૅરિસ સાયન્સ કૉંગ્રેસ (1900) બોઝના જીવનમાં અત્યંત મહત્ત્વનાં ગણી શકાય. પ્રાધ્યાપક બોઝ તેમની યુરોપની ત્રીજી વિજ્ઞાનયાત્રાએ ઑગસ્ટ 1900માં ઇંગ્લૅન્ડમાં પહોંચ્યા. ત્યાંથી તેઓ ઑક્ટોબર 1900માં પૅરિસ, ફ્રાંસ પહોંચ્યા. ત્યાં ઇન્ટર નેશનલ સાયન્સ કૉંગ્રેસમાં બિનતારીય સંદેશાવ્યવહારની

પોતાની શોધ વિશે તેમણે વ્યાખ્યાન આપ્યું. સ્વામી વિવેકાનંદ વિદ્વાન અને ભારતની મહત્તા ઉજાગર કરનાર તરીકે ખ્યાતિ પામ્યા હતા. તેઓ પણ પોતાની બીજી વિશ્વયાત્રાના અનુસંધાને પૅરિસમાં હતા. તા. 23મી ઑક્ટોબરના રોજ બોઝનું વ્યાખ્યાન હતું. સ્વામીજીએ તેમાં હાજરી આપી. સ્વામીજી વિદ્વાન હતા, ભારતના પુનરુત્થાન માટેનાં કાર્ય કરી રહ્યા હતા, તેમને આ વિજ્ઞાનીમાં રહેલા પ્રકાશપુંજનાં દર્શન થયાં. તેમણે પોતાને થયેલી અનુભૂતિ અંગેની નોંધ પોતાની નોંધપોથીમાં પણ આલેખી છે. તેમનાં શિષ્યા શ્રીમતી સારા બુલ પણ આ વ્યાખ્યાનમાં હાજર હતાં.

પ્રાધ્યાપક જગદીશચંદ્ર બોઝ દ્વારા શોધાયેલા બિનતારીય સંદેશા માટેના સંવેદકનું મહત્ત્વ તેઓ સમજી શક્યાં. 1901માં તેઓ બોઝને આ સંશોધનની પેટન્ટ મળે એ માટે સક્રિય બન્યાં. ગ્રેટ બ્રિટન અને યુ.એસ.એ.માં પેટન્ટ માટે અરજી કરવા માટે તેઓ બોઝને માટે પ્રોત્સાહક અને સહાય કરનાર બની રહ્યાં.

બ્રિટિશ પેટન્ટ ઑફિસની ઐતિહાસિક નોંધણી અનુસાર પ્રાધ્યાપક બોઝ અને શ્રીમતી સારા બુલ દ્વારા સંયુક્તપણે પાંચ વખત જુદી જુદી અરજી કરવામાં આવી હતી. બ્રિટિશ પ્રકાશનના અઠવાડિક અવતરણ અનુસાર; ઇલસ્ટ્રેટેડ ઑફિસિયલ જર્નલ (પેટન્ટ) મુજબ પેટન્ટ માટેની પ્રથમ અરજી 9 મે, 1901ના રોજ કરવામાં આવી હતી. જેની નોંધ 15 મે, 1901ના રોજ પ્રગટ થઈ હતી.

બીજી અરજી (ક્રમાંકઃ 15467) 30 જુલાઈ, 1901ના રોજ કરવામાં આવી હતી. જે 8 ઑગસ્ટ, 1901ના રોજ પ્રગટ થઈ હતી. આ પ્રથમ બ્રિટિશ પેટન્ટ બની. જોકે પ્રથમ અરજીની કોઈ વિગત પ્રાપ્ત થઈ શકી નથી. અથવા તો તે સચવાઈ નથી. બીજી અરજી પરથી એ સમજી શકાય છે કે આ પહેલી અરજીને ફરીથી કરવામાં આવી હશે.

ત્રીજી અને ચોથી અરજી (ક્રમાંકઃ 18267 અને 18268) 12 સપ્ટેમ્બર, 1901ના રોજ કરવામાં આવી હતી. જે 18 સપ્ટેમ્બર, 1901ના રોજ પ્રગટ થઈ હતી. અરજી ક્રમાંક 18268નું વિષયવસ્તુ જાણી શકાયું નથી. તે જુદી પેટન્ટ તરીકે ફળીભૂત થઈ નથી. પાંચમી પેટન્ટ માટે અરજી (ક્રમાંક 18430) 14 સપ્ટેમ્બર, 1901ના રોજ કરવામાં આવી હતી. આ અરજી બીજી પેટન્ટ તરીકે સ્વીકારાઈ હતી. ત્રીજી પેટન્ટ અરજીનું શું થયું તે જાણી શકાયું નથી. પાંચમી પેટન્ટનું મથાળું જોતાં જણાય છે કે તે ત્રીજી અરજી સાથે સંકળાયેલી હશે.

યુરોપની વિજ્ઞાનયાત્રા સમયે બોઝ નિયમિત રીતે પોતાના મિત્ર કવિવર રવીન્દ્રનાથ ટાગોરને પત્રો લખતા. 17 મે, 1901ના રોજ તેમણે બંગાળી ભાષામાં લખેલા પત્રમાં જણાવેલું હતું કે એક મોટી કંપનીના માલિકે મને મારા વ્યાખ્યાન પહેલાં મળવા માટે કહ્યું. સમય બહુ જ થોડો હતો. મારે વ્યાખ્યાન અંગે તૈયારી કરવાની હોવાથી હું તેમને મળી શકું તેમ ન હતો. તેઓ મને મળવા આવ્યા. મને સંશોધનની વાતો જાહેર કરવા ના કહી. તેઓ મારાં સંશોધનની પેટન્ટ લેવા માંગતા હતા. મેં ના કહી. આથી તેમણે કહ્યું કે તમે કેટલા પૈસા જતા કરી રહ્યા છો એ તમને પછીથી સમજાશે. તે દિવસના વ્યાખ્યાનમાં તે કંપનીના અનેક કર્મચારીઓ આવીને ગોઠવાઈ ગયા હતા. તેઓ કદાચ બળજબરી કરીને મારાં સાધનો લઈ જવાના ઇરાદા સાથે આવ્યા હતા. તેમણે અવ્યવસ્થા ઊભી કરવા પ્રયત્ન કર્યો. મેં જેમતેમ મારાં સાધનો બચાવ્યાં. આમ છતાં મેં મારા સહાયક માટેના ટેબલ પર રાખેલી નોંધ તો તેઓ લઈ જ ગયા.

આ પત્ર પરથી બોઝની એ સમયે ત્યાંની પરિસ્થિતિ કેવી હશે તે જાણી શકાય છે. બોઝે પોતાના સંશોધનની વિગતો પણ એ વ્યાખ્યાનમાં જાહેર કરી હતી. સાધનોનું પણ નિદર્શન કર્યું હતું. આના પરથી એ પણ સમજી શકાય છે કે બોઝ પોતાનાં સાધનો જીવની જેમ સાચવતા હતા. તેમણે એમ પણ લખ્યું હતું કે અહીં દરેક બાબતને પૈસામાં જ તોલવામાં આવે છે. પરંતુ આ ઘટના પરથી તેઓ બીજી રીતે વિચારતા થયા હોય એવું પણ બને. આથી જ કદાચ તેઓ બ્રિટિશ પેટન્ટ ઑફિસમાં પેટન્ટ માટે અરજી કરવા શ્રીમતી સારા બુલના સમજાવવાથી તૈયાર થયા હશે. આથી જ તેમણે પાંચ વર્ષ અગાઉ ભારતમાં શોધ કરી હતી તે સાધનની પેટન્ટ લેવા માટે જાતે અરજી કરી હશે.

બોઝની સંશોધનપ્રવૃત્તિની વાત કરીએ તો 17 મે, 1901ના સમયગાળામાં તેઓએ બિનતારીય સંવેદકનું કાર્ય તો ઘણા સમય પહેલાં પૂરું કરી દીધું હતું. આ સમયે તેઓ બીજું સંશોધન કરી રહ્યા હતા. બીજી અગત્યની બાબત એ પણ હતી કે વીજ કંપનીના લખપતિ માલિકે બોઝનાં પોતાનાં સંશોધનો વ્યાખ્યાનો અને સંશોધનપત્રો દ્વારા જાહેર કરવા પર નિયંત્રણ લાવી દીધાં હતાં. ઉપરાંત રોયલ ઇન્સ્ટિટ્યૂટની પ્રયોગશાળાના મુલાકાતી અને ગુલામ ભારતના પ્રેસિડન્સી કૉલેજ, કોલકાતાના પ્રાધ્યાપક બોઝ બીજી કોઈ વ્યવસાયિક કામગીરી પણ ન કરી શકે. આથી તેઓ કોઈ કંપની માટે કાર્ય કરવાની ના પાડે તે સ્વાભાવિક બાબત છે.

એ સમયે બોઝની ઉંમર 43 વર્ષની હતી. પોતાના સંશોધનકાર્યમાં વ્યસ્ત હોવાથી બીજી કોઈ કામગીરી માટે પણ તેમની પાસે સમય નહોતો. પોતાના સંશોધનકાર્ય પાછળ કોઈ પ્રકારની કમાણી કરવાનો તેમનો આશય હતો જ નહીં. પરંતુ કોઈ પોતાની ઉપર જબરદસ્તી કરી જાય

એ પણ તેમને પસંદ નહોતું.

બોઝ જ્યારે લંડનમાં હતા ત્યારે જ બંને બ્રિટિશ પેટન્ટ પરિપત્રિત થઈ ચૂકી હતી. તેમની જૂન, 1900થી શરૂ થયેલી સફર ઑક્ટોબર, 1902 સુધીની હતી. આમાં ગ્રેટ બ્રિટનમાં તેઓ ગંભીર માંદગીમાં પણ સપડાયા હતા. એ સમયે શ્રીમતી સારા બુલ એમની સંભાળ લેવા માટે પહોંચી ગયાં હતાં. એ સમયે જ એક વાત નક્કી થઈ ગઈ હતી કે બોઝના વિજ્ઞાનના વિવિધ સંશોધનને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવું. સારા બુલ આર્થિક સહયોગ માટે તૈયાર હતાં. સિસ્ટર નિવેદિતાએ પુસ્તક માટે લખાણ તૈયાર કરવાની અને અન્ય જવાબદારી સંભાળી લીધી. લૉંગમૅન ઍન્ડ ગ્રીન ઑફ લંડન દ્વારા પહેલું પુસ્તક સપ્ટેમ્બર, 1902માં પ્રગટ થયું.

શ્રીમતી સારા બુલ 2જી જાન્યુઆરી, 1902માં પોતાની વસિયત તૈયાર કરીને 4થી જાન્યુઆરીએ સિસ્ટર નિવેદિતા સાથે લંડનથી ભારત આવવા નીકળ્યાં. 1902ના ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડિયામાં તેઓ સ્વામીજીને મળ્યાં. તેઓ બોઝને સંશોધન માટે મદદ કરવા તૈયાર હોવાનો પોતાનો નિર્ણય તેમને જણાવ્યો. આ પરથી એક વાત એ નક્કી થઈ ગઈ કે બોઝને તેમના સંશોધનકાર્યમાં જે પ્રકારની જરૂર હોય તેને માટે પૂરતી મદદ મળી રહેશે.

પ્રાધ્યાપક બોઝ તો ત્યારે લંડનમાં રહીને જ પોતાનું સંશોધન કાર્ય કરી રહ્યા હતા. તેઓ ઑક્ટોબર, 1902માં ભારત પાછા આવ્યા. 1903થી 1906ના સમયગાળામાં પોતાની કોઈ સંભાળ લઈ રહ્યું છે, એવી લાગણી સાથે બોઝ વિશેષ ઉત્સાહથી કાર્ય કરવા લાગ્યા. તેમના સંશોધનકાર્યનાં પુસ્તકો છપાતાં હતાં. પુસ્તક છાપવા માટેની પ્રત સિસ્ટર નિવેદિતા તૈયાર કરતાં હતાં. 1904માં બોઝ પોતે સારા બુલને પત્ર લખે છે, તેમાં તેમને 'મારી વ્હાલી માતા' એવું સંબોધન કરે છે. પત્રના અંતે 'તમારો પુત્ર' એમ સહી કરે છે. બોઝ તેમને સ્વામીજીની જેમ 'ધીરમાતા' કહીને સંબોધન કરતા. 1906માં પ્રગટ થયેલું પુસ્તક તેઓ શ્રીમતી સારા બુલને અર્પણ કરતાં સંસ્કૃતમાં **'માત્રે'** લખે છે. તેના અનુસંધાનમાં 1 માર્ચ, 1906ના રોજ તેમને પત્ર પણ લખે છે.

શ્રીમતી સારા બુલ જાપાન અને હૉંગકૉંગ થઈને ત્રીજી વખત 7મી જૂન, 1903ના રોજ ભારત આવે છે. અત્યંત લાંબી મુસાફરીના થાકને લીધે માંદાં પડવાથી તેઓ બોઝના ઘરે જ રોકાય છે. આ સમયે તેઓ બોઝ સાથે બૅન્કમાં સંયુક્ત ખાતું ખોલાવે છે. સિસ્ટર નિવેદિતાને તેની શાળા માટે જરૂર હોય ત્યારે મદદરૂપ થઈ શકાય એવો પણ એક આશય હતો. તેઓ નવેમ્બર, 1903ના પહેલા અઠવાડિયે જ યુરોપ જવા નીકળી ગયાં. ત્યારે તેઓ તેમની સાથે બોઝના બીજા પુસ્તકની પ્રત પણ છપાવવા માટે લઈ ગયાં હતાં. પુસ્તક પ્રગટ થયા પછી તરત જ શ્રીમતી સારા બુલે યુએસ $ 20,000માંથી કેટલીક રકમ મોકલવાનું જાન્યુઆરી, 2, 1902ના રોજ નક્કી કર્યું હતું. તેમણે પોતાની વસિયતમાં 5 એપ્રિલ, 1906ના રોજ સુધારો કર્યો હતો. 1909 સુધીમાં પૂરેપૂરી રકમ મળી જાય એવી જોગવાઈ કરી હતી. આ માટે તેમના કોલકાતાની ગ્રીન્ડ્લેયસ ઍન્ડ કંપની બૅન્કમાં જે સંયુક્ત ખાતું હતું તેમાં રકમ જમા કરાવી હતી.

યુરોપની વિજ્ઞાનયાત્રાએથી પાછા આવ્યા બાદ બોઝ છ વર્ષ પછી પશ્ચિમની વિજ્ઞાનયાત્રાએ ગયા. આ વખતે યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકામાં તેઓ પહેલી વખત શ્રીમતી સારા બુલના નિમંત્રણને માન આપી અબલા બોઝ અને સિસ્ટર નિવેદિતા સાથે તેમને ત્યાં બ્રેટલ સ્ટ્રીટ, કૅમ્બ્રિજ, મેસેચ્યુસેટ્સ રોકાયા. ત્યાંથી હાર્વર્ડ યુનિવર્સિટી તથા બીજી યુનિવર્સિટીઓ પણ નજીક જ હતી. બોઝ પોતાનાં વ્યાખ્યાનો આપવા માટે તેમને ત્યાંથી જ જતા. આ સમયે જ કોલકાતામાં સંશોધન માટેની પ્રયોગશાળા કેવી હોવી જોઈએ તેની સંપૂર્ણ માહિતી સાથે ચર્ચા-વિચારણા થઈ હતી. વિજ્ઞાનયાત્રા સફળતાપૂર્વક પાર પાડી કોલકાતા આવ્યા ત્યારે બોઝને પ્રેસિડન્સી કૉલેજમાં જે અનુભવ થયો તેની વિગત તેમણે તેમની ધીરમાતાને પત્રમાં લખી જણાવી હતી. તેમણે આપેલી રકમમાંથી તેમના ઘર પાસે જ જમીન ખરીદી લેવામાં આવી હતી. જેને **'પુણ્ય આંગણ'** તરીકે ત્યારે ઓળખાવતા હતા.

18 જાન્યુઆરી, 1911ના રોજ વહેલી સવારે શ્રીમતી સારા ચેપમાન બુલનું નિધન થયું. ત્યારે તેઓ કૅમ્બ્રિજ, મેસેચ્યુસેટ્સ, યુ.એસ.એ.માં જ હતાં. છેલ્લા એક વર્ષથી માંદાં હોવા છતાં તેઓ કાર્યશીલ હતાં. સિસ્ટર નિવેદિતા ઑક્ટોબર-નવેમ્બર 1910થી તેમની સાથે જ હતાં. તેમણે તેમને ઘણી મદદ પણ કરી હતી.

સિસ્ટર નિવેદિતા 7 એપ્રિલ, 1911ના રોજ ભારત પાછાં આવ્યાં. તેમની તબિયત પણ અતિવ્યસ્ત રહેવાને લીધે કથળતી જતી હતી..

વિધિની વિચિત્રતા કહો કે યોગાનુંયોગ કહો સ્વામી વિવેકાનંદના અનુયાયી અને બોઝને મદદરૂપ થનારાં બંને વિદેશી માનુનીઓ 1911ની સાલમાં જ આ દુનિયાને અલવિદા કરી ગયાં.

**ડૉ. કિશોર પંડ્યા**
એ-૧૦૧, નિર્મળ રેસિડેન્સી,
જીવરાજ પાર્ક, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧

# સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાઓ

**શરદભાઈ પી. શાહ**

એક મહિના પહેલાંની વાત છે.

હું ડિસ્ટ્રિક્ટ કોર્ટની લાઇબ્રેરીમાં બેઠો હતો. ૪૦ વર્ષ પહેલાં મારા વિદ્યાર્થી રહી ચૂકેલા એક સિનિયર વકીલ મને મળ્યા. કંઈક રોષમાં હતા. બોલી ઊઠ્યા, ''જુઓ સાહેબ, સુપ્રીમ કોર્ટ શું કરવા બેઠી છે. કલમ ૩૭૭ અર્ધીપર્ધી કાઢી નાખી, સમલૈંગિક સંબંધો કાયદેસરના બનાવ્યા અને ગઈકાલે તો કલમ-૪૯૭નો છેદ ઉડાડી દીધો. વ્યભિચારી એ ગુનો નથી એમ ઠરાવ્યું. સામાજિક મૂલ્યોનો નાશ કરવા બેઠા છે આ લોકો.''

એમની આ અકળામણ હું સમજી શકતો હતો. તેમ સુપ્રીમકોર્ટનો નિર્ણય પણ હું સમજી શકતો હતો. તેથી તેમની વાતનો ઇન્કાર કે સ્વીકાર કરવો મારે માટે શક્ય નહોતો. તેથી હસીને મેં કહ્યું, ''આપણે આ બાબતની ચર્ચા ગોઠવીએ અને વિગતવાર સમજવા કોશિશ કરીએ.''

અમે વકીલ મંડળના સ્ટડી સર્કલમાં આ બાબતે વાર્તાલાપ ગોઠવ્યો. સારી ચર્ચા થઈ. ત્યાર બાદ તે વકીલમિત્ર મને મળ્યા કહે. સાહેબ સારું થયું. તમે આ બધું સમજાવ્યું નહિ તો હું તો સુપ્રીમ કોર્ટને ગાળો જ ભાંડતો રહેત. તેમની નિખાલસતાથી મને આનંદ થયો.

તેથી મને થયું કે સુપ્રીમ કોર્ટના તાજેતરના કેટલાક ચુકાદાઓ વિશે લેખ લખું અને ટૂંકાણમાં તેની ચર્ચા કરું. સૌપ્રથમ આપણે **શબરીમાલા**ના કેસની ચર્ચા કરીએ.

કેરાલાના પેરીપાટ વેસ્ટર્ન ઘાટમાં શબરીમાલાનું મંદિર આવેલું છે. આ મંદિર દેશના જાણીતા મોટા મંદિરોમાંનું એક છે. જેમાં વર્ષે લગભગ ૫ કરોડ જેટલા દર્શનાર્થીઓ દર્શનનો લાભ લે છે. મંદિરના દેવ અયપ્પા શાશ્વત નૈષ્ઠિક બ્રહ્મચારી છે તેવી માન્યતા છે. આ મંદિરમાં પ્રાચીન કાળથી ચાલી આવતો નિયમ છે કે રજસ્વલા સ્ત્રી – અર્થાત્ ૧૦ વર્ષથી માંડીને ૫૦ વર્ષની ઉંમરની સ્ત્રી મંદિરમાં પ્રવેશ મેળવી શકે નહિ. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં ૪ વિરુદ્ધ ૧ના ચુકાદાથી ઠરાવ્યું કે દરેક વ્યક્તિને દર્શનનો અધિકાર છે અને તેથી ૧૦થી ૫૦ વર્ષની સ્ત્રીઓના પ્રવેશનો નિયમ બંધારણની સમાનતા અને ધાર્મિક સ્વાતંત્ર્યની જોગવાઈઓ વિરુદ્ધનો છે અને રદબાતલ છે.

મંદિર અંગેની દંતકથા એવી છે કે પાડાલખના રાજા સંતાન વિહોણા હતા. એક દિવસ તે શિકાર કરવા જંગલમાં ગયા ત્યારે એક તાજું જન્મેલું બાળક જોવામાં આવ્યું. ત્યાં એક સંત મળી ગયા. તેમણે સલાહ આપી કે બાળકને લઈ જાઓ. કુંવર તરીકે ઉછેરો. રાજા અને રાણી બાળકને પોતાના સંતાન તરીકે ઉછેરવા લાગ્યાં. બાળક બાળપણથી જ દૈવી ગુણો ધરાવતું હોય તેમ લાગ્યું. એક વખત રાણી બીમાર પડ્યાં. કોઈ ઉપાય કારગત નીવડતો નહોતો. વૈદરાજે કહ્યું કે વાઘણનું દૂધ પિવડાવો. વાઘણનું દૂધ લેવા જવા કોઈ તૈયાર ન થયું. આ વખતે ૧૨ વર્ષનું બાળક જેનું નામ મણિકંદન હતું તે દૂધ લાવવા નીકળી પડ્યો. કહે છે કે તે વાઘણ પર બેસીને પરત આવ્યો અને રાણીને દૂધ આપ્યું અને તબિયત સુધારી, રાજાએ ઘણી ધન-સંપત્તિ મણિકંદને આપવા ઇચ્છા કરી ત્યારે મણિકંદને કહ્યું કે મને ધન, સંપત્તિ, સાંસારિક બાબતો પ્રત્યે કોઈ અભિરુચિ નથી. મારે તો સંસાર ત્યાગ કરવો છે. રાજા દુ:ખી મને તૈયાર થયા. રાજધાનીથી ૩૦ કિ.મી દૂર પર્વત પર ૩૦૦૦ મીટરની ઊંચાઈ પર મંદિર બાંધ્યું, જે મંદિરમાં મણિકંદને દૈવી રૂપ ધારણ કર્યું તે અયપ્પા દેવનું આ શબરીમાલા મંદિર છે.

જ્યાં સૈકાથી પ્રણાલિકા છે કે દર મહિનાના પહેલા પાંચ દિવસ મંદિર દર્શન માટે ખૂલે. નવે-ડિસેમ્બર-જાન્યુઆરીમાં ૪૧ દિવસ ખૂલે. લાખો લોકો ખાસ કરીને દક્ષિણ ભારતનાં ૫ રાજ્યોમાંથી ત્યાં રોજ વ્રત કરવા જાય તે દરમિયાન ચુસ્ત નિયમોનું પાલન કરે.

સ્ત્રીઓ-રજસ્વલા સ્ત્રીઓના પ્રવેશની બંધીને જુદાં જુદાં મંતવ્યો છે. અયપ્પા નૈષ્ઠિક બ્રહ્મચારી હતા અને મંદિરની અંદરના અને આસપાસના સ્પંદનો સ્ત્રીને નુકસાનકર્તા છે. બીજું મંતવ્ય એવું છે કે રજસ્વલા સ્ત્રીની અપવિત્રતાના કારણે પ્રવેશ મળે નહિ. કોઈ બુદ્ધિગમ્ય કે વૈજ્ઞાનિક કારણ જાણવા મળ્યું નથી, પરંતુ સૈકાઓથી આ વણલખ્યો નિયમ ચાલી આવે છે.

ઘણી સંસ્થાઓએ આનો વિરોધ કરી સુપ્રીમ કોર્ટમાં રીટ કરી. સુપ્રીમ કોર્ટના પાંચ ન્યાયમૂર્તિ પૈકી ચાર-ચીફ

જસ્ટિસ દીપક મિશ્રા, જસ્ટિસ નરીમાન, જસ્ટિસ ખાનવીલકર અને જસ્ટિસ ચંદ્રચુડે રીટ મંજૂર કરી સ્ત્રી પ્રવેશ બંદી ગેરકાયદેસર કરાવી. ચીફ જસ્ટિસ દીપક મિશ્રાએ કહ્યું કે સ્ત્રી અને પુરુષ બંનેને દર્શનનો – ધાર્મિક સ્વાતંત્ર્યને સરખો અધિકાર છે. આ બંધારણે આપેલો અધિકાર છે અને તે રદબાદલ કરી શકાય નહિ.

જસ્ટિસ ચન્દ્રચુડ, જસ્ટિસ ખાનવીલકર, જસ્ટિસ નરીમાને સહમતિ સાધતાં ચુકાદાઓમાં પોતપોતાનાં કારણો આપ્યાં અને નિયમને રદબાતલ ઠરાવ્યો. આ પાંચ ન્યાયમૂર્તિમાં એક માત્ર સ્ત્રી સભ્ય ઇન્દુ મલ્હોત્રા હતાં. તેમણે લઘુમતી ચુકાદો આપતાં કહ્યું કે પુરાણી માન્યતાઓ અને શ્રદ્ધાના આધારે ઘડાયેલા નિયમોમાં કોર્ટે દખલ કરવી જોઈએ નહિ. તેમણે કહ્યું કે જો નિયમ સતીપ્રથા જેવું સામાજિક દૂષણ હોત તો વાત જુદી કહી શકાય; પરંતુ શ્રદ્ધાના આધારે ઘડેલા નિયમ કદાચ બુદ્ધિગમ્ય ન હોય તોપણ એ શ્રદ્ધાનો વિષય હોઈ તેમાં ડખલ ન કરવી જોઈએ. તેમણે કહ્યું,

"Court cannot impose morality or rationality with respect to from of worship of a deity. Doing so would negate the freedom to practice one's religion according to one's faith or belief and would amount to rationalize religion, faith and belief which is outside the ken of the court."

તમારા જ્ઞાનના ક્ષેત્રની બહાર જઈને શા માટે ચુકાદો આપો છો ? તેમ તેમણે કહ્યું.

આ શબરીમાલાનો ચુકાદો, બહુમતી ચુકાદો. એ Law of land છે. લઘુમતી ચુકાદો વિચારની ભૂમિકા પૂરી પાડે છે. Law of land એ Law of People બનતો નથી ત્યારે પારાવાર મુશ્કેલી થાય છે. લાખો લોકો રસ્તા પર ઊતરી પડે છે – તેમને માટે સમાનતા, ભેદભાવ, ધાર્મિક સ્વતંત્રતા કરતાં વર્ષોથી તેમની ચાલી આવતી પ્રણાલિકા મહત્ત્વ ધરાવે છે અને તેથી ઘર્ષણ ઊભું થાય છે. તેથી જસ્ટિસ ઇન્દુ મલ્હોત્રાનો મત વિચારણીય બને છે.

હવે આપણે **બીજો ચુકાદો જે કલમ ૩૭૭** અંગે છે તેની ચર્ચા કરીશું. તે ચુકાદાથી સમલૈંગિક સંબંધો કાયદેસરના બનાવ્યા અને તે પૂરતી કલમ ૩૭૭ ગેરકાયદેસર ઠરાવી છે.

૧૮૫ વર્ષથી ભારતીય ફોજદારી ધારામાં આ કલમ છે. કુદરતના કર્મ વિરુદ્ધ કોઈ પણ પુરુષ, સ્ત્રી કે પ્રાણી સાથેનો સંબંધ ગુનાહિત ગણીને જન્મટીપ સુધીની સજા કલમ ૩૭૭માં ફરમાવી છે.

આ કલમનો વર્ષોથી વિરોધ થતો રહ્યો છે. ખાસ કરીને એલ.જી.બી.ટી. દ્વારા તેનો વિરોધ થયો. તેઓનું કહેવું છે કે બે પુખ્ત વયની વ્યક્તિઓ પોતાના ખાનગી જીવનમાં કેવી રીતે જાતીય જીવન જીવવું તે પોતાની રીતે નક્કી કરે તેમાં કાયદો શા માટે વચ્ચે આવે ? લેસ્બિયન, ગે, બાય સેક્સુઅલ અને ટ્રાન્સજેન્ડર – એલ. જી. બી. ટી. માટે આ જીવનમરણનો પ્રશ્ન હતો. તેમને લાગતું કે વર્ષોથી આ કારણે સમાજમાં તેમની બેઇજ્જતી થાય છે.

દુનિયાના ૧૨૫ દેશોમાં સમલૈંગિક સંબંધો કાયદેસર છે એટલે સ્ત્રી-સ્ત્રી વચ્ચેના સંબંધો અગર પુરુષ-પુરુષ વચ્ચેના સંબંધો કાયદેસર છે તે રીતે ભારતની સુપ્રીમ કોર્ટે સમલૈંગિક સંબંધો કાયદેસર માન્યા છે અને તેટલા પૂરતી કલમ રદ કરી છે; પરંતુ પુરુષ કે સ્ત્રીના પ્રાણી સાથેના અકુદરતી સંબંધો કાયદેસરના નથી તેમ ઠરાવ્યું છે.

૨૦૦૯માં દિલ્હી હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે સમલૈગિંક સંબંધો કાયદેસર છે. તેની ઉપર સુપ્રીમ કોર્ટમાં અપીલ થઈ. ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે દિલ્હી હાઇકોર્ટનો ચુકાદો બરોબર નથી. કલમ ૩૭૭ કાયદેસર છે. સમલૈંગિક સંબંધો કાયદેસરના નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પાર્લમેન્ટ ઇચ્છે તો કલમ રદ કરી શકે. કોર્ટનું એ કામ નથી. તે પછી ચેફ રીતુ દાલમિયા, ડાન્સર નવજોત જોહર, પત્રકાર સુનીલ મહેરા વિ. એ વિરોધ કર્યો અને સુપ્રીમ કોર્ટે પાંચ ન્યાયાધીશની બેન્ચ સ્થાપિત કરી. તેમણે ઠરાવ્યું :

"Section 377 is irrational arbitary and incomprehersible as it fetters the right to quality for LGBT community."

યુનો સહિત ઘણી સંસ્થાઓ અને વ્યક્તિઓએ આ નિર્ણયને આવકાર્યો છે. ઘણાનું એવું મંતવ્ય છે કે જ્યારે બે યુવાન વ્યક્તિઓ સંમતિથી સંબંધ બાંધે છે ત્યારે તેમને જાતીય જીવન જીવવાની સ્વતંત્રતા હોવી જોઈએ. ખાસ કરીને તેનાથી કોઈ ત્રીજી વ્યક્તિને નુકસાન નથી ત્યારે તે વ્યક્તિઓને સજા કરવાની અયોગ્ય છે.

જોકે એ વાત સમજવા જેવી છે કે દર વર્ષે દેશમાં હજારો કેસો બળાત્કારના નોંધાય છે; પરંતુ જવલ્લે જ સમલૈંગિક સંબંધો અંગેના કેસ નોંધાય છે. તેનું મહત્ત્વનું કારણ એ છે કે તે બાબતની બંનેની સંમતિ હોઈ ફરિયાદ કરવાનો પ્રસંગ ભાગ્યે જ બને છે. પરંતુ હવે તેને કાયદેસરતા મળતાં ગુનો બનવાનું કારણ રહેતું નથી. છતાં

હજુ બે પુરુષો કે બે સ્ત્રીનાં કાયદેસરનાં લગ્ન થઈ શકે કે કેમ તે અંગેનો નિર્ણય બાકી છે.

અને છેલ્લે આપણે **વ્યભિચાર ગુનો નથી એમ ઠરાવી કલમ-૪૯૭ રદ કરી** તે અંગે જોઈએ. એ ચુકાદો સમજતા પહેલાં વ્યભિચાર સમજી લઈએ.

વ્યભિચારમાં અનૈતિક સંબંધ છે; પરંતુ દરેક અનૈતિક સંબંધ એ વ્યભિચાર નથી. કોઈ પણ પુરુષ અપરિણીત સ્ત્રી સાથે અગર વિધવા સ્ત્રી સાથે અનૈતિક સંબંધ બાંધે તો તે વ્યભિચારનો ગુનો કરતો નથી.

કોઈ પણ પુરુષ પરિણીત સ્ત્રી સાથે અનૈતિક સંબંધ બાંધે પરંતુ તે સ્ત્રીના પતિને તેમાં વાંધો ન હોય તો તે પણ વ્યભિચારનો ગુનો બનતો નથી. કલમ ૪૯૭ પ્રમાણે વ્યભિચારનો ગુનો ત્યારે બને છે કે જ્યારે પરિણીત સ્ત્રી, તેના પતિની જાણ કે સંમતિ વિના, પરપુરુષ સાથે અનૈતિક સંબંધ ધરાવે.

આ બાબતની ફરિયાદ તે સ્ત્રીનો પતિ પરપુરુષ પર કરી શકે. તે ફરિયાદમાં સ્ત્રી એટલે કે ફરિયાદીની પત્ની આરોપી ન ગણાય. કાયદો કહે છે કે વ્યભિચારનો ગુનો સ્ત્રીને ગુનેગાર બનાવતો નથી.

મને થોડા વર્ષો પહેલાંનો એક કિસ્સો યાદ આવે છે. એક સ્ત્રી અને એક પુરુષ મારી ઑફિસે આવ્યાં. તે સ્ત્રીએ કહ્યું, ''આ પુરુષ સાથે મારે સંબંધ છે. મારા પતિ આ સંબંધ છોડી દેવા કહે છે, નહિ તો ફોજદારી ફરિયાદ દાખલ કરવાનું કહે છે.''

મેં કહ્યું, ''તે જરૂર ફરિયાદ કરી શકે. તે આ ભાઈ વિરુદ્ધ ફરિયાદ કરી શકે, તારા વિરુદ્ધ નહિ.'' તે સ્ત્રી અકળાઈ ઊઠી – '' આમનો તો કશો વાંક નથી. મારા કહેવાથી અને મારા આગ્રહથી તે મારી સાથે સંબંધ રાખે છે. ફરિયાદ ભલે મારી ઉપર કરે.''

મેં કહ્યું : કાયદો સ્ત્રીને ગુનેગાર ગણતો નથી. તે બોલી ઊઠી – તો હું પણ મારા પતિ વિરુદ્ધ ફરિયાદ કરીશ. તે બીજી સ્ત્રી સાથે સંબંધ રાખે છે. મારી પાસે તેના પુરાવા છે.

મેં કહ્યું તું ફરિયાદ ન કરી શકે. ફરિયાદ કરવાનો અધિકાર માત્ર તે સ્ત્રીના પતિને જ છે.

તે અકળાઈને બોલી આ તો કેવો કાયદો?

વર્ષો પછી આજે સુપ્રીમ કોર્ટ બોલી ઊઠી આ તો કેવો કાયદો ? તે બેન પાસે કોઈ સત્તા નહોતી. તે કશું કરી શકી નહિ. સુપ્રીમ કોર્ટ પાસે સત્તા હતી. તેણે કલમને રદ કરી દીધી. ભારતીય ફોજદારી ધારામાં આ કલમ-૪૯૭ સને ૧૮૬૨માં આવી. પહેલા લૉ કમિશને ૧૮૩૭થી ૧૮૬૨ સુધી કાયદો ઘડવા મહેનત કરી. લૉર્ડ મેકૉલે તે કમિશનના ચૅરમેન હતા. તેમણે વ્યભિચાર ગુનો ગણ્યો નહોતો. ઇંગ્લૅન્ડમાં તો વ્યભિચાર ત્યારે પણ ગુનો ન હતો, આજે પણ નથી. પરંતુ બીજા લૉ કમિશને કાયદો આખરી ઘડતી વખતે કલમ ૪૯૭ ઉમેરી, વ્યભિચારને ગુનો ગણ્યો. ભારતના સંજોગો અને માન્યતાના આધારે વ્યભિચારને ગુનો ગણવામાં આવ્યો. લૉ કમિશને કહ્યું સ્ત્રી તો શોષણનો ભાગ બનનાર છે, તેને ગુનેગાર ગણી શકાય નહિ.

૧૫૬ વર્ષ આ કલમ રહી. જોકે બહુ થોડા કેસ વ્યભિચારના નોંધાયા – બળાત્કાર, સ્ત્રીની આબરૂને ધોકો પહોંચાડવો વગેરે બાબતોનો હજારો કેસોની સરખામણીમાં વ્યભિચારના ઓછા કેસો નોંધાયા, કારણ કે આ બંને પક્ષની-પુરુષ અને સ્ત્રીની મરજીથી બંધાતો સંબંધ હતો. વ્યભિચારને કારણે લગ્નજીવનમાં ભંગાણ થતું, છૂટાછેડા થતા, પરંતુ ફરિયાદો ઓછી થતી હતી.

છતાં ૨૦મી સદીના અંતમાં અને ૨૧મી સદીમાં આ જોગવાઈ વિરુદ્ધ અવાજ ઊઠતો રહ્યો. આ અંગેની રીટ થતાં સુપ્રીમ કોર્ટે બંધારણીય બેન્ચમાં સુનાવણી કરી. પાંચ ન્યાયમૂર્તિ શ્રી દીપક મિશ્રા, શ્રી નરીમાન, શ્રી ચન્દ્રચૂડ, શ્રી ખાનવીલકર અને શ્રીમતી ઇન્દુ મલ્હોત્રાએ સર્વાનુમતે ઠરાવ્યું કે કલમ-૪૯૭ બંધારણીય જોગવાઈઓનો ભંગ કરનાર છે.

સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે પુરુષ – પોતાની પત્નીના અનૈતિક સંબંધ અંગે ફરિયાદ કરી શકે; પરંતુ સ્ત્રી ન કરી શકે તે બરોબર નહિ. વળી તે બાબત છૂટાછેડાનું કારણ ભલે રહે, પણ બે પુખ્ત વ્યક્તિઓ સંમતિથી સંબંધ બાંધે તો ગુનો ન ગણાવો જોઈએ. પુરુષ ઇચ્છે તો ફરિયાદ કરે, ન ઇચ્છે તો ન કરે, એનો અર્થ એ થયો કે સ્ત્રી એ પુરુષની મિલકત છે અને તેથી તેની અરજી મુજબ તેને વ્યવહાર કરવાનો છે.

મહદઅંશે આ ચુકાદાનો લોકોમાં વ્યાપક સ્વીકાર થયો છે.

મેં ખૂબ જ ટૂંકાણમાં ચુકાદાઓની વાત કરી. ૨૦૦થી ૪૦૦ પાનામાં લખાયેલા આ ચુકાદાઓમાં જાતજાતની ફિલસૂફી ભરી પડી છે. વાંચશો તો સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ માટે મનમાં થોડો પણ રોષ હશે તો નીકળી જશે. ચુકાદાઓ ખૂબ મહેનતથી, ચિંતનથી, વિદ્વત્તાપૂર્ણ લખાયા છે.

**શરદભાઈ પી. શાહ**
**એડવોકેટ, મહેસાણા**
**મો. ૯૪૨૯૭ ૩૬૩૬૫**

# ભ્રમણકક્ષામાં ફરતા પદાર્થની આપેલા સમયે જગ્યા શોધવી

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

કોઈ પદાર્થ ઉપર વ્યસ્ત વર્ગ (Inverse square) બળ જેનું કેન્દ્ર નાભિ છે તે લાગે છે. આના કારણે પદાર્થ તેની ભ્રમણકક્ષામાં ફરે છે. આપણો પ્રશ્ન કોઈ પણ સમયે પદાર્થ ક્યાં હશે તે જગ્યા શોધવાનો છે.

**પ્રમેય 30 :**


To find at any assigned time the place of a body moving in a given parabola.

પરવલય ઉપર ફરતા પદાર્થની આપેલા કોઈ પણ સમયે જગ્યા શોધવી.

આકૃતિ ૧માં બતાવેલા પરવલય APનું A શિરોબિંદુ છે અને P એ પદાર્થનું તાત્ક્ષણિક સ્થાન (Instantaneous position) છે. S એ પરવલયની નાભિ છે અને $y^2 = 4ax$ પરવલયનું સમીકરણ છે, જ્યાં AS = $a$ છે. ASના મધ્યબિંદુ G માંથી AS ને લંબ GY દોરો. SP ના મધ્યબિંદુએ લંબ દોરો. જે GYને H બિંદુએ છેદે છે.

આ રચના પછી ન્યૂટન સાબિત કરે છે :

P બિંદુએ રહેલો પદાર્થ પરવલય પર આકર્ષણ વ્યસ્ત-વર્ગના નિયમ પ્રમાણે બળ લાગવાના કારણે પદાર્થ P પરવલય ઉપર ફરે છે. આથી H બિંદુ પણ GY ઉપર એકધારી ગતિથી મુસાફરી કરે છે. આ એકધારી ગતિએ, A બિંદુએ Pની ગતિના $\frac{3}{8}$ ભાગની ગતિ છે.




આકૃતિ 1

$$AG^2 + GH^2 = GS^2 + GH^2 = HS^2 = HP^2$$

પણ $HP^2 = HH'^2 + H'P^2 = (AO - AG)^2 + (PO - HG)^2$

$= AO^2 - 2AO \times AG + AG^2 + PO^2 - 2PO \times HG + HG^2$

$= AO^2 - 2AO \times AG + PO^2 - 2PO \times HG + SH^2$

$\therefore \quad 2PO \times HG = AO^2 + PO^2 - 2AO \times AG$ ...(1)

P(AO, OP) પરવલય $y^2 = 4ax$ ઉપર હોઈને,

$$OP^2 = 4AS \times AO$$

$$\therefore \quad AO = \frac{OP^2}{4AS} \qquad ...(2)$$

$$\therefore \quad 8AO \times AG = OP^2$$

$$\therefore \quad 2AG \times AO = \frac{1}{4}OP^2 \qquad ...(3)$$

(2) અને (3), (1)માં મૂકતાં,

$$2PO \times HG = \frac{OP^4}{16AS^2} + PO^2 - \frac{1}{4}PO^2$$

$$= AO \times \frac{OP^2}{4AS} + \frac{3}{4}PO^2$$

$$\therefore \quad 2HG = AO \times \frac{OP}{4AS} + \frac{3}{4}PO$$

$$\therefore \quad \frac{4}{3}HG \times AS = \frac{1}{6}AO \times OP + \frac{1}{2}PO \cdot AS$$

$$= \frac{1}{6}OP\ (AO + 3AS)$$

$$= \frac{1}{6}OP\ [4AO - 3(AO - AS)]$$

$$= \frac{1}{6}OP\ [4AO - 3OS]$$

$\therefore \quad \frac{4}{3}HG \times AS = \frac{2}{3}(xy)_p - \Delta SOP$નું ક્ષેત્રફળ

બીજી રીતે,

$$\int_0^x y\,dx = 2\sqrt{a}\int_0^x x^{\frac{1}{2}}\,dx = 2\sqrt{a}\,\frac{x^{\frac{3}{2}}}{\frac{3}{2}}\Big|_0^x = \frac{4}{3}\sqrt{a}\ \ x\sqrt{x}$$

$= 2\sqrt{a}\ \sqrt{x}\left(\frac{2}{3}\right)x = \frac{2}{3}(yx)_p = ASOP$નું ક્ષેત્રફળ

$\frac{4}{3}GH \times a$ = પરવલયી ખંડ ASP નું ક્ષેત્રફળ છે અને ક્ષેત્રફળના નિયમ પ્રમાણે

$$\frac{4}{3}GH \times a = \frac{1}{2}ht$$

$$\therefore \quad GH = \frac{3}{8}\,\frac{h}{a}t$$

$$\therefore \quad \frac{d}{dt}(GH) = \frac{3}{8}\,\frac{h}{a}$$


Pની A એ ગતિ $v_A = \frac{h}{a}$ હોઈને $\frac{d}{dt}(GH) = \frac{3}{8}v_A$.

આપણને સમય $t$ આપેલો છે અને પરવલયની બધી માહિતી આપેલી હોઈને GH = $\frac{3}{8}\frac{h}{a}t$ માંથી GH ની કિંમત મળે. $G\left(\frac{a}{2}, 0\right)$ અને $H\left(\frac{a}{2}, u\right)$ માંથી $u$ મેળવી શકાય. આપણે જાણીએ છીએ કે SH = HP હોઈને અને P પરવલય ઉપર હોઈને Pના યામો મેળવી શકાય જે આપણે જોઈએ છે.

**પ્રમેય 31 :**

To find the place of a body moving in a given ellipse at any assigned time.

ઉપવલય ઉપર ફરતા પદાર્થની આપેલા કોઈ પણ સમયે જગ્યા શોધવી.




**આકૃતિ 2**

આકૃતિ ૨માં આપેલા ઉપવલયનું શિરોબિંદુ A છે, S નાભિ છે અને ઉપવલય APB નું કેન્દ્ર O છે. આપણે સમય $t$ એ ઉપવલય ઉપર P બિંદુએ આવેલા પદાર્થના યામો શોધવાના છે. OA ને G સુધી લંબાવો જેથી $\frac{OG}{OA} = \frac{OA}{OS}$ થાય. OG ત્રિજ્યા લઈને વર્તુળ GEF દોરો. GBને લંબ GH દોરો. વર્તુળ GEF તેની ધરીની આસપાસ રેખા GH ઉપર ફરે ત્યારે બિંદુ A સાઇક્લૉઇડ (Cycloid) દોરે છે. Aથી P જવાનો સમય $t$ છે જે આપેલો છે. વર્તુળ આખુ ફરવાનો સમય T છે. $\frac{GK}{GEFG}$ પરિમિતિ = $\frac{t}{T}$ માંથી GK મળે. GKને KL લંબ દોરો. આ લંબ સાઇક્લૉઇડને L બિંદુએ કાપે છે. GH ને સમાંતર LX દોરો. LX ઉપવલયને P બિંદુએ છેદે છે, જે બિંદુ P આપણે જોઈએ છે. આ જ આપણે જોઈતુ P બિંદુ છે તેની સાબિતી જોઈએ.

$$\frac{OG}{OA} = \frac{OA}{OS} \quad \therefore \quad OG = \frac{(OA)^2}{OS} = \frac{a^2}{ae} = \frac{a}{e}$$

$\left(\frac{1}{2}ht\right)\left(\frac{a}{b}\right) = \frac{a}{b}$ ઉપવલયી વૃત્તાંશ APS નું ક્ષેત્રફળ

= વતૃલીય વૃત્તાંશ AQS નું ક્ષેત્રફળ

= $\frac{1}{2}(OA)(\text{Arc AQ}) - \Delta SOQ$ નું ક્ષેત્રફળ

= $\frac{1}{2}\{(OA)(\text{Arc AQ}) - (OQ)(SR)\}$

= $\frac{1}{2}(OA)\{(\text{Arc AQ}) - SR\}$

$h = nab$ હોઈને અને બંને બાજુને $\frac{OG}{a} \left(= \frac{a}{OS}\right)$ ગુણતાં,

$$\frac{1}{2} nt \; (OG \; a) = \frac{1}{2} a \left\{ \frac{OG}{a} (\text{Arc AQ}) - a \frac{SR}{OS} \right\}$$

$$= \frac{1}{2} a \; \{\text{Arc GF} - a \sin u\}$$

$$\therefore \quad nt\,(OG) = \text{Arc GF} - a \sin u$$

$$= OG \times u - a \sin u$$

$$= OG \left[ u - \frac{a}{OG} \sin u \right] = OG \; [u - e \sin u]$$

$$\therefore \quad nt = u - e \sin u$$

આ સમીકરણ 'કેપ્લર સમીકરણ' તરીકે ઓળખાય છે. $t$ અને $n$ આપેલા હોઈને આ સમીકરણનો ઉકેલ $u$ મળે.

કોઈ પણ સમીકરણ $f(x) = 0$ નો ઉકેલ મેળવવા માટે સામાન્ય રીતે ન્યૂટન-રાપ્સન (Raphson) વપરાય છે. આપણે જો ઉકેલ ધારી શકતા હોઈએ તે ધારેલી રકમ $x_0$ લઈએ અને

$$x_{i+1} = x_i - \frac{f(x_i)}{f'(x_i)} \quad i = 0, 1, 2, \ldots$$ ઉપયોગ કરીને

શ્રેણી $x_1, x_2, \ldots$ મેળવીએ. અહીંયાં $f'(x_i) = \frac{df}{dx}(x_i)$ છે.

જેવી જરૂરિયાત તે પ્રમાણે $x_i$ લઈએ.


$f(x) = nt - x - e \sin x$ લઈને ઉકેલ મેળવી શકાય.

**પ્રમેય 39 :**

Supposing a centripetal force of any kind, and granting the quadratures of curvilinear figures; it is required to find the velocity of a body, ascending or descending in a right line, in the several places through which it passes, as also the time in which it will arrive at any place; and conversely.

ધારો કે કોઈ પણ પ્રકારનું કેન્દ્રગામી બળ લાગે છે અને વક્રરેખી આકૃતિઓ માટે જરૂરી સંકલન મળે; પદાર્થ જે સીધી રેખામાં ચડતુ હોય કે ઉતરતુ હોય, તે ઘણી જગ્યાએથી પસાર થતું હોઈને તે દરેક જગ્યાએ તેની ગતિ અને તે કયા સમયે આપેલ જગ્યાએ આવશે તે મેળવવાનું છે અને આથી ઉલટું.

અહીંયાં કેન્દ્રગામી બળ ગમે તે પ્રકારનું છે અને નામ સુચવે છે તે પ્રમાણે બળ કોઈ કેન્દ્ર તરફે આકર્ષાય છે. આપણે જરૂરી સંકલન કરી શકીએ તે પણ આપેલું છે. પદાર્થ Aથી શરૂ કરે છે અને છેક નીચે C એ પહોંચે છે. આપણે કોઈ બિંદુ E એ પદાર્થની ગતિ અને કેટલા સમયમાં E એ પહોંચ્યો તે જાણવું છે. D થી E જતાં




AEC is the $z$-axis;

EG = $f(z)$ at E;

BFG, the locus of G, represents $f(z)$:

$[\upsilon(E)]^2 - 2$ area of ABGE $= 2 \int_E^A f(z)\, dz$: (5)

Q.E.I.

EM $\propto$ [area of ABGE]$^{-1/2}$ $= \left[\int_E^A f(z)\, dz\right]^{-1/2}$;

VLM is the locus of M;

t $\propto$ area of ABTVME

$$= \int_E^A \left[\int_P^A f(z)\, dz\right]^{-1/2} dP. \qquad (6)$$

Q.E.I.

(And it is done: *Quod erat inveniendum*). **આકૃતિ 3**

ખૂબ જ ટૂંકો સમય છે. ન્યૂટન વક્ર BFGg એ રીતે દોરે છે કે જેથી વક્ર ઉપરના દરેક બિંદુનું APDEeC થી લંબ અંતર બરાબર લાગતા બળનું માન (megnitude) છે. જેમકે AB બરાબર A બિંદુએ લાગતા બળના માન બરાબર છે. DF બરાબર D બિંદુએ લાગતા બળના માન બરાબર છે.

હવે આપણે વક્ર VLMm નીચે પ્રમાણે દોરીએ. બિંદુ M થી લંબાઈ EM $\sqrt{2\int_A^Z f(x)\, dx}$ ના વ્યસ્ત પ્રમાણમાં છે.

આપણને $\frac{d^2z}{dx^2} = -f(z)$ આપેલું છે. અહીંયાં $f$ એ $z$ નું ધન (positive) વિધેય છે. આપણે આમાંથી $\frac{dz}{dt}$ અને સમય $t$ જ્યારે પદાર્થ $z$ બિંદુએ હોય ત્યારે શોધવાનાં છે.

$$\frac{d^2z}{dt^2} = \frac{d}{dt}\left(\frac{dz}{dt}\right) = \frac{dz}{dt}\ \frac{d}{dz}\left(\frac{dz}{dt}\right) = \frac{1}{2}\frac{d}{dz}\left(\frac{dz}{dt}\right)^2 = -f(z)\}$$

$$\therefore \quad \left(\frac{dz}{dt}\right)^2 = -2\int f(z)\, dz$$

$$\therefore \quad v^2 = \left(\frac{dz}{dt}\right)^2 = 2\int f(z)\, dz$$

$$\therefore \quad \upsilon = \frac{dz}{dt} = \pm\, [2\int f(z)\, dz]^{\frac{1}{2}}$$

$$\therefore \quad \frac{dt}{dz} = \frac{1}{\pm[2\int f(z)\,dz]^{\frac{1}{2}}}$$

$$\therefore \quad t = \text{constant} \pm \int \frac{1}{[2\int f(z)\,dz]^{\frac{1}{2}}}\,dz$$

ન્યૂટન આને આકૃતિ 3માં દર્શાવે છે.

AEC Z-અક્ષ છે.

BFGg વિધેય $f(z)$ છે.

$f(z)$ ની $z$ = E એ કિંમત EG છે.

$$[v(\mathrm{E})]^2 = 2 \text{ ક્ષેત્રફળ ABGE} = 2\int_{\mathrm{E}}^{\mathrm{A}} f(z)\,dz$$

$$\mathrm{EM} \propto \frac{1}{\sqrt{\mathrm{ABCE}}} = \frac{1}{\sqrt{\int_{E}^{\mathrm{A}} f(z)\,dz}}$$

$$t \propto \text{ABTVME નું ક્ષેત્રફળ} = \int_{\mathrm{E}}^{\mathrm{A}} \left[\int_{\mathrm{P}}^{\mathrm{A}} \left[f(z)\,dz\right]\right]^{-\frac{1}{2}} dp$$

DEFG ને સ્થળાંતરનું તત્ત્વ ગણીએ. એના

$$\text{DEFG ના ક્ષેત્રફળ} = f(\mathrm{E})\ \mathrm{DE} = f(\mathrm{E})\frac{\mathrm{DE}}{\Delta t}\,\Delta t$$

$$= f(\mathrm{E})\ v(\mathrm{E})\ \Delta t$$

પ્રવેગ = લાગતું બળ

$$\frac{\Delta}{\Delta t}(v(\mathrm{E})) = f(\mathrm{E})$$

$$\therefore \quad \Delta(v(\xi)) = f(\xi)\ \Delta t$$

આથી DEFG ના ક્ષેત્રફળ = $v(\xi)\ \Delta(v(\xi)) = \frac{1}{2}\Delta(v(\xi))^2$.

**પ્રમેય 41 :**

Supposing a centripetal force of any kind and granting the quadratures of curvilinear figures; it is required to find as well the curves in which bodies will move, as the times of their motions in the curves found.

ધારો કે કોઈ પણ પ્રકારનું કેન્દ્રગામી બળ લાગે છે અને વક્ર આકૃતિઓ માટે જરૂરી સંકલન મળે; જેમ જેમ જુદા સમયે વક્રોમાં પદાર્થોની ગતિ મળે તેમ તેમ જે વક્રોમાં પદાર્થો ફરે છે તે વક્રો શોધવાના છે.

કુદરતી રીતે આપણે ત્રિજ્યા (Radial) સમીકરણ $\frac{d^2r}{dt^2} = -f(r) + \frac{h^2}{r^3}$, અહીંયા બળના ભાગમાં $\frac{h^2}{r^3}$ લેવાનું કારણ આવા બળની અસર જોઈ શકાય અને કોણીય સમીકરણ $\frac{d\phi}{dt} = \frac{h}{r^2}$ જે ક્ષેત્રફળનો નિયમ પણ દર્શાવે છે.

$$\frac{d^2r}{dt^2} = \frac{d}{dt}\left(\frac{dr}{dt}\right) = \frac{dr}{dt}\ \frac{d}{dr}\left(\frac{dr}{dt}\right) = \frac{1}{2}\frac{d}{dr}\left(\frac{dr}{dt}\right)^2$$

$$= -f(r) + \frac{h^2}{r^3}$$

$$\therefore \quad \left(\frac{dr}{dt}\right)^2 = -2\int^r f(r)\,dr - \frac{h^2}{r^3}$$

$$\therefore \quad \frac{dr}{dt} = \pm\left[-2\int^r f(r)\,dr - \frac{h^2}{r^3}\right]^{\frac{1}{2}}$$


$$\frac{d\phi}{dt} = \frac{d\phi}{dr}\frac{dr}{dt} = \frac{h}{r^2}$$

$$\therefore \quad \frac{d\phi}{dr} = \frac{h}{r^2}\frac{1}{\frac{dr}{dt}} = \pm\frac{h}{r^2}\cdot\frac{1}{\left[-2\int^r f(r)\,dr - \frac{h^2}{r^2}\right]^{\frac{1}{2}}}$$

$$\therefore \quad \phi = \pm\int^r \frac{h}{r^2\left[-2\int^r f(r)\,dr - \frac{h^2}{r^2}\right]^{\frac{1}{2}}} \quad \text{અને}$$

$$t = \pm\int^r \frac{dr}{\left[-2\int^r f(r)\,dr - \frac{h^2}{r^2}\right]}$$

ન્યૂટને કલનગણિત વગર ગણી બતાવેલું, તે આપણે જોઈએ :




આકૃતિ 4

ધારો કે, કોઈ કેન્દ્રગામી બળ છે જેનું કેન્દ્ર C છે. પદાર્થ આ બળથી મુસાફરી કરે છે. અને આ મુસાફરીનો વક્ર VIKR આપણે મેળવવાનો છે. આકૃતિ 4માં બતાવ્યા પ્રમાણે કેન્દ્ર C થી CV ત્રિજ્યા લઈને વર્તુળ VXYR દોરો. C કેન્દ્રથી CD અને CE ત્રિજ્યાઓ લઈને વર્તુળની ચાપો ID અને KE દોરો. સુરેખાઓ CNIX અને CKY દોરો જે વર્તુળોને આકૃતિ 4માં બતાવ્યા પ્રમાણે કાપે છે. I અને K એકબીજાની ખૂબ જ નજીક આવેલાં બિંદુઓ છે. ટૂંકી રેખા IK, ઓછામાં ઓછા સમય $\Delta t$ માં વર્ણવી શકાય છે. આથી IK = $ds = v\,dt$. આપણે $\angle$VCI ને $\theta$ થી દર્શાવીએ અને $\angle$XCY ને $d\theta$ દર્શાવીએ. આથી (1) KN = CK $d\theta = r\,d\theta$. (2) $\Delta$ICK = $\frac{1}{2}$IC × KN = $\frac{1}{2}r\,(r\ \ d\theta) = \frac{1}{2}r^2\,d\theta$ અથવા sector ICK ≈ $\Delta$ICK (3) $IK^2 = IN^2 + KN^2$.

$$\therefore \quad ds^2 = dr^2 + (r\,d\theta)^2$$

$$\therefore \quad v^2 = \left(\frac{ds}{dt}\right)^2 = \left(\frac{dr}{dt}\right)^2 + \left(r\,\frac{d\theta}{dt}\right)^2$$

ન્યૂટનના સંકેતો (Notations)

$h$ = Q; $r$ = A; $\frac{h}{r} = \frac{Q}{A}$ = Z;

BLFG : $-2f(r)$; IN = $dr$; $\angle$XCY = $d\theta$

KN = $r\,d\theta$ ક્ષેત્રફળ ક્ષેત્રફળ ABFD = $-2\int_A^D f(r)\,dr$ .

$r^2 = -2\int_0^r f(r)\,dr \propto$ ક્ષેત્રફળ ABFD.

આપણે ક્ષેત્રફળ ABFD ના બદલે ABFD વાપરીશું, આથી,

$$\frac{\sqrt{ABFD}}{h/r} = \frac{\sqrt{v_r^2 + v_\odot^2}}{r_\odot} = \frac{v_s}{v_\odot} = \frac{IK}{KN} = \frac{\sqrt{ABCD}}{Z}$$

$$\frac{\text{ABFD}}{z^2} = \frac{(\text{IK})^2}{(\text{KN})^2} \qquad \frac{\text{ABFD} - z^2}{z^2} = \frac{(\text{IK})^2 - (\text{KN})^2}{(\text{KN})^2} = \frac{\text{IN}^2}{\text{KN}^2}$$

$$\therefore \quad \frac{\sqrt{\text{ABFD} - z^2}}{\text{Z}^2} = \frac{\text{IN}}{\text{KN}} = \frac{\sqrt{\text{ABFD} - z^2}}{\text{Q/A}}$$

$$\therefore \quad \text{A} \cdot \text{KN} = \frac{\text{Q . IN}}{\sqrt{\text{ABFD} - z^2}} \to r^2\, d\theta = \frac{h\, dr}{\left[-2\int^{r} f(r)\, dr - \frac{h^2}{r^2}\right]^{\frac{1}{2}}}$$

$$\therefore \quad \frac{\text{XY} \cdot \text{XC}}{\text{A} \cdot \text{KN}} = \frac{\text{CX}\, d\theta \cdot \text{CX}}{r^2\, d\theta} = \frac{\text{CX}^2}{r^2} = \frac{\text{CX}^2}{\text{A}^2}.$$

$$\text{XY} \cdot \text{XC} = \frac{\text{CX}^2}{\text{A}^2}\ \text{A} \cdot \text{KN} = \frac{\text{Q} \cdot \text{IN} \cdot \text{CX}^2}{\text{A}^2 \sqrt{\text{ABFD} - z^2}}$$

DF લંબના D$b$, D$c$ બરાબર અવિરતપણે $\frac{\text{Q}}{2\sqrt{\text{ABCD} - z^2}}$ અને $\frac{\text{Q} \cdot \text{CX}^2}{2\text{AA}\sqrt{\text{ABFD} - \text{D}^2}}$ લેતાં ચક્રો $ab$ અને $ac$ ના બિંદુઓ $b$ અને $c$ સવિસ્તાર વર્ણવી શકાય. બિંદુ V માંથી AC ને લંબ V$a$ દોરો જે વક્રીય ક્ષેત્રફળો VD$ba$ અને VD$ca$ માં વહેંચે છે. E$z$ અને E$x$ કોટિઓ દોરો. લંબચોરસ D$bz$E ના ક્ષેત્રફળ બરાબર ક્ષેત્રફળ ΔICK છે અને લંબચોરસ DC · IN અથવા D$cx$E ના ક્ષેત્રફળ બરાબર ક્ષેત્રફળ ΔXCY છે. જો પદાર્થ V થી મુસાફરી શરૂ કરે અને આપણને સમય આપ્યો હોય તો VD$ba$ ના પ્રમાણસર ક્ષેત્રફળ પણ આપ્યું હોય ત્યારે આપણને ઊંચાઈ CD અથવા CI આપેલી હશે. ક્ષેત્રફળ VCX અને ક્ષેત્રફળ VD$ba$ સરખાં છે. તદ્ઉપરાંત ∠VCI પણ આપ્યો છે. ખૂણો VCI અને ઊંચાઈ CI આપેલી છે. સાથે સાથે I ની જગ્યા પણ આપેલી છે, આપેલા સમયના અંતે પદાર્થ I બિંદુએ મળશે.

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખાયો છે :


(1) Chandrasekhar S. Newton's Principia for the Common Reader. Oxford Clarendon Press, 1995.

(2) Cohen I. A Guide to Newton's Principia. Berkeley, University of California Press, 1999.

(3) Colin Pask. Magnificient Principia. Prometheus Books, 2019.



**– વિઠ્ઠલભાઈ અં. પટેલ**

'સ્વરાજ', નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,

મુ.પો. શેરવા, તા.જિ. ગાંધીનગર.

મો. ૯૪૨૮૦૧૯૦૪૨


●

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**અલગારી રખડપટ્ટી (રંગધનુષી નિબંધો)**, પુસ્તક પહેલું / **મોતીભાઈ મ પટેલ.** અમદાવાદ : દિશા પ્રકાશન, ૨૦૨૧ ૧૬૦ પ. ISBN : ૯૭૮-૯૩-૮૮૬૭૪-૫૬-૬ કિ રૂ. ૨૦૦

ગુજરાતના શિક્ષણ જગતના મોતી એવા ડૉ. મોતીભાઈ મ પટેલ (૧૯૩૭) કૃત 'અલગારી રખડપટ્ટી'એ 'મ્હાણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું', 'ગમતાંને ગૂંજે ન ભરીએ' જેવી સૂકિતઓને ચરિતાર્થ કરતું – તેમના મૂઠી ઊંચેરા શિક્ષકત્વને ઉજાગર કરતું અથવા કહીશું કે એક ક્રિયાશીલ શિક્ષકની આનંદયાત્રાને વાચા આપતું પુસ્તક છે. અહીં લેખકે વ્યવસાયિક ક્ષેત્રમાંથી વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા બાદ ૧૯૯૮ થી ૨૦૦૧ સુધીના સમયગાળામાં ચારધામની સાંસ્કૃતિક યાત્રા વિશે તેમજ સવિશેષતઃ ગુજરાતભરનાં પ્રાથમિકથી યુનિવર્સિટીસ્તર સુધીનાં અગણિત શિક્ષણતીર્થો દ્વારા આમંત્રિત કરવામાં આવતાં સંબંધિત સંસ્થાઓમાં આપેલાં વક્તવ્યો, અન્ય આનુષંગિક પ્રવૃત્તિઓ વગેરે વિશેનાં હર્યાંભર્યાં – લીલાંછમ સંસ્મરણો કુલ ૧૨ નિબંધોમાં વણી લીધાં છે.

અહીં ગ્રંથસ્થ પ્રત્યેક ભ્રમણવૃત્ત – નિબંધના સમયગાળામાં લેખક દ્વારા લેવામાં આવેલી ઘણી બધી સંસ્થાઓની વિવિધ શૈક્ષણિક હેતુસરની મુલાકાતો અને અન્ય પ્રવૃત્તિઓ વગેરેનું આલેખન ધારાપ્રવાહી શૈલીમાં – વાર્તાશૈલીમાં – 'ખળખળ વહેતી બાની!'માં કરવામાં આવ્યું હોવાથી વાચકને સ્પર્શી જાય તેવું છે. ખાસ ધ્યાનાર્હ બાબત તો એ છે કે લેખક શિક્ષણશાસ્ત્રના વિદ્વાન અને વિદ્યાર્થી–વત્સલ અધ્યાપક / પ્રાચાર્ય રહ્યા હોવાની સાથે જ સૌને સુલભ એવા સાચુકલા શિક્ષકનો જીવ હોવાથી સ્વાભાવિક રીતે જ ગુજરાતનાં શિક્ષણ, સાહિત્ય વગેરે ક્ષેત્રોનાં અગ્રણીઓ સાથે ઘરોબો ધરાવતા હોવા છતાં અહીં પ્રસંગોપાત્તનાં વક્તવ્યો/વાતોમાં આ બધાંની પ્રસંગોચિત સાદર નોંધ લઈને સવિશેષતઃ ગુજરાતભરમાં ઠેર ઠેર ઋષિકુળ પરંપરાની યાદ તાજી કરાવનાર શતાધિક ક્રિયાશીલ શિક્ષકો/આચાર્યો અને તેમનાં તપોવનોનો કાળજીપૂર્વક સંક્ષેપમાં છતાં છલકતા હૈયે ગૌરવભેર પરિચય કરાવતા અને તેમનાં કાર્યોની વંદના કરતા જોવા મળે છે. આ પૈકી ઉદાહરણસ્વરૂપ કેટલાક શિક્ષકો/સંચાલકો, જેમ કે વાલાભાઈ પટેલ, હરેશ ધોળકિયા, અશોક પટેલ, રૂડા ભગત, પૂંજલભાઈ રબારી, પ્રતાપભાઈ ત્રિવેદી, જેસંગભાઈ ડાભી, નાનુભાઈ વગેરે ઘરદીવડાઓ, જ્યારે સંસ્થાઓ પૈકી લોકવિદ્યાલય (ભીમોરા), વિશ્વમંગલમ (અનેરા), લોકનિકેતન (રતનપુર), સંસ્કારતીર્થ (આજોલ), વૃંદાવન (હિંમતનગર), ગાયત્રી જ્ઞાનતીર્થ (ગીર વિસ્તાર), આર્ય વિદ્યામંદિર, (ભુંજકા, રાજકોટ), સાબરમતી કન્યા વિદ્યાલય (સાબરમતી, અમદાવાદ), શ્રી ચરોતર મોટી સત્તાવીશ પાટીદાર કેળવણી મંડળ (આણંદ), શ્રી માલધારી મંગલમંદિર ટ્રસ્ટ (ભુજોડી, કચ્છ), મોહનભાઈ ડાહ્યાભાઈ લોકકલ્યાણ ટ્રસ્ટ (રફાળા), લોકવિદ્યાલય (વાળુકડ) વગેરેનાં શૈક્ષણિક અને સંસ્કારવર્ધક પ્રવૃત્તિઓ, સુખદાયક શાળા અને છાત્રાલય ભવનો, વર્ગખંડોની વિશેષતાઓ, પ્રાકૃતિક સંપદા વગેરે સહિત.

આ નિબંધોની આગવી વિશેષતા અને મૂડી એ છે કે ગ્રંથસ્થ ૩ નિબંધો બાદ કરતાં પ્રત્યેક નિબંધના અંતમાં જે-તે સમયગાળા દરમિયાન વાંચેલાં અને પોતાને 'ઝંકૃત કરી ગયેલાં', 'હચમચાવી ગયેલાં', 'ઊંઘ હરામ કરી દે' તેવાં પુસ્તકો પૈકીનાં ૨૩ પુસ્તકોનું અને જોયેલી ફિલ્મો પૈકી ૧૧ ફિલ્મોનું વિવેચનાત્મક અભિગમથી મનભાવંત રસદર્શન. પુસ્તકો પૈકી પ્રીતિ શાહ સંપાદિત, 'પીધો અમીરસ અક્ષરનો', મણિલાલ હ. પટેલ કૃત વાર્તાસંગ્રહ 'બાપાનો છેલ્લો કાગળ', પંજાબી લેખિકા દલીપકૌર ટિવાણા કૃત લઘુનવલ 'આનું નામ

જિંદગી', ગુણવંત શાહ કૃત 'પતંગિયાની આનંદયાત્રા', રમણ સોની અનુવાદિત 'ત્તોત્તો ચાન', ડૉ. મોહનભાઈ પંચાલ કૃત 'વિરલ વિદ્યાપુરુષ હરભાઈ ત્રિવેદી વગેરેનો સવિસ્તર સરસ પરિચય કરાવ્યો છે. અજિત કૌરની આત્મકથા 'મારી કરમકથની.' નો પરિચય કરાવવાની સાથે પંજાબીની અન્ય બે લેખિકાઓ અમૃતા પ્રીતમ અને દલીપ કૌર ટિવાણાની આત્મકથાઓનો પણ તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં પરિચય કરાવ્યો છે. આ બધાં પુસ્તકોનો પરિચય કરાવતાં લેખક વાચકોને અત્ર–તત્ર જણાવતા રહે છે : 'વાંચવાનું અને વિચારવાનું હજુ માંડી વાળ્યું નથી તેવી દરેક વ્યકિતઓએ આ પુસ્તક વાંચવું જોઈએ', 'વસાવવા અને મમળાવવા જેવું પુસ્તક', 'જો થોડીક વાંચનપ્રિયતા બચી હોય તો' વગેરેમાં વાંચનપ્રીતિ પ્રજ્વલિત રાખવા માટે એક શિક્ષકની હૃદયસ્પર્શી અપીલનાં દર્શન જોવા મળે છે. આ જ રીતે ૧૧ ફિલ્મો, જેમ કે 'તાલ', 'ગોડમધર', '૧૯૪૭ અર્થ', 'મિશન કશ્મીર' વગેરેનો પરિચય કરાવવામાં દિગ્દર્શક, ફિલ્મનું હાર્દ, કલાકારો અને અભિનય ક્ષમતા, લોકપ્રિય ગીત, કલાત્મકતા અને સર્જનાત્મકતા વગેરે બાબતોને કાળજીપૂર્વક વણી લીધી છે, તેમજ આ ફિલ્મો જોવા માટે ટકોર પણ કરતા રહે છે. છે તો શિક્ષકનો જીવને !

શૈક્ષણિક સમારોહોમાં ઉપસ્થિત અન્ય મહાનુભાવોનો પરિચય અને મહાનુભાવો દ્વારા આપવામાં આવેલાં પ્રવચનોની નોંધ, જેમ કે મનુભાઈ પંચોલીએ શિક્ષકોને ટકોર કરતાં કહેલા શબ્દો : 'જે શિક્ષક રોજનાં ૧૦૦–૨૦૦ પાન વાંચતો નથી તે શિક્ષણનો કે જીવનનો કોઈ અનુબંધ જ ન કરી શકે. જે શિક્ષક રોજનાં ૧૦૦–૨૦૦ પાનાં ન વાંચી શકે તેણે શિક્ષકમાંથી નિવૃત્તિ લઈ શેર બજારમાં જવું', વગેરે. શિક્ષણના પ્રવાહો, ઘર કરી ગયેલાં દૂષણો વગેરે વિશે લેખક યથાવકાશ કાળજીથી નોંધ લેતા જોવા મળે છે. આ સાથે જ જમ્મુ–કાશ્મીર પ્રવાસ, કચ્છ ધરતીકંપ અને કચ્છદર્શન (અભરાઈએ ચઢાવેલ 'કચ્છ વિકાસ બોર્ડ'ની આવશ્યકતા વિશે ટકોર) અને સૂર્યમંદિર મોઢેરાની મુલાકાતોનાં વર્ણનો તેમજ ગૂજરાત વિદ્યાપીઠના દીક્ષાંત સમારોહો, સુરેન્દ્રનગરના સાહિત્યકારો, આંજણા–ચૌધરી સમાજ, 'સમણું'ની વિકાસગાથા વગેરે વિશેની નોંધો પણ ધ્યાનાર્હ બની રહે છે. આ બધી સરસ અને ઉપાદેયકારક શૈક્ષણિક અને અન્ય આનુષંગિક પ્રવૃત્તિઓને શબ્દબદ્ધ કરવાની સાથે આત્મગૌરવની વિગતોની સાહજિક ગૂંથણી પણ અત્ર-તત્ર જોવા મળે છે.

આ વિદ્યાયાત્રા દરમ્યાન શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરે સમક્ષ વિવિધ વિષયો વિશે એકાધિક વખત રજૂ કરેલાં વક્તવ્યો, જેમ કે 'આ શિક્ષણને થયું છે ?' 'બદલાતી પરિસ્થિતિમાં શિક્ષકની ભૂમિકા અને જવાબદારી', 'વર્તમાન સંદર્ભમાં ગાંધીજીની બુનિયાદી શિક્ષણની ઉપયુકતતા', 'જગતના શૈક્ષણિક પ્રવાહોમાં નઈ તાલીમનાં પાયાનાં તત્ત્વો', 'વીસમી સદીના શિક્ષકનું મનોમંથન અને એકવીસમી સદીના શિક્ષક પાસે સમાજની અપેક્ષાઓ', 'સિદ્ધાર્થ : શિક્ષકોનો પ્રેરણા ગ્રંથ', 'શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલા', વગેરેમાં લેખકનાં અધ્યયનશીલતા, શિક્ષણમાં ગુણવત્તા લાવવા માટે કંઈક કરી છૂટવાની ભાવના ધરાવતા એક સમર્પિત અને જીવંત અધ્યાપકનાં દ્યોતક બની રહે છે. જોકે અહીં ઉલ્લેખ કરવો રહ્યો કે આ બધાં વકતવ્યોનાં શીર્ષકોની સાથે તેનો હાર્દરૂપ સાર સંક્ષેપમાં પણ આપવામાં આવ્યો હોત તો વિશેષ ઉપયોગી નીવડત !

વિવિધ શિક્ષણસંસ્થાઓમાં પ્રસંગોપાત્તનાં વક્તવ્યોમાં પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં ઘર કરી ગયેલ ભ્રષ્ટાચાર, અધ્યાપકોની પસંદગીમાં વિદ્વત્તાની અવગણના વગેરે સંબંધી ડૉ. મોતીભાઈનાં વેધક વિધાનોમાં વ્યકત કરેલ વેદના ધ્યાનાર્હ બની રહે છે. કેટલાંક વિધાનો આ રહ્યાં :

* કેટલીક બોગસ શિક્ષણસંસ્થાઓ શિક્ષણના કેટલાક વેપારીઓ અને રાજકારણીઓ દ્વારા ચાલે છે, તે વહેલી તકે બંધ થાય તેવું આંદોલન નઈ તાલીમ સંઘે ઉપાડવું જોઈએ. (પૃ ૫૬)

* આજે ચારે બાજુ શિક્ષકોની ભરતીમાં – વિદ્યાર્થીઓના પ્રવેશમાં પૈસા લેતી સંસ્થાઓનું પ્રમાણ વધી રહ્યું છે. (પૃ ૧૫૪)

* શિક્ષણની નહીં શિક્ષકની ગુણવત્તા કથળી છે. શિક્ષકોનો ઈજાફો વધે છે, પણ તેનું જ્ઞાન વધે છે ખરું ? કેટલા શિક્ષકો ઈજાફાની વર્ષની રકમમાંથી પુસ્તકો

ખરીદે છે ? સામયિકો ખરીદે છે ? (પૃ ૫૮)

* કેટલીક તાલીમી સંસ્થાઓમાં તો પ્રેરણા શું કંઈ માર્ગદર્શન પણ ન આપી શકે તેવા માટીપગા પ્રાચાર્યો બેસી ગયા છે. (પૃ ૭૭)

* કોઈક યુનિવર્સિટીના ગુજરાતી સાહિત્યભવનમાં અધ્યક્ષ અને પ્રોફેસર હોય એવું ગજુ ધરાવતા શ્રી ઈસુભાઈ એસ. ટી. કૉર્પોરેશનમાં નોકરી કરે છે એ એક વદતો વ્યાઘાત જ છે ને ? કેટલાંક ભવનોમાં એસ. ટી.ના વર્કશૉપમાં પણ ન ચાલે તેવા પ્રોફેસર–રીડર છે એ પણ ઓછી કરુણતાની ઘટના નથી. (પૃ ૧૦૫)

સમગ્રતયા લેખકે ગુજરાતના વિવિધ પ્રદેશોની શિક્ષણયાત્રા દરમિયાન પ્રત્યક્ષ જોયેલાં અને અનુભવેલાં વિવિધ સ્તરનાં બહુવિધ શિક્ષણતીર્થો અને તેના મૂઠી ઊંચેરા સમર્પિત શિક્ષકો અને સંચાલકોને – ઘરદીવડાઓને ઉજાગર કરી આપવાની સાથે તેમના દ્વારા આરંભાયેલ જ્ઞાનયજ્ઞને સતત પ્રજ્વલિત અને સંવર્ધિત રાખવા પ્રસંગોચિત ઉદ્‌બોધનોમાં શીખ અને કડવી વાસ્તવિકતાઓ જણાવીને પ્રોત્સાહિત કરવાનું પ્રશસ્ય કાર્ય એક ધ્યેયનિષ્ઠ શિક્ષકની હેસિયતથી – ધર્મકાર્ય તરીકે કર્યું છે. અહીં સમાવિષ્ટ પુસ્તકોના અધ્યયનશીલ પરિચયો લેખકના વાંચનપ્રેમી જીવના દ્યોતક બની રહે છે. ગુજરાતનાં શિક્ષણતીર્થોની, સમર્પિત શિક્ષકોની અને એક શિક્ષકની-મોતીભાઈ પટેલની નિષ્ઠાની–ક્રિયાશીલતાની ઝલક માટે પ્રસ્તુત પુસ્તક ઉપરાંત લેખક કૃત 'રેતી છીપલાં અને મોતી : શિક્ષણઋષિની ભાવયાત્રા' (૨૦૧૭) નું વાંચન કરવું જ રહ્યું.

**મણિભાઈ પ્રજાપતિ**

•

**વિશ્વ આધુનિક કેવી રીતે બન્યું ?/ પ્રવીણ જ. પટેલ**

અમદાવાદ : હર્ષ પ્રકાશન, વિક્રેતા : ગૂર્જર સાહિત્ય ભવન, ૨૦૨૧ ૨૦ + ૧૪૦ પૃ. ISBN ૯૭૮-૯૩-૮૯૪૧૯-૩૨-૦ કિં રૂા ૨૦૦

કોઈપણ વિચારશીલ ભારતીયના મનમાં સહજતયા પ્રશ્ન ઉદ્‌ભવતો હશે કે આપણો દેશ (ભારત) વિશ્વની પ્રાચીનતમ પાંચ સંસ્કૃતિઓ ધરાવતા દેશો પૈકીનો એક દેશ, ભવ્ય ભૂતકાળ ધરાવતો દેશ હોવાની સાથે સાથે સાંસ્કૃતિક ધરોહરથી સંપન્ન – સાહિત્ય, ધર્મ-દર્શન, જ્ઞાનવિજ્ઞાનના અનેકવિધ વિષયોના ઉત્તમોત્તમ ગ્રંથો, શિલ્પ-સ્થાપત્યનાં બેનમૂન સ્મારકો વગેરે ધરાવતો હોવા છતાં આજે વિશ્વના અને ખાસ કરીને પશ્ચિમના દેશોની તુલનાએ આધુનિકતામાં કેમ પાછળ પડી ગયો છે ? અને આ સાથે જોડાયેલો બીજો પ્રશ્ન એ કે વિશ્વ–પશ્ચિમ કેવી રીતે આધુનિક બન્યું ? પ્રસ્તુત પ્રશ્નો સંદર્ભે પ્રબુદ્ધ સમાજવૈજ્ઞાનિક પ્રવીણ જ. પટેલે એક અધ્યેતાની દૃષ્ટિએ સમીક્ષા હેઠળના પુસ્તકમાં ચિંતન પ્રસ્તુત કરવાની સાથે આધુનિકતામાં ભારત કેમ પાછળ પડ્યું તેનાં કારણો જણાવવાની સાથે હવે શું કરવું જોઈએ તે વિશે કેટલાક ઉપાયો પણ દર્શાવ્યા છે. આ હેતુ લેખકે ભારત અને પશ્ચિમના દેશોમાં કેટલાક પાયાના મહત્ત્વપૂર્ણ વિષયોના આધારે, જેમ કે જ્ઞાન, વિજ્ઞાન, સત્ય, મનુષ્ય, સારું જીવન, સામાજિક અસમાનતા, ન્યાય, સામાજિક ન્યાય, સરકાર, લોકશાહી, સ્વતંત્રતા અને નાગરિક જેવા ૧૨ વિષયો વિશે પ્રવર્તતા વિચારોને ત્રણ મુખ્ય વિભાગો – જ્ઞાનમીમાંસા, સામાજિક મીમાંસા અને રાજકીય મીમાંસામાં વર્ગીકૃત કરીને નિરપેક્ષ અને નિર્લિપ્ત બની રહીને ઐતિહાસિક કાળક્રમમાં તેની પ્રસ્તુતતા સાથે મીમાંસા કરી છે. પોતાના મંતવ્યના સમર્થનમાં પ્રાચીનકાળથી પ્રવર્તમાનકાળ સુધીના પાશ્ચાત્ય દેશોના ૫૦ જેટલા ચિંતકો, જેમકે સોક્રેટિસ, પ્લેટો, એરિસ્ટોટલથી શરૂ કરીને જહોન રોલ્સ, હર્બટ સ્પેન્સર, ફ્રેડરિક હાયક વગેરે અને ભારતીય પક્ષે સવિશેષતઃ મનુસ્મૃતિ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અને મહાભારત તેમજ સનાતન વિચારધારાના પ્રચલિત વિચારોનો આધાર લેવામાં આવ્યો છે

પાશ્ચાત્ય અને ભારતીય વિચારપરંપરામાં આગળ ઉપર નિર્દેશિત વિષયોની વિભાવના સુસ્પષ્ટ કરવા ઉપરાંત તેના પ્રાદુર્ભાવકાળથી આજદિનસુધીમાં કાળક્રમાનુસાર આવેલા વૈચારિક પરિવર્તનો વિશે ગહન વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે. અલબત્ત, ભારતીય વિચારપરંપરાના વિશ્લેષણની તુલનાએ પશ્ચિમના ચિંતકોનાં મંતવ્યો વિશે વ્યાપક પરિપ્રેક્ષ્યમાં ચિંતન

પ્રસ્તુત કરવામાં આવ્યું છે – જોકે લેખકનો મહત્ ઉદ્દેશ્ય પણ ‘ભારત સહિત સમગ્ર વિશ્વના આધુનિકીકરણ ઉપર પડેલી પશ્ચિમના વિચારોની અસરો તપાસવાનો રહ્યો છે. અહીં પશ્ચિમના વિચારોની તુલનાએ ભારતીય વિચારો ક્યાં અલગ પડે છે તે તેમજ પશ્ચિમ પાસેથી ભારતે શું શીખવા જેવું છે તે પણ તારવી આપ્યું છે.

લેખક દ્વારા દર્શાવવામાં આવેલાં ભારત આધુનિક ન થવા પાછળનાં અવરોધક પરિબળો અને ઉપાયો :

* પ્રાચીનકાળથી પશ્ચિમના વિચારકો દૈવી તત્ત્વોને વચ્ચે લાવ્યા વિના ભૌતિક જગતનું જ્ઞાન મેળવવા સતત મથામણ કરતા આવ્યા છે અવિરત ચાલતા આવતા વાદવિવાદ કે વાર્તાલાપ એ પશ્ચિમની સંસ્કૃતિનું એક આગવું લક્ષણ છે. આવા વિચારવલોણાને લીધે પશ્ચિમમાં અનેક મોટા વિચારપલટાઓ આવ્યા છે... (જ્યારે) જેને પાયાના કહી શકાય તેવા મોટા વિચારપલટાઓ ભારતની વિચારપરંપરામાં આવ્યા નહીં તેથી આધુનિક તાર્કિક, બુદ્ધિપ્રધાન, અને વૈજ્ઞાનિક વિચારસરણીને અને તજ્જન્ય સામાજિક–રાજકીય સુધારાઓને પશ્ચિમમાં જેટલું મહત્ત્વ મળ્યું તેટલું ભારતમાં છેક ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અર્થાત્ અંગ્રેજ શાસનના પૂર્વે સુધી ન મળ્યું. (પૃ ૧૧–૧૦).

* ભારતમાં સમાજજીવનમાં હજુ પણ ધર્માંધતા, અંધશ્રદ્ધા, વહેમ, મંત્ર–તંત્ર, ચમત્કાર, બનાવટી સાધુ–બાવાઓનું ચલણ બેશુમાર છે. આઝાદીનાં સિત્તેર વર્ષ પછી પણ આપણી સદીઓ પુરાણી સંસ્કૃતિ અને સમાજવ્યવસ્થામાંથી ઊભા થતા કેટલાક પ્રશ્નો આપણો કેડો જ છોડતા નથી. (પૃ ૮).

* પશ્ચિમના દેશોમાં માનવીની ગરિમા (dignity) ને જેટલું મહત્ત્વ અપાય છે તેટલું હજુ ભારતમાં અપાતું નથી; કારણ કે, ભારતમાં અનેક સદીઓથી સામાજિક અસમાનતાને જ પ્રાધાન્ય અપાયું હતું. તેથી સાંપ્રત ભારતમાં અસમાનતા ઉપર આધારિત સામાજિક તનાવ અને સંઘર્ષોનું પ્રમાણ ઘણું જોવા મળે છે. (પૃ ૬૬). અસમાનતા અન્યાયી છે એવો પ્રશ્ન જ તેમના મનમાં સૈંકડો વર્ષો સુધી ઊભો થતો નહોતો; પરંતુ ઓગણીસમી સદીમાં બ્રિટિશરોની ઉદારમતવાદી (liberal) વિચારસરણી તથા કેળવણીની અસર હેઠળ સામાજિક સમાનતાનો ખ્યાલ ભારતમાં વિકસ્યો અને અસમાનતાના ખ્યાલની સાથે ન્યાયની વિભાવના સાંકળવામાં આવી (પૃ ૬૧–૬૨). આમછતાં ભારતમાં થતાં અનામત વિરોધી આંદોલનો કે દલિત વિરોધી ઘટનાઓ બતાવે છે કે સામાજિક ન્યાય અંગેના આધુનિક વિચારોને હજુ વ્યાપક સ્વીકૃતિ મળી નથી. (પૃ ૮૬).

* ભારતમાં પ્રાચીન સમયથી ઓગણીસમી સદી સુધી રાજાશાહી સિવાય સરકાર અંગેની પોતીકી કહી શકાય તેવી મૌલિક વિચારસરણી વિકસી નહીં. બંધારણીય સરકાર, સંસદીય લોકશાહી, સરકારની સત્તાનું વિભાજન, વ્યક્તિસ્વાતંત્ર્ય, કલ્યાણ રાજ્ય અને નાગરિકોના હક્કો અને ફરજો જેવી બાબતોને સ્વતંત્ર ભારતના બંધારણમાં પશ્ચિમની વિચારધારામાંથી અપનાવેલી છે. (પૃ ૯૮)

* આપણા દેશમાં ધર્મ, જ્ઞાતિ કે ભાષાને લઈને વારંવાર થતા વાદવિવાદો કે દંગા–ફસાદોને લીધે લાગે છે કે આપણે ભારતના નાગરિક તરીકેની સમાન ઓળખ (common identity) ઊભી કરી શક્યા નથી એટલું જ નહીં, પણ આપણને વિભાજિત કરતી વિશેષ (particularistic) અને આગવી પહેચાન(identity)ને વધુ મહત્ત્વ અપાઈ રહ્યું હોય તેમ ક્યારેક લાગે છે. આવા કંકાસોને લીધે ઊભો થતો સામાજિક તનાવ ભયજનક સપાટીએ પહોંચીને આપણી રાષ્ટ્રિય એકતા, અખંડતા અને લોકશાહી માટે ખતરારૂપ બને તે પહેલાં તેના એક ઉકેલ તરીકે ભારતના નાગરિક તરીકેની આપણી ઓળખ વધુ મજબૂત કરવાની જરૂર છે. (પૃ ૧૨૧)

* પ્રાચીન ભારતમાં દુન્યવી જ્ઞાનના સંદર્ભે જે આરંભિક વિકાસ થયો હતો તે અનેક કારણોસર પાછળથી મંદ પડી ગયો અને સામાજિક જીવન પણ સમય જતાં સ્થગિત થતું ગયું. જ્યારે ૧૫મી સદીની નવજાગૃતિ અને ૧૭મી સદીની વૈજ્ઞાનિક ક્રાંતિ પછી પશ્ચિમના દેશોમાં જે પ્રગતિ થઈ તેને કારણે ત્યાંનું

દુન્યવી જીવન આસ્તે–આસ્તે વધુ ને વધુ સમૃદ્ધ અને સશકત થતું ગયું અને આપણે પ્રમાણમાં પાછળ પડતા ગયા. હવે જ્યારે ૨૧મી સદીમાં જ્ઞાન-આધારિત સમાજ (knowledge society) નો ઉદય થઈ રહ્યો છે ત્યારે ભારતે પણ જો એક વૈશ્વિક તાકાત તરીકે ઊભરવું હશે તો વૈજ્ઞાનિક જ્ઞાન અને ભૌતિક વિકાસ ઉપર વધુ ને વધુ ધ્યાન આપવું પડશે. (પૃ ૧૩૬).

* કમનસીબે, ભારતમાં ૮મી સદીથી ૧૮મી સદી સુધીના ઘણા લાંબા સમય સુધી આધ્યાત્મિક જ્ઞાનને વધુ મહત્ત્વ અપાયું અને અનુભવજન્ય જ્ઞાનની ઉપેક્ષા થઈ. તેથી આપણે આધુનિક વિજ્ઞાનના ક્ષેત્રે પશ્ચિમના દેશો કરતાં પ્રમાણમાં પાછળ પડી ગયા (પૃ ૭)... એક દલીલ ખાતર માની લઈએ કે પ્રાચીન ભારતમાં ઘણી વૈજ્ઞાનિક જાણકારીઓ હતી તોપણ જેમ પ્રાચીન ભારતમાં વ્યાકરણશાસ્ત્ર, યોગશાસ્ત્ર, પ્રમાણશાસ્ત્રના નિયમોનું જેવું યોજનાબદ્ધ નિરૂપણ અને સંહિતાકરણ (Codification) થયું હતું તેવું વૈજ્ઞાનિક અભ્યાસપદ્ધતિનું થયું હોય તેમ જોવા મળતું નથી. (પૃ ૧૫)

* લોકશાહીમાં જાગ્રત નાગરિકોના ઘડતર માટે સાર્વત્રિક કેળવણીનું મહત્ત્વ વધી જાય છે, પરંતુ માત્ર ચીલાચાલુ પુસ્તકિયા જ્ઞાન આપતા શિક્ષણને બદલે તમામ સ્તરે ઉચ્ચ કક્ષાની, ઉદારમતવાદી, મૌલિક ચિંતનને પ્રોત્સાહન આપતી અને નીતિમત્તાને પ્રાધાન્ય આપતી કેળવણી ઉપર વધુ ધ્યાન આપવું જરૂરી છે. (પૃ ૧૦૯) અને ખાસ તો હાલના પરીક્ષાલક્ષી અને માત્ર ગોખણપટ્ટી ઉપર ભાર મૂકતા ચીલાચાલુ શિક્ષણમાં ક્રાંતિકારી પરિવર્તનો આણવાં આવશ્યક છે. (પૃ ૨૪)

* આપણી રાષ્ટ્રિય અસ્મિતા કાજે આપણા ભૂતકાળની ભવ્ય સિદ્ધિઓ આપણે વિસારે ના પાડીએ અને તેનાં સારાં અને ઉપયોગી લક્ષણોને ત્યજીએ પણ નહીં, પરંતુ સાથે સાથે આપણા ઋગ્વેદની **'આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ'** સલાહ પ્રમાણે પશ્ચિમમાં વિકસેલ આધુનિક વિજ્ઞાન અને તાર્કિક વિચારસરણીને તથા ઉદારમતવાદી સંસ્કૃતિને પણ અપનાવીએ તે પણ એટલું જ જરૂરી છે આધુનિક મનુષ્ય ભવિષ્ય ઉપર પણ નજર રાખતો હોય છે તેથી તે યથાસ્થિતિવાદી નથી હોતો. (પૃ ૧૩૭).

આપણો ભાવિ માર્ગ પ્રશસ્ત કરી આપતાં આ ચિંતનમૌક્તિકો હૈયે ધરવા જેવાં છે, જેમાં લેખકની વિશદ્ અધ્યનશીલતા અને દેશદાઝ ઊડીને આંખે વળગે છે. પુસ્તકમાં પ્રયોજવામાં આવેલા અંગ્રેજી પારિભાષિક શબ્દોના ગુજરાતી સમાનાર્થી આપવાની સાથે કૌંસમાં મૂળ અંગ્રેજી શબ્દ, ઓછા વપરાતાં યુરોપિયન નામોનાં ગુજરાતી લિપિયંતર અને કૌંસમાં રોમનલિપિમાં નામ, અને ગ્રંથાન્તે 'સંદર્ભ સાહિત્ય' અંતર્ગત મહત્ત્વપૂર્ણ ૨૭ પુસ્તકોની સૂચિમાં લેખકનો દ્રષ્ટિપૂત અભિગમ ધ્યાનાર્હ બની રહે છે. જોકે પ્રયોજવામાં આવેલા પારિભાષિક શબ્દોની બહુલતાને ધ્યાને લેતાં એક સ્વતંત્ર પરિશિષ્ટમાં તારવીને આપવામાં આવ્યા હોત તો તે વિશેષ આવકાર્ય બની રહેત.

પ્રસ્તુત પુસ્તકને 'ઉત્તમ પુસ્તક' ગણાવીને તેને આવકારતાં વિશ્વ વિખ્યાત રાજકીય તત્ત્વવેત્તા અને 'Marx's Theory of Indology', 'Rethinking Multiculturalism : Culture, Diversity and Political Theory', 'Gandhi : A very Short Introduction', 'Debating India'વગેરે જેવાં પ્રથિતયશ પુસ્તકોના સર્જક 'પદ્મવિભૂષણ' ભીખુ પારેખે (૧૯૩૫) નોંધેલ શબ્દો : 'ગુજરાતીમાં બીજો કોઈ ગ્રંથ આ વિષયને લગતી આટલા વ્યાપક ફલકને સ્પર્શતી અને આટલી ઊંડાણ ધરાવતી ચર્ચા કરતો હોય તેવું મારા ધ્યાનમાં તો નથી આ ભોંય ભાગનારું પુસ્તક આગામી સમયમાં અન્યોને આ પ્રકારનાં બીજાં કામો કરવાની પ્રેરણા પૂરી પાડશે તેવી આશા' ગ્રંથની અનન્યતા સિદ્ધ કરતા બની રહે છે

આવા મૌલિક, વિચારોત્તેજક – thoughtprovoking તેમજ આપણ સૌ ભારતીયોને વાસ્તવિકતાનો અહેસાસ કરાવીને આત્મચિંતન કરવા બાધ્ય કરાવનાર પુસ્તકના સર્જક છે સમાજવૈજ્ઞાનિક પ્રો પ્રવીણ પટેલ કે જેઓશ્રી એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડામાં સમાજશાસ્ત્રના પ્રોફેસર અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરમાં કુલપતિ તરીકે સેવાઓ આપી ચૂક્યા છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### ઓઝોન દિન

● એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન અને સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬/૯/૨૧ ના રોજ આંતરરાષ્ટ્રીય ઓઝોન દિવસ મનાવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં વિજ્ઞાન વિષય પદ્ધતિના તાલીમાર્થીઓ દ્વારા ઓઝોન સ્તરના મહત્ત્વ અને તેની સાચવણી માટે સમાજમાં જાગૃતિ કેળવવા માટે વક્તવ્યો, ક્વીઝ અને પાવરપૉઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

### ઔદ્યોગિક મુલાકાત

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) ના પ્રથમ વર્ષના ૩૪૫ વિદ્યાર્થીઓએ મોરબી સ્થિત GLINT ORANGE POLYPLAST LLP ની ઑનલાઇન મુલાકાત તા. ૨૪ ઓગસ્ટના રોજ લીધી હતી. આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ મુલાકાત દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા. ઉપાચાર્ય ડૉ. જયેશ તન્ના દ્વારા મુલાકાતનું સંચાલન તેમજ સંકલન કરવામાં આવ્યું હતું. કંપનીના માલિકશ્રી જયેશભાઈ પટેલ, શ્રી વિવેક પટેલ, તેમજ શ્રી સાવન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપવાની સાથે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી હતી.

### કાર્યશિબિર

● કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં શિક્ષણશાસ્ત્ર વિષયમાં Ph.D. માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ પોતાનો મહાશોધ નિબંધ યોગ્ય રીતે તૈયાર કરી શકે તે હેતુથી ફેકલ્ટી ઑફ એજ્યુકેશન દ્વારા તા. ૧૬ થી ૨૧/૮/૨૧ દરમ્યાન ઓનલાઈન કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ તજજ્ઞો દ્વારા સંશોધન અહેવાલનું સ્વરૂપ, સમસ્યા અને સમસ્યા વિધાન, સમસ્યાની સૈદ્ધાંતિક સમીક્ષા, સંબંધિત સાહિત્યનો અભ્યાસ, સંશોધનના હેતુઓ, ઉત્કલ્પનાઓ, ચલો, સંશોધન યોજના, સંશોધનનું ઉપકરણ, રિસર્ચ ડિઝાઇન, વ્યાપવિશ્વ, નિદર્શ, સંશોધનની વિવિધ પદ્ધત્તિઓ, માહિતીનું વર્ગીકરણ, વિશ્લેષણ અને અર્થઘટન, સંશોધનનો સારાંશ, તારણો વગેરે વિશે સમજ આપવામાં આવી હતી. આ કાર્યશિબિરમાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈને પોતાના મહાશોધ નિબંધ સંદર્ભે ઉદ્ભવેલા પ્રશ્નોની ચર્ચા કરી હતી, જેના ઉત્તરો તજજ્ઞો દ્વારા આપવામાં આવ્યા હતા.

### નવી શિક્ષણનીતિ-૨૦૨૦

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન અને એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશનમાં 'નવી શિક્ષણનીતિ-૨૦૨૦' વિષય પર તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છની કે.એસ.કે.વી. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. અતુલ કનૈયાએ 'નવી શિક્ષણ નીતિ - ૨૦૨૦' માં શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રે આવનાર ફેરફારો અને શિક્ષકોની ભૂમિકામાં થનાર પરિવર્તનોથી શ્રોતાગણને માહિતગાર કર્યા હતા જે ભાવિ શિક્ષકોને તેમની કારકિર્દીમાં ખૂબ ઉપયોગી નીવડશે. આ વેબિનારમાં ૨૮૦ જેટલા તાલીમાર્થીઓ અને બંને કૉલેજોના બધા અધ્યાપકો હાજર રહ્યા હતા.

### પીએચ.ડી.

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ જુલાઈ, ૨૦૨૧થી સપ્ટેમ્બર, ૨૦૨૧ દરમિયાન સ્વીકારીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

**Biotechnology :**

1. Patel, Rajeshriben Kamleshbhai : 'Studies on Laccase Producing Microorganisms and Their Applications' / Subject : Biotechnology, Guide :Dr. Lakshmi B. / Ref. N0. Ph.D. / 457/ 2021. 31/07/2021.

**Management :**

2. Baloch, Seema : 'Key Drivers of Organizational Commitment Among Employees of Information Technology Sector: Empirical Study of Gujarat' / Subject : Management / Guide : Dr. Priyanka B. Pathak / Ref. N0. Ph.D. / 458/ 2021. 31/07/

2021.

3. Dave, Jankiben Ashokbhai : 'A Study on Impact of Macroeconomics Factors on Foreign Exchange Rate In India' / Subject : Management / Guide : Dr. Jayeshkumar J. Tanna / Ref. N0. Ph.D. / 461/ 2021. 27/08/2021.
4. Gajjar, Alpesh Rameshkumar : 'Impact of Digital Technologies on Consumer Behavior in Organized Retail Sector of Gujarat' / Subject : Management / Guide : Dr. Ramakanta Prusty / Ref. N0. Ph.D. / 466/ 2021. 20/09/2021.
5. Indranil Banerji : 'Study of Mall Operations in Ahmedabad and way Forward Towards Profitability' / Subject : Management / Guide : Dr. Chinnam Reddy / Ref. N0. Ph.D. / 465/ 2021. 18/09/2021.
6. Jaya, Sharma B : 'A Study on Global Code of Ethics for Tourism in 4 and 5 Star Hotels of Major Cities of Western India' / Subject : Management / Guide : Dr. Bhavin U. Pandya / Ref. N0. Ph.D. / 462/ 2021. 07/09/2021.
7. Saxena, Divakar : 'A Study on Financing Rural Passenger Car Segment of Gujarat With Special Focus on Customers and Financing Organisations" / Subject : Management / Guide : Dr. Sneha Shivang Shukla / Ref. N0. Ph.D. / 463/ 2021. 15/09/2021.
8. Shah, Jinesh Sureshbhai : 'Impact of Online Purchasing of Electronic Gadgets on Traditional Retailors: An Empirical Study of South Gujarat' / Subject : Management /Guide : Dr. Ramakanta Prusty / Ref. N0. Ph.D. / 459/ 2021. 03/08/2021.
9. Vyas, Yagnesh Jaynath : 'Effectiveness of Hrms on Financial Performance of Service Industry' / Subject : Management / Guide : Dr. S. O. Junare / Ref. N0. Ph.D. / 464/ 2021. 15/09/2021.

**Pharmaceutical Science :**

10. Joshi, Hardik Janak Kumar : 'Design and Development of Nano Based Ophthalmic Drug Delivery System' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Divyang J. Dave / Ref. N0. Ph.D. / 460/ 2021. 07/08/2021.

### વાર્તાકથન

● એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશનમાં તા. ૧૮/૯/૨૧ના રોજ વાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લઈ મૂલ્ય નિષ્પન્ન થતી મૌલિક વાર્તાઓ અસરકારક રીતે રજૂ કરી હતી. આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ. ભાવિક શાહે પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### શિક્ષકદિન

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન અને એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશનમાં તા. ૪/૯/૨૧ ના રોજ શિક્ષક દિનની ઉજવણી અંતર્ગત યોજાયેલ સ્વયં શિક્ષણ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સેવક, કલાર્ક, અધ્યાપક અને આચાર્યની ભૂમિકા ભજવી હતી. સમગ્ર દિવસની શૈક્ષણિક કામગીરી અધ્યાપક બનેલા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે આચાર્ય તેમજ અધ્યાપક બનેલા વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા.

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.) દ્વારા ઑનલાઇન માધ્યમ થી શિક્ષકદિનની ઉજવણી તા. ૫ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવી. આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિએ આજના દિવસનું મહત્ત્વ તેમજ સમાજમાં શિક્ષકની ભૂમિકા વિશે સમજ આપી હતી. આ ઉજવણી નિમિત્તે ૬૮ વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી હતી.

### હિન્દી દિન

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન અને એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪/૯/૨૧ ના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં હિન્દી વિષય પદ્ધતિના તાલીમાર્થીઓ દ્વારા હિન્દી દિવસનું મહત્ત્વ, દોહાગાન, સમૂહગીત તથા સાહિત્યકારોનો પરિચય આપવામાં આવ્યો હતો.

## શાળા વિભાગ

### ઓઝોન દિવસ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળાની વિજ્ઞાન કલબ અને અટલ ટિંકરીંગ લેબના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી. આચાર્ય શ્રી ગીતેષભાઈ પટેલે પ્રાર્થનાસભામાં પૃથ્વીના વિવિધ આવરણો પૈકી સમતાપ આવરણ અને ઓડીએસ વિશે માહિતી આપ્યા બાદ શ્રી અનિલભાઈ પટેલ (ડાયરેક્ટર, નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગર), શ્રી હેમંતભાઈ સુથાર (રિટાયર્ડ ડેપ્યુટી કન્ઝર્વેસ્ટર, ફોરેસ્ટ વિભાગ) તથા શ્રી ભરતભાઈ પ્રજાપતિ (સિનિ. સાયન્ટિસ્ટ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ)એ પ્રસંગને અનુરૂપ વક્તવ્યો આપ્યાં હતાં. શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં આ નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઑનલાઇન/ઑફલાઇનમાં શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થીઓએ પૃથ્વી બચાવવા માટેના પોતાના વિચારોને ચિત્રો સ્વરૂપે રજૂ કર્યા હતા. શ્રી કડી નાગરિક સહકારી બૅન્ક પ્રાથમિક શાળામાં ઑનલાઈન/ઑફલાઈન ઉજવણી અંતર્ગત એક વિદ્યાર્થીએ ઓઝોનદિન વિશે વક્તવ્ય રજૂ કર્યું હતું, તેમજ ઓઝોનને બચાવવા માટે નાટક રજૂ કરવામાં આવ્યું હતું, જેથી ભવિષ્યમાં બાળકો પ્રેરણા લઈને પર્યાવરણને બચાવવા પ્રયત્નશીલ બની રહે.

### કલાત્મક પ્રવૃત્તિ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા ઑગસ્ટ-સપ્ટેમ્બર માસ દરમિયાન રંગીન કાગળમાંથી વિવિધ આકારો-હોડી, વિમાન વગેરે, ઘરમાં પ્રાપ્ત વસ્તુઓને ઉપયોગ કરી ચિત્રો અને જન્મદિન કાર્ડ વગેરે બનાવવાં, પાંદડાંમાથી તોરણ, ગણેશચતુર્થી પર્વ નિમિત્ત ગણેશની મૂર્તિ બનાવવી તેમજ ગણેશનાં ચિત્રો દોરવાં, વેશભૂષા સ્પર્ધા વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઑનલાઇન ચિત્ર સ્પર્ધાના આયોજન અંતર્ગત કોરોના મહામારીથી બચવાના ઉપાય, પર્યાવરણ બચાવો, અને સ્વચ્છતા અભિયાન આધારિત ચિત્રો બનાવવાની સ્પર્ધાનું આયોજન ૨૦ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું.

### કૉરોના

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરમાં અર્બન હેલ્થ સેન્ટર, ગાંધીનગરના સહયોગથી RTPCR TEST માટેના કૅમ્પનું આયોજન તા. ૧૪/૮ થી ૧૪/૯/૨૦૨૧ દરમિયાન કુલ ૧૭ દિવસ કરવામાં આવતાં ૫૮૩ વિદ્યાર્થિનીઓના ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાં બધી જ વિદ્યાર્થિનીઓના ટેસ્ટ રિપોર્ટ નેગેટીવ આવ્યા હતા. આ ઉપરાંત કૉરોના સંક્રમણ ફેલાતું અટકાવવા શું કરી શકાય તે વિશે વિદ્યાર્થિનીઓને માહિતગાર કરવામાં આવી હતી.

### ગણેશચતુર્થી

● કડી નાગરિક સહકારી બૅન્ક પ્રાથમિક શાળા (કડી), શ્રી જે. બી. પ્રાથમિક શાળા, શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા અને શ્રી વી. એમ. પટેલ કુમાર બાલમંદિરમાં ગણેશચતુર્થીની ઓનલાઈન ઉજવણી કરવામાં આવી. આ અન્વયે વિવિધ પદાર્થોમાંથી ગણેશની કલાત્મક મૂર્તિઓ કેવી રીતે બનાવવી તે શીખવવામાં આવતાં બાળકોએ માતા-પિતાના સહકારથી સુંદર મૂર્તિઓ બનાવી હતી. તેમજ ગણેશની સ્તુતિ પણ કરી હતી.

### ગાંધીજયંતી

● મહાત્મા ગાંધીની ૧૫૨મી જન્મજયંતી પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ, સંસ્થાના મંત્રીશ્રીઓ, વિવિધ શાળા/કૉલેજોના પ્રિન્સિપાલશ્રીઓ અને N.S.S. યુનિટોના સ્વયં સેવકો દ્વારા સર્વ વિદ્યાલય કૅમ્પસ કડીમાં પૂજ્ય બાપુના ફોટોગ્રાફને પુષ્પાંજલિ અર્પણ કરીને વંદના કરવામાં આવી. આ ઉપરાંત સ્વયંસેવકો દ્વારા કેમ્પસમાં સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું, તેમજ ગાંધીજીનાં વિચારો, સ્વચ્છતા, અહિંસા અને સત્ય જેવા આદર્શોને જીવનમાં આચરણ કરવાના સંકલ્પ સાથે પ્રાર્થના કરવામાં આવી.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં ગાંધીજયંતીની ઓનલાઈન/ઑફલાઈન ઉજવણી અંતર્ગત ભજન/ગીત, વક્તવ્ય અને ચિત્ર પ્રવૃત્તિનું આયોજન

કરવામાં આવ્યું હતું, જ્યારે એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ગાંધીજયંતી નિમિત્તે વિદ્યાર્થીઓએ સ્વચ્છતાનાં ચિત્રો બનાવ્યાં અને તેને લગતા સૂત્રો લખ્યાં. વધુમાં ધોરણ : ૭-૮ નાં વિદ્યાર્થીઓએ ગાંધીજી પર નિબંધ લખ્યો અને વકર્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં પણ આ ઉજવણી અંતર્ગત વિદ્યાર્થિનીઓ માટે આઝાદીના ક્રાંતિકારી યુગ પુરુષ મહાત્મા ગાંધીજી તથા સ્વચ્છતા જાળવણી વિશે ઑનલાઇન/ઑફલાઇન વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. શ્રીમતી એચ. વી. પટેલ કન્યા અને શ્રી વી. એમ. પટેલ કુમાર બાલમંદિરમાં પણ ઑનલાઇનથી ગાંધીજયંતી ઉજવવામાં આવી હતી.

### જન્માષ્ટમી

● શ્રીમતી એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, અને શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઑનલાઇન જન્માષ્ટમી પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સંબંધિત શાળાઓના શિક્ષકોએ વિદ્યાર્થીઓને જન્માષ્ટમીનું મહત્ત્વ સમજાવ્યું હતું. વધુમાં આ નિમિત્તે મટકી, વાંસળી અને દીવડા સુશોભન, રંગોળી વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમતી એચ. વી. પટેલ કન્યા અને શ્રી વી. એમ. પટેલ કુમાર બાલમંદિર દ્વારા આયોજિત જન્માષ્ટમી ઉજવણીમાં મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલે ઓનલાઈનથી જોડાઈને ભૂલકાંઓને આશીર્વચનો પાઠવ્યાં હતાં.

### રક્ષાબંધનપર્વ

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, અને શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વ નિમિત્તે રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ જુદી જુદી વસ્તુઓનો ઉપયોગ કરીને સુંદર રાખડીઓ બનાવી હતી.

### રમતગમત

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થી ઠાકર કશ્યપ નરેશકુમારે (ધોરણ-૭/સી) નેશનલ અર્બન ગેમની ૨૦૦ મીટર દોડમાં ભાગ લઈ ગોલ્ડ મેડલ મેળવ્યો. અભિનંદન. શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળાની વિદ્યાર્થિની બારડ ધ્રુવીષા (ધોરણ-૧૨/એ)એ પાલનપુર મુકામે યોજાયેલ રાજ્ય કક્ષાની ફૂટબૉલ સ્પર્ધામાં અને ગાંધીનગરમાં રાજ્ય કક્ષાની શૂટબૉલ સ્પર્ધામાં ધોરણ-૧૧ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો.

### વિદાય-સન્માન સમારોહ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાંથી વયનિવૃત્ત થતાં સુપરવાઈઝર શ્રી ભગવતીબેન એસ. પટેલનો નિવૃત્તિ સન્માન સમારંભ તા. ૧ સપ્ટેમ્બરના રોજ સોરઠ કાઠિયાવાડી ઝાયકો હોટલમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આચાર્યાશ્રી નીરૂબહેન પટેલ, શાળાનાં નિવૃત્ત આચાર્યાશ્રી શોભનાબહેન પુરોહિત, સુપરવાઈઝરશ્રી તથા નિવૃત્ત અને વર્તમાન શિક્ષકગણ, ભગિની સંસ્થાઓના આચાર્યશ્રીઓ શ્રી નીવાબેન પટેલ તથા શ્રી દશરથભાઈ પટેલ અને પ્રિ. પ્રાયમરી સ્કૂલનાં ડાયરેક્ટર શ્રી કિરણબહેન ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આચાર્યાશ્રી નિરૂબહેન પટેલ અને ઉપસ્થિત સૌએ પ્રાસંગિક ઉદ્બોધનોમાં શ્રી ભગવતીબેન પટેલે સતત ૩૧ વર્ષ સુધી ખૂબ જ નિષ્ઠા, પ્રામાણિકતા તથા ઉત્સાહથી કામગીરી કરીને કર્તવ્યપાલન કર્યું તેની નોંધ લઈને નિવૃત્તિકાળ સુખદ બની રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી. શ્રી ભગવતીબહેને પ્રતિભાવ પાઠવતાં પોતાના વિકાસમાં સંસ્થાનો ઋણ સ્વીકાર કરીને શાળા-પરિવારનો આભાર માન્યો હતો. શ્રી ભગવતીબહેને ઉપસ્થિત સૌ આમંત્રિતોને પ્રીતિ ભોજન સાથે સ્મૃતિભેટ આપી હતી.

### વૃક્ષારોપણ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલના પરિવાર દ્વારા તા. ૨૧/૮/૨૦૨૧ ના રોજ શાળાના મેદાનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

### શિક્ષકદિન

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, શ્રીમતી એસ. વી. પ્રાયમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડી નાગરિક સહકારી બૅન્ક પ્રાથમિક શાળા (કડી) અને શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં સ્વયં શિક્ષકદિનની ઉજવણી ઓનલાઈન / ઑફલાઇન

દ્વારા તા. ૪/૬ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવી હતી. આ અન્વયે સંબંધિત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અધ્યાપનકાર્ય સંપન્ન કરાવવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ ઉપરાંત શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ દ્વારા વર્ક્તૃત્વ સ્પર્ધાનું અને શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા દ્વારા વર્ક્તૃત્વ તેમજ નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**શૌર્ય ગીત સ્પર્ધા**

● ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજંયતી પ્રસંગે આયોજિત લોકગીત અને શૌર્યગીત સ્પર્ધામાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળાની વિદ્યાર્થિની કુ. હની ભરતભાઈ નાયકે (ધોરણ-૧૨) લોકગીત સ્પર્ધામાં શાળા કક્ષા અને કયુ. ડી. સી. કક્ષાએ પ્રથમ અને એસ.વી.એસ. કક્ષાએ તૃતીય નંબર મેળવ્યો. અભિનંદન.

**સ્વચ્છતા અભિયાન**

● સપ્ટેમ્બર માસ દરમિયાન શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળાના એન.એસ.એસ. યુનિટ દ્વારા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી, જેમાં સ્વચ્છતા જાગૃતિ અંગે રેલી, શાળા પરિસરની સફાઈ, સ્વચ્છતા આધારિત નિબંધ સ્પર્ધા, ચિત્ર હરીફાઈ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર પખવાડિયા દરમ્યાન આચાર્ય શ્રી ગીતેષભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કૉ-ઓર્ડિનેટર શ્રી મહેન્દ્રભાઈ પટેલે સ્ટાફના સહયોગમાં સુચારુ આયોજન કર્યું હતું.

**હિન્દી દિવસ**

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, શ્રીમતી એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ અને શ્રીમતી એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ દ્વારા હિન્દી દિવસની ઉજવણી અંતર્ગત સંબંધિત શાળામાં હિન્દી ભાષાનું મહત્ત્વ સમજાવવા ઉપરાંત હિંન્દીમાં વક્તવ્યો અને ગીતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

**કેન્દ્રિય સાહિત્ય અકાદેમી, નવી દિલ્હીનો**
**'ગુજરાતી અનુવાદ પુરસ્કાર – ૨૦૨૦' કાશ્યપી મહાને....**

કેન્દ્રિય સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા ગુજરાતી ભાષા માટે **'અનુવાદ પુરસ્કાર – ૨૦૨૦'** સુશ્રી કાશ્યપી મહાને હિન્દીમાં ૨૦૧૫માં સ્વ. મૃદુલા સિન્હા દ્વારા લખાયેલી લંકાપતિ રાવણની પત્ની સતી મંદોદરીની આત્મકથાનક નવલકથા **'પરિતપ્ત લંકેશ્વરી'**ના ૨૦૧૬માં પ્રકાશિત થયેલા ગુજરાતી અનુવાદ માટે પસંદગી કરવામાં આવી. આ પુરસ્કાર અન્વયે તેમને રૂ. ૫૦,૦૦૦ અને પ્રશસ્તિપત્ર અર્પણ કરવામાં આવશે. પ્રસ્તુત ગુજરાતી અનુવાદ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે. કાશ્યપી મહાને આ પૂર્વે ૨૦૧૬-૧૭માં ગુજરાતી સાહિત્ય પરિષદનો અનુવાદ પુરસ્કાર પૉલ બ્રન્ટન કૃત અંગ્રેજીમાં લખાયેલા પુસ્તકના ગુજરાતી અનુવાદ, **'હિમાલય અને એક તપસ્વી'** માટે પ્રાપ્ત થયો હતો. મરાઠી, હિન્દી અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અત્યાર સુધીમાં ૬૫ ઉપરાંત પુસ્તકોના અનુવાદ આપનારાં કાશ્યપી પત્રકારત્વમાં એમ.એ. અને એમ.ફિલ.ની પદવી ધરાવે છે.

સંપર્ક : kashyapimaha@gmail.com

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૧, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૨૧, સળંગ અંક : ૬૫**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૨મી જન્મજયંતી પ્રસંગે તેમને શ્રદ્ધાસમુમન અર્પણ કરવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા આયોજિત સમારોહમાં મંડળના ચેરમેનશ્રી વલ્લભાઈ પટેલ, મંત્રીશ્રીઓ સર્વશ્રી ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, શ્રી ખોડભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ પટેલ, શ્રી મહેશભાઈ પટેલ અને શ્રી સંજયભાઈ પટેલ શ્રદ્ધાસુમન અર્પણ કરી રહ્યા છે તે પ્રસંગનાં દ્રશ્યો


















શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરનાં સુપરવાઈઝર
શ્રી ભગવતીબહેન એસ. પટેલ વયનિવૃત્ત થતાં તેમના વિદાય-સન્માન સમારોહ પ્રસંગે
ઉપસ્થિત શાળા પરિવાર અને આમંત્રિત મહેમાનશ્રીઓનો સમૂહ ફોટોગ્રાફ

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 11, Issue No. 5 September-October
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6




રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૨મી જન્મજયંતી પ્રસંગે તેમને શ્રદ્ધાસમુમન અર્પણ કરવા માટે
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા આયોજિત સમારોહમાં
મંડળના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ શ્રદ્ધાસુમન અર્પણ કરી રહ્યા છે તે પ્રસંગનું દ્રશ્ય

